
# Veer Narmad South Gujarat University, Surat

Re-accredited by NAAC with 'B++' grade

सत्यम् ज्ञानम् अनन्तम्



# ઈ–દક્ષિણાયન

## Dakshinayan e-Newsletter

For Private Circulation Only

Vol. 14, Issue. 242, January 2023


મુકત ભારતના નાગરિક તરીકે મારો દેશ મહાન બને તે ઝંખું છું. મારા દેશબાંધવોને ઉત્તમ જ્ઞાન અને સંસ્કૃતિ પ્રાપ્ત થાય તે હું માંગું છું. મારી પાસે આવતા બાળકોને મનુષ્ય બનાવનારું, રાષ્ટ્રઘડતર કરનારું અને ચારિત્ર્યઘડતર કરનારું શિક્ષણ આપીને મારી રાષ્ટ્રીય જવાબદારી અદા કરવા માટે રાષ્ટ્રીય આહવાનનો મારે પ્રતિસાદ પાડવો જોઈએ.

– સ્વામી વિવેકાનંદ

## દિપે અરુણું પરભાત

**પ્રિય વાચક મિત્રો,**

ભારતીય જીવન, સંસ્કૃતિ અને શિક્ષણ સિંધુ ખીણની સંસ્કૃતિની દેન છે. ભારત દ્વીપ ઉપખંડ સમગ્ર વિશ્વમાં અનેકતામાં એક રંગનું સૂચક છે, સિંધુ ખીણની સંસ્કૃતિના ઊંડાણમાં સામાજિક સમરસતા વિદ્યમાન છે. પરાવિદ્યા અને અપરાવિધ્ધાની સંક્રાંતિમાં જે શિક્ષણ વ્યવસ્થાનો વ્યાપ સૃષ્ટિના દરેક ખૂણે ખૂણે વ્યાપેલો હતો તે સમયે ભારતીય વિચારધારામાં પ્રકટ થઈ દિવ્યમાન જ્ઞાનપુંજને શૂન્યમાં ભેળવી દેવાના પ્રયત્નોનો ઇતિહાસ આપણા સૌની દ્રષ્ટિમાં ગોચર છે. ભારતીય સંસ્કારોથી પલ્લવીત શિક્ષણ વ્યવસ્થાને અંગ્રેજોની ગુલામી દરમ્યાન નેસ્તનાબૂદ કરી દેવામાં આવી અને અંગ્રેજી શિક્ષણની આભામાં આપણી શિક્ષણની સંસ્કૃતિ વ્યાપ્ત હોવાનું પ્રબળ એહસાસ આપણે સૌ અનુભવી રહ્યા છીએ. તેના મૂળમાં પણ આપણી સંસ્કૃતિની ધરોહર ચારેય દિશામાં વ્યાપ્ત ઉન્નતને સમાવવાનો જ ગુણ જ નિહિત છે. તે સંદર્ભે પ્રજાસત્તાક દિવસની ભવ્ય ઉજવણીમાં વિશ્વવિદ્યાલય પરિવારનું સામુહિકરૂપ આપણે સૌએ જોયું.

વિદ્યા સમાન નેત્ર નથી અને સત્ય સમાન તપ નથી. મહાભારતના સભાપર્વમાં નોધાયેલ છે – **'शीलवृत्तफलं श्रुतम'** અર્થાત જ્ઞાનનું લક્ષ્ય ચરિત્રનિર્માણ અને પુણ્યકર્મ સંપાદિત કરવાનું છે. વિદ્યા માટે એમ પણ કહેવાયું છે કે, **'विद्या योगेन रक्ष्यते'** યોગવૃત્તિથી વિદ્યાનું રક્ષણ થાય છે.

શિક્ષણ જ્ઞાન અને વિદ્યાના આટલા બધા ભારતીય સંદર્ભો વાસ્તવમાં જીવનબોધ કરાવનારા છે, સાચી દિશા ચિંધનારા છે. સાચું જ્ઞાન મનુષ્યને વ્યષ્ટિ, સમષ્ટિ અને પરમેષ્ટિ સાથે જોડે છે. એ મનુષ્યના ચિંતનની ક્ષિતિજો અસીમ બનાવે છે, નરને નારાયણ બનાવી શકે છે. ભારતીય માટીની મહેકમાં પાંગરેલું જ્ઞાન ક્યારેય મનુષ્યને અસહિષ્ણુ, સંકુચિત કે હિંસક બનાવી શકે નહીં. આત્મવત સર્વભૂતેષુનું જ્ઞાન પામેલો મનુષ્ય આત્મા અને પરમાત્મા વચ્ચે સેતુ બનીને રહે છે. 'અહમ બ્રહ્માસ્મિ' – તત્વમસિના રહસ્યને સમજેલો મનુષ્ય આ જગતમાં એકાત્મભાવ દાખવીને જીવે છે. સર્વે ભવન્તુ સુખી ન સર્વે સંતુ નિરામયાની જે ભારતીય દ્રષ્ટી છે, તેમાં માનવી, પ્રાણી માત્રનું કલ્યાણ ઝંખે છે. બીજી બાજુ જી–૨૦ સંદર્ભે **'वसुधैव कुटुंबकम'** ના મંત્રને કેન્દ્રવર્તી બનાવીને ભારતીય જ્ઞાન પરંપરાનો વૈશ્વિક સંચાર આપણે જોઈ શકીએ છીએ. શિક્ષણમાં પણ આત્મસાત કરનારો વિસાદ ભારતીય પૂર્ણ જગતને પોતાનું કુટુંબ બનાવીને જીવે છે. 'કૃણવંતો વિશ્વ આર્યમ' મહામંત્ર ઉદ્ઘોષિત કરનાર સમસ્ત વિશ્વના મનુષ્યને સંસ્કારી કરવાનું ભગીરથ કાર્ય પણ કરે છે. સ્વદેશો ભુવનત્રયમનો ઉદઘોષ પણ ભારતીયને વિશ્વ માનવી બનાવી દે છે અને એટલા જ માટે ભારતની જ્ઞાનસરિતા સમગ્ર જગતના પટને પલ્લવિત કરવાની ક્ષમતા ધરાવે છે. આ જગત અસ્તિત્વમાં આવ્યું ત્યારથી જ ભારત એક વૈદિક રાષ્ટ્ર છે. એની રાષ્ટ્રીયતાની ભાવનામાં વૈશ્વિકતાની વિભાવના સમાયેલી છે.

રાષ્ટ્રને ભૂલીને, માતૃભૂમિના અસીમ ઋણને વિસરીને ક્યારેય વિશ્વની ક્ષિતિજોનો સ્પર્શ નહીં થાય, રાષ્ટ્ર અને રાષ્ટ્રીયતાના મજબૂત આધાર પર વૈશ્વિકતાની ઇમારત ચણી શકાય. કોઈપણ રાષ્ટ્ર પોતાના જ્ઞાનને ભૂલી જઈને અસ્મિતાને ઠેબે ચડાવીને, મૌલિકતાને ફગાવી દઈને પ્રગતિનો રાહ પ્રશસ્ત કરી શકતું નથી. રાષ્ટ્રના પ્રત્યેક ઘટકમાં આત્મ ગૌરવ જાગે, સ્વાભિમાન પ્રગટે અને રાષ્ટ્રભિમાન જાગૃત થાય તેવું જ્ઞાન વિદ્યાર્થીઓને અપાય એમાં જ ભારતનું અને સંપૂર્ણ જગતનું શ્રેય નિહિત છે. શિક્ષણના ક્ષેત્રે કાર્યરત લોકો એ ન ભૂલે કે દર્શન, સાહસ અને પરિશ્રમની સાધના કર્યા વિના શિક્ષણના ક્ષેત્રે ઇષ્ટ પરિવર્તન લાવી શકાય તેમ નથી.

અંતમાં એટલું જ કે સત્વશીલ શિક્ષણ દ્વારા વ્યક્તિ–વ્યક્તિને સંસ્કારિતા કરી આપણી વિશ્વવ્યાપી સંસ્કૃતિ દ્વારા સમગ્ર વિશ્વનો સાંસ્કૃતિક દિગ્વિજય કરવાનો શુભ સંકલ્પ જ આપણા માટે ઉપકારક બની રહે તે જ અપેક્ષા સહ....

**૧ ફેબ્રુઆરી, ૨૦૨૩**

**(ડૉ. કિશોરસિંહ ચાવડા)**
**કુલપતિશ્રી**

## યુનિવર્સિટી ન્યૂઝ

### પ્રજાસત્તાક પર્વ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે ૭૪મા પ્રજાસત્તાક દિવસ નિમિત્તે તા. ૨૬–૦૧–૨૦૨૨ના રોજ સવારે ૮:૩૦ કલાકે કુલપતિશ્રી કિશોરસિંહ એન. ચાવડાના વરદ્‌હસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ વહીવટી સંકુલ યુનિવર્સિટી કેમ્પસમાં યોજવામાં આવ્યો હતો. આઝાદ ભારતનાં આ રાષ્ટ્રીયપર્વે ધ્વજવંદનમાં યુનિવર્સિટીનાં સિન્ડિકેટ–સેનેટના સભ્યશ્રીઓ, વિવિધ વિદ્યાશાખાના ડીનશ્રીઓ, યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, વહીવટી અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ, વિદ્યાર્થીઓ તથા કેમ્પસનાં સર્વે રહીશો ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમમાં યુનિવર્સિટી સંલગ્ન કૉલેજનાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે તમામ વિદ્યાર્થીઓને સર્ટિફીકેટો આથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

















વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત
દ્વારા આયોજિત
"પ્રજાસત્તાક દિન - ૨૦૨૩"
ની ઉજવણી
તારીખ
સ્થળ
૨૬.૦૧.૨૦૨૩
રંગમંચ, વીર નર્મદ દક્ષિ


"પ્રજાસત્તાક દિન - ૨૦૨૩"




"પ્રજાસત્તાક દિન - ૨૦૨૩"
India's G20 Presidency


વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત
દ્વારા આયોજિત
"પ્રજાસત્તાક દિન - ૨૦૨૩"
ની ઉજવણી
તારીખ
સ્થળ
૨૬.૦૧.૨૦૨૩
રંગમંચ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત


દ્વારા આયોજિત
"પ્રજાસત્તાક દિન - ૨૦૨૩"
ની ઉજવણી




India's G20 Presidency




"પ્રજાસત્તાક દિન - ૨૦૨૩"
ની ઉજવણી
India's G20 Presidency

## ૪૯મા યુવા મહોત્સવનો પ્રારંભ








વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ૪૯ મા યુવા મહોત્સવનો પ્રારંભ તા. ૪/૧/૨૦૨૩ના રોજ યુનિવર્સિટીના પ્રાંગણમાં કરવામાં આવ્યો હતો. યુવા મહોત્સવનું ઉદ્ઘાટન મુખ્ય અતિથિ પદ્મશ્રી યઝદી કરંજિયા અને સુરત જિલ્લાના લિંબાયત વિસ્તારના ધારાસભ્ય શ્રીમતી સંગીતા પાટિલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, યુવક કલ્યાણ વિભાગના નિયામક શ્રી પોલ ડેવિડ પણ ઉપસ્થિત રહ્યા હતા. યુવા મહોત્સવની શરૂઆત દીપ પ્રાગટ્ય અને યુનિવર્સિટી ગીતથી કરવામાં આવી હતી. મુખ્ય અતિથિ અને ઉદ્ઘાટક પદ્મશ્રી યઝદી કરંજિયાએ ભાગ લેનાર વિદ્યાર્થીઓને સંબોધનમાં જણાવ્યું હતું કે, 'જીતી ગયા ભાઈ જીતી ગયા, જેઓએ ભાગ લીધો તે જીતી ગયા, હારી ગયા ભાઈ હારી ગયા જેઓએ ભાગ ના લીધો એ હારી ગયા.' અને વિદ્યાર્થીઓને પોતાનું યોગદાન આપવા પ્રોત્સાહિત કર્યા હતા. આ ઉપરાંત તેઓએ વિદ્યાર્થીઓને એમના જીવનમાં આગળ વધવા માટે એક મહત્વપૂર્ણ વાત કહી હતી કે 'દેશની પ્રગતિ માટે માત્ર બે ચીજ જરૂરી છે એક લીડરશીપ તથા યુનિટી' સુવાકયોથી વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડયું હતું અને તેઓના ઉદ્બોધનથી ઉત્સાહમાં વધારો થયો હતો.

કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ પદ્મશ્રી યઝદી કરંજિયા અને શ્રીમતી સંગીતા પાટીલનું મોમેન્ટો અને શાલથી સન્માન કર્યું હતું. ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં કહ્યું હતું કે, 'આપણી યુનિવર્સિટી આપણું ગૌરવ છે' અને એટલે જ આ યુવા મહોત્સવ પણ સૌથી મોટો છે અને કુલપતિશ્રી દ્વારા યુવા મહોત્સવ ખુલ્લો મૂકવાની જાહેરાત કરવામાં આવી.

કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા મહેમાનોનો, વિદ્યાર્થીઓ સહભાગીઓનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના સેનેટ અને સિન્ડિકેટ સભ્યો, વિવિધ કૉલેજના આચાર્યો, યુનિવર્સિટીના વિવિધ વિભાગના અધ્યક્ષઓ, પ્રોફેસરો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

યુવા મહોત્સવમાં ૧૨૦ જેટલી કૉલેજના ૨૦૦૦ થી વધારે વિદ્યાર્થીઓ ભાગ લીધો છે. આ યુવક મહોત્સવમાં પાદપૂર્તિ, એકાંકી નાટક, નવલિકા લેખન, સમૂહ નૃત્ય, હળવું કંઠ્ય સંગીત, શાસ્ત્રીય નૃત્ય, હસ્તકળા, ચિત્રકળા, શાસ્ત્રીય વાદ્ય સંગીત, શાસ્ત્રીય કંઠ્યસંગીત, એકપાત્રીય અભિનય, ગરબા, માઈમ, સ્કિટ, ફોક ઓરકસ્ટ્રા, ડિબેટ, વકૃતત્વ, મિમિક્રી, મહેંદી, કલે મોડલિંગ, પોસ્ટર મેકિંગ, રંગોળી, કાર્ટુન મેકિંગ ઓન કરંટ ઇશ્યુ અને કાવ્ય પઠન જેવી સ્પર્ધાઓ થશે.

ઉદ્ઘાટન સમારંભ પહેલા કળાયાત્રાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦ જેટલી કોલેજોએ

ભાગ લીધો હતો. આ કળાયાત્રાનો પ્રારંભ યુનિવર્સિટીના પર્વમંચ થી શરૂ થઈને કન્વેનશન હોલ સુધી કાઢવામાં આવી હતી. આ યાત્રામાં વિવિધ કૉલેજના વિદ્યાર્થીઓએ ભારતની સંસ્કૃતિ તથા સમાજની સાંપ્રત સમસ્યાઓને ઉજાગર કરતી કૃતિઓ જેવી કે, દક્ષિણ ગુજરાતની જનજાતિ સંસ્કૃતિ, આત્મનિર્ભર ભારત, આપણું ગુજરાત, તાપી બચાવો– પર્યાવરણ બચાવો, બેટી બચાવો, મહિલા સશકિતકરણ, ગ્રીન એન્ડ કલીન ઈન્ડિયા, પાણી બચાવો, બૈરાગી કી બારાત, આયુર્વેદિક ઔષધિ, કોવિડ–૧૯, ડિજિટલ ઈન્ડિયા, ઇન્ડિયન આર્મી, ઇશરો, સેટેલાઈટ, મેન્ટલ હેલ્થ ઇસ્યુ, સાહિત્યકાર ગુજરાત, એન.સી.સી., જેવી રસપ્રદ થીમ પર પ્રદર્શન કર્યુ હતું.

## ૪૯ મા યુવા મહોત્સવની વિવિધ કૃતિઓના પરિણામો

| | |
|---|---|
| **શીઘ્ર ચિત્ર સ્પર્ધા (On the Spot Painting)** | |
| પ્રથમ | શ્રી વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, ધરમપુર |
| દ્વિતિય | ડીપાર્ટમેન્ટ ઓફ મેથેમેટિક, વી.ન.દ.ગુ. યુનિવર્સિટી, સુરત |
| તૃતિય | ગવર્મેન્ટ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, સોનગઢ |
| **સ્કિટ (SKIT)** | |
| પ્રથમ | જે.ઝેડ.શાહ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી |
| દ્વિતિય | પ્રો.વી.બી.શાહ કૉલેજ, અમરોલી, સુરત |
| તૃતિય | ડીપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજી |
| **શાસ્ત્રીય વાદ્ય સંગીત (તાલ વાદ્ય)** | |
| પ્રથમ | એ.વી. પટેલ કોમર્સ કૉલેજ બીલીમોરા |
| દ્વિતિય | એસ.ડી.જૈન ઇન્ટરનેશનલ કૉલેજ, વેસુ, સુરત |
| તૃતિય | એસ.એસ.અગ્રવાલ હોમિયોપેથિક મેડિકલ કૉલેજ, નવસારી |
| **શાસ્ત્રીય વાદ્ય સંગીત (સ્વર વાદ્ય)** | |
| પ્રથમ | કે.પી.કોમર્સ કૉલેજ, સુરત |
| દ્વિતિય | પ્રો.વી.બી.શાહ કૉલેજ, અમરોલી, સુરત |
| તૃતિય | વી.એસ.પટેલ કૉલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બિલીમોરા |
| **કાવ્ય પઠન (Poetry Recitation)** | |
| પ્રથમ | પી.ટી.સાર્વજનિક કૉલેજ ઓફ સાયન્સ,સુરત |
| દ્વિતિય | શ્રી મહાવીર વિદ્યામંદીર ટ્રસ્ટ બી.એડ. કૉલેજ પાંડેસરા, સુરત |
| તૃતિય | ઝેડ.એફ.વાડિયા વુમન્સ એન્ડ એન.કે.ઝોટા કૉલેજ ઓફ કોમર્સ, સુરત |
| **હસ્તકળા (Handicraft)** | |
| પ્રથમ | વિવેકાનંદ કૉલેજ ફોર બી.એડ્., સુરત |
| દ્વિતિય | એમ.ટી.બી.આર્ટ્સ કૉલેજ, સુરત |
| તૃતિય | શ્રીમદ રાજચંદ્ર વિદ્યાપીઠ ,ધરમપુર |
| | નવનિર્માણ કોમર્સ કૉલેજ, સુરત |
| **હડવું કંઠ્ય સંગીત (Light Vocal Music)** | |
| પ્રથમ | એસ.ડી.જૈન ઇન્ટરનેશનલ કૉલેજ, વેસુ, સુરત |
| દ્વિતિય | ડી.આર.બી. કૉલેજ, ભરથાણા, સુરત |
| તૃતિય | કે.પી.કોમર્સ કૉલેજ, સુરત |
| **શાસ્ત્રીય નૃત્ય (Classical Dance)** | |
| પ્રથમ | એસ.ડી.જૈન ઇન્ટરનેશનલ કૉલેજ, વેસુ, સુરત |
| દ્વિતિય | એમ.ટી.બી.આર્ટ્સ કૉલેજ, સુરત |
| તૃતિય | સાસ્કમા ઈંગ્લિશ મીડિયમ કૉલેજ, સુરત |
| **મહેંદી (Mehndi)** | |
| પ્રથમ | એસ.ડી.જૈન ઇન્ટરનેશનલ કૉલેજ, વેસુ, સુરત |
| દ્વિતિય | વી.એસ. પટેલ કૉલેજ, બીલીમોરા. |
| તૃતિય | ડીપાર્ટમેન્ટ ઓફ ફાઈન આર્ટ્સ, વી.ન.દ.ગુ. યુ., સુરત |

| | |
|---|---|
| **શાસ્ત્રીય કંઠ્ય સંગીત (Classical Vocal Music)** | |
| પ્રથમ | સી.એન.કોઠારી હોમિયોપેથિક મેડિકલ કૉલેજ, વ્યારા |
| દ્વિતિય | શ્રી પી.કે. સાર્વજનિક કૉલેજ ઓફ પર્ફોમઇન્ગ આર્ટસ, સુરત |
| તૃતિય | એ.ઇ.પી.એસ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ, અંકલેશ્વર |
| **માઈમ (Mime)** | |
| પ્રથમ | નારણલાલા કૉલેજ, નવસારી |
| દ્વિતિય | ડીપાર્ટમેન્ટ ઓફ કોમર્સ, વી.એન.એસ.જી.યુ.,સુરત |
| તૃતિય | એસ.ડી.જૈન ઇન્ટરનેશનલ કૉલેજ, વેસુ, સુરત |
| **પોસ્ટર મેકિંગ (Poster Making)** | |
| પ્રથમ | સરસ્વતી મહાવિદ્યાલય, સુરત |
| દ્વિતિય | ડીપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજી, વી.ન.દ.ગુ. યુ., સુરત |
| તૃતિય | ગવર્મેન્ટ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, સોનગઢ |
| **ક્લે મોડલિંગ (Clay Modeling)** | |
| પ્રથમ | ડીપાર્ટમેન્ટ ઓફ કોમર્સ, વી.એન.એસ.જી.યુ.,સુરત |
| દ્વિતિય | બી.પી.બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારી |
| તૃતિય | એમ.ટી.બી.આર્ટ્સ કૉલેજ, સુરત |
| **સમૂહ નૃત્ય (Group Dance)** | |
| પ્રથમ | એસ.ડી.જૈન ઇન્ટરનેશનલ કૉલેજ, વેસુ, સુરત |
| દ્વિતિય | ગર્વમેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, વાંસદા |
| | પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ આર.વી. પટેલ કોમર્સ કૉલેજ, અમરોલી, સુરત |
| તૃતિય | શ્રી વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ધરમપુર |
| | વિવેકાનંદ કૉલેજ ફોર બી.બી.એ, સુરત |
| **વકૃતત્વ (Elocution)** | |
| પ્રથમ | અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લિશ મીડિયમ, કૉલેજ, સુરત |
| દ્વિતિય | ડીપાર્ટમેન્ટ ઓફ ગુજરાતી, વી.એન.એસ.જી.યુ., સુરત |
| તૃતિય | એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા |
| **લોકગીત (Flok Song)** | |
| પ્રથમ | પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ આર.વી. પટેલ કોમર્સ કૉલેજ, અમરોલી, સુરત |
| દ્વિતિય | વી.એસ. પટેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, બીલીમોરા |
| તૃતિય | વી.એસ. પટેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, બીલીમોરા |
| **એકપાત્રીય અભિનય (Mono Acting)** | |
| પ્રથમ | શ્રી પી. કે. સાર્વજનિક કૉલેજ ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સ, સુરત |
| દ્વિતિય | ઉધના સિટિજન કોમર્સ કૉલેજ, સુરત |
| તૃતિય | એસ.પી.બી.ઈંગ્લીશ મીડિયમ કૉલેજ ઓફ કોમર્સ, સુરત |
| **સમૂહ ગીત (Group Song)** | |
| પ્રથમ | પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ આર.વી. પટેલ કોમર્સ કૉલેજ, અમરોલી, સુરત |
| દ્વિતિય | એસ.પી.બી.ઈંગ્લીશ મીડિયમ કૉલેજ ઓફ કોમર્સ, સુરત |
| તૃતિય | વી.એસ. પટેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, બીલીમોરા |
| **ડિબેટ (Debate)** | |
| પ્રથમ | જે.ઝેડ.શાહ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, સુરત |
| દ્વિતિય | એસ.પી.બી.ઈંગ્લીશ મીડિયમ કૉલેજ ઓફ કોમર્સ, સુરત |
| તૃતિય | એસ.ડી.જૈન ઇન્ટરનેશનલ કૉલેજ, વેસુ, સુરત |
| **રંગોળી (Rangoli)** | |
| પ્રથમ | ગર્વમેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, આહવા–ડાંગ |
| દ્વિતિય | પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ આર.વી. પટેલ કોમર્સ કૉલેજ, અમરોલી, સુરત |
| તૃતિય | નર્મદા કૉલેજ ઓફ મેનેજમેન્ટ,ઝાડેશ્વર, ભરૂચ |
| | ગર્વમેન્ટ સાયન્સ કૉલેજ, સોનગઢ |
| **પાદપૂર્તિ (Competition of Poetry)** | |
| પ્રથમ | કે.બી.એસ. કોમર્સ એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સ, વાપી |
| દ્વિતિય | એસ.ડી.જૈન ઇન્ટરનેશનલ કૉલેજ, વેસુ, સુરત |
| તૃતિય | ડીપાર્ટમેન્ટ ઓફ સોસિયોલોજી, વી.ન.દ.ગુ. યુ., સુરત |

| નવલિકા લેખન (Short Story) | |
|---|---|
| પ્રથમ | વિવેકાનંદ કૉલેજ ફોર બી.એડ્., સુરત |
| દ્વિતિય | પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ આર.વી. પટેલ કોમર્સ કૉલેજ, અમરોલી, સુરત |
| તૃતિય | જે.પી.શ્રોફ આર્ટ્સ કૉલેજ, વલસાડ |
| **મિમિક્રી (Mimicry)** | |
| પ્રથમ | એમ.ટી.બી.આર્ટ્સ કૉલેજ, સુરત |
| દ્વિતિય | કે.બી.સોમેરિયા કોમર્સ અને નટરાજ પ્રોફેશનલ સાયન્સ કૉલેજ, વાપી |
| તૃતિય | એસ.ડી.જૈન ઇન્ટરનેશનલ કૉલેજ, વેસુ, સુરત |





















## વિજયશ્રી સમારોહ











વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ૪૯મા યુવા મહોત્સવના 'વિજયશ્રી સમારોહ' ઈનામ વિતરણ કાર્યક્રમ યુનિવર્સિટીના કન્વેન્સન હોલ ખાતે યોજાયેલ હતો. આ પ્રસંગે ગુજરાત સરકારના સંસદિય બાબતો, પ્રાથમિક માધ્યમિક પ્રોઢ શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણનાં નવનિયુક્ત માન. મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરિયા અને ચોર્યાસી તાલુકાના ધારાસભ્ય શ્રી સંદીપ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. તેમનું સ્વાગત કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા મોમેન્ટો અને શાલથી સન્માન કરવામાં આવ્યું હતું.

શ્રી પ્રફુલભાઈ પાનસેરિયાએ તેઓના પ્રાસંગિક ઉદ્દબોધનમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપતા કહ્યું હતું કે, મોબાઈલ અને ઈન્ટરનેટની દુનિયામાંથી બહાર આવી કળા અને સાહિત્ય પ્રત્યે આપ જાગૃત થયા છો એ સૌ વિદ્યાર્થીઓને મારા ખૂબ અભિનંદન તથા વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે સાથે સંસ્કાર અને કળાનું મહત્ત્વ સમજાવ્યું હતું. ઈનામ વિતરણ કાર્યક્રમમાં વિજયશ્રી પારિતોષિક કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, શ્રી પ્રફુલભાઈ પાનસેરિયા અને શ્રી સંદિપ દેસાઈના હસ્તે વિજય પારિતોષિક વિતરણ કરવામાં આવ્યું હતું.

કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ ભાગ લીધેલ કલાકાર વિદ્યાર્થીગણ, જુદી જુદી કળાના નિષ્ણાંતો તથા તેમના માતા–પિતા ઓને પણ અભિવાદન અને અભિનંદન પાઠવ્યા હતા. કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી દ્વારા ઉપસ્થિત સેનેટ, સિન્ડિકેટ મેમ્બરો, વિવિધ વિભાગોના વડાશ્રીઓ, કૉલેજના આચાર્યશ્રીઓ તથા વિદ્યાર્થીઓનો આભાર વ્યકત કર્યો હતો. સંકલન અને વ્યવસ્થા શ્રી ચિરાગ સોલંકી તથા સ્ટેજનું સંચાલન શ્રી ધ્વનિ ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું. યુવક કલ્યાણ વિભાગના નિયામકશ્રી પોલ ડેવિડએ કાર્યક્રમના અંતે આભારવિધિ કરી હતી.





## પસંદગી




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના બાયોટેકનોલોજી વિભાગની E-CBC તરીકેની પસંદગી ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન (GSBTM) દ્વારા યુવા ઉદ્યોગ–સાહસિકો માટે, ઔદ્યોગીકરણ કેપેસિટી બિલ્ડિંગ સેલ (E-CBC)ની શરૂઆત કરવા, વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવી હતી. E-CBC સેન્ટરનો હેતુ જે તે વિસ્તારના યુવા ઉદ્યોગ–સાહસિકોને નવા વિચાર સાથેના સ્ટાર્ટ–અપ માટે પ્રોત્સાહન, માર્ગદર્શન અને એ માટે જરૂરી નાણાંકીય સહાય પૂરી પાડવાનો છે. આ અંતર્ગત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બાયોટેકનોલોજી વિભાગની પસંદગી E-CBC તરીકે થઈ એ યુનિવર્સિટી માટે ગૌરવપૂર્ણ વાત છે, જે પૈકી E-CBC સેલના કો–ઓર્ડિનેટર, બાયોટેકનોલોજી વિભાગના એસોસિએટ પ્રોફેસર ડૉ. ગૌરવ શાહ કે જે સાઉથ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીસ (SGCCI)ના લાઈફ મેમ્બર પણ છે અને ડેપ્યુટી કો–ઓર્ડિનેટર તરીકે વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. અંબિકા આર્કાટકર જવાબદારી નિભાવશે. યુવા ઉદ્યોગ–સાહસિકોને નાણાંબળ પુરું પાડવા માટે, ગુજરાત સરકાર, GSBTM અંતર્ગત વાર્ષિક ૧૦ લાખમાંથી ૧ લાખ સંચાલન હેતુ અને ૯ લાખ નવીન વિષય ધરાવતા અને વિચારક યુવા ઉદ્યોગ સાહસિકને ફાળવશે. આવા ઉમળકાભેર પ્રસંગે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અનેકુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ અભિનંદન પાઠવીને ઉત્સાહમાં વધારો કર્યો.

## UG-CBC તાલીમ




રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના બાયોટેકનોલોજી વિભાગ, જે હંમેશા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ઉત્સાહભેર કામ કરતું રહ્યું છે, એમાં એક વધુ પ્રવૃત્તિ જોડાવા જઈ રહી છે. GSBTM (મિનિસ્ટ્રી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગવર્મેન્ટ ઓફ ગુજરાત)ના સહયોગથી બાયોટેકનોલોજી વિભાગને UG-CBC (અંડરગ્રેજ્યુએટ કેપેસિટી બિલ્ડિંગ સેલ) અંતર્ગત તાલીમ આપતી સંસ્થા તરીકે પસંદગી ઉતારવામાં આવી છે. વિવિધ શાખાઓ જેવી કે, માઈક્રોબાયોલોજી, બાયોટેકનોલોજી, બાયોકેમિસ્ટ્રી, ફિઝિક્સ, મેથેમેટિક્સ અને કેમિસ્ટ્રી જેવા સ્નાતક કક્ષામાં ભણતા વિદ્યાર્થીઓને ઉચ્ચઅભ્યાસ માટે આવતી રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાત્મક પ્રવેશ પરીક્ષા માટેની તૈયારી કરાવવામાં આવશે. આ તાલીમ વર્ષમાં એક વાર સતત ૧૨ દિવસ અને ૧૨૦ કલાકના સમયગાળા દરમયાન યોજાશે, જેમાં વિવિધ ક્ષેત્રોના તજજ્ઞો દ્વારા પ્રવેશ પરીક્ષા અંગેની શૈક્ષણિક પ્રવૃત્તિ તથા અગત્યના મુદ્દાઓ અંગે ચર્ચા થશે. તાલીમ દરમયાન થતો સંપૂર્ણ ખર્ચ GSBTM દ્વારા આપવામાં આવશે, જે ખરાઅર્થમાં વિદ્યાર્થીઓને સહાયરૂપ નીવડશે. આ તાલીમની જવાબદારી હેતુસર કો–ઓર્ડિનેટર તરીકે બાયોટેકનોલોજી વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. રેખા ગઢવી અને ડેપ્યુટી કો–ઓર્ડિનેટર તરીકે ડૉ. માનસી મહેતાની નિમણૂક થયેલ છે. વિભાગની આ સિદ્ધિ માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી રમેશદાન ગઢવીએ તાલીમ અર્થે જવલંત સફળતા માટે શુભાશિષ પાઠવ્યા હતા.

## Innovation & Enterpreneurship Outreach Program



તા. ૨ જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ એલ.ડી. ઉચ્ચત્તર માધ્યમિક શાળા સચિન ખાતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી કિશોરસિંહ એન. ચાવડા તેમજ કુલસચિવશ્રી રમેશદાન સી. ગઢવીની અધ્યક્ષતામાં Innovation & Enterpreneurship Outreach Program for school કાર્યક્રમનું આયોજન યુનિવર્સિટીમાં કાર્યરત ઇન્સ્ટીટ્યુશન ઇનોવેશન કાઉન્સિલ, આઈડિયા એન્ડ ઇનોવેશન સેલ અને SSIP દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ શાળામાં ભણતા

વિદ્યાર્થીઓમાં સ્ટાર્ટઅપ વિષે જાગૃતિ લાવવાનો અને આવનારી પેઢીને સ્ટાર્ટઅપ અને ઈનોવેશન વિશે પ્રોત્સાહિત કરવાનો હતો. શ્રીમતી તૃષ્ણા યાજ્ઞિકે વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ એટલે શું, તેમજ સરકાર તરફથી તેમને શું સહાય મળી શકે, આઈડિયાને કઈ રીતે આગળ વધારી શકાય વગેરે જેવા વિષયો પર ચર્ચા કરી હતી. સ્ટાર્ટઅપનું રોજિંદા જીવનમાં શું મહત્વ છે અને તેનાથી આપણા જીવનમાં શું ફેરફાર થઈ શકે તે વિશે વિસ્તૃતમાં જાણકારી આપી હતી. સ્ટાર્ટઅપ અને પેટન્ટને લગતા વિવિધ ઉદાહરણો જેવા કે મહુડામાંથી બનેલી ચોકલેટ જેનો ઉપયોગ હોસ્પિટલમાં પેઈનકિલર દવા તરીકે કરી શકાય, સ્વિગી, ઓલા–ઉબેર, ગાયના છાણમાંથી બનેલી એક ચિપ જેને તમારા મોબાઈલ ફોન સાથે લગાવવાથી તેમાંથી નીકળતા રેડીએશનને શોષી લે છે અને તમારા શરીરને નુકશાનથી બચાવી શકે છે વગેરે વિશે વાત કરીને સ્ટાર્ટઅપ વિષેની જાણકારી આપી. આ સમગ્ર કાર્યક્રમ દરમ્યાન શાળાના આચાર્યશ્રી, અધ્યાપકોશ્રીઓ અને વિદ્યાથીઓ તરફથી યુનિવર્સિટીની ટીમને ખૂબ જ સારો સાથ અને સહકાર મળ્યો હતો.

## રાષ્ટ્રીય એકતા શિબિર







વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન એન.એસ.એસ. યુનિટ ધરાવતી કોલેજોના ૧૦ સ્વયંસેવકોએ તા. ૨૯/૧૨/૨૦૨૨ થી તા. ૦૪/૦૧/૨૦૨૩ દરમ્યાન અડીચુંચાનાગીરી યુનિવર્સિટી, બી.જી.એસ. નાગરા બેલુર ખાતે આયોજિત National Integration Capm-2023માં ભાગ લીધેલ હતો. આ કેમ્પમાં ૧૦ જેટલા રાજ્યોના ૧૦૦ સ્વયંસેવકોએ ભાગ લીધેલ હતો જેમાંથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના એન.એસ.એસ. સ્વયંસેવકોએ સમૂહ ગાન સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી યુનિવર્સિટી તથા ગુજરાત રાજ્યનું નામ રોશન કર્યુ હતું.

## સેમિનાર



તા. ૬ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે યુનિવર્સિટીના નર્મદ સ્મૃતિ ભવન ખાતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં કાર્યરત ઇન્સ્ટીટયુશન ઈનોવેશન કાઉન્સિલ, આઈડિયા એન્ડ ઈનોવેશન સેલ અને SSIP દ્વારા યુનિવર્સિટીના કુલપતિશ્રી કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી રમેશદાન સી. ગઢવીની અધ્યક્ષતમાં "Transformation through Innovation" વિષય પર એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારનો મુખ્ય હેતુ સહભાગીઓને સ્ટાર્ટઅપ અને ઈનોવેશન દ્વારા આપણા રોજિંદા જીવનમાં શું અસર થઈ છે અને શું શું બદલાવ આવ્યા છે તે વિશે માહિતગાર કરવાનો હતો. આ કાર્યક્રમની શરૂઆતમાં શ્રીમતી તૃષ્ણા યાજ્ઞિકે વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપના વિવિધ ઉદાહરણો દ્વારા સમજાવ્યું કે સ્ટાર્ટઅપ પહેલા અને ત્યારબાદ લોકોના જીવનમાં શું બદલાવ આવ્યા. જેમ સિક્કાની બે બાજુ હોય તેમ દરેક શોધના બે પાસા હોય છે. નકારાત્મક અને સકારાત્મક. સ્ટાર્ટઅપ કરનાર વ્યક્તિઓ શહેરી વિસ્તારની મુશ્કેલીઓ પર રિસર્ચ કરી તેને નિરાકરણો ખૂબજ ઝડપથી વિકસાવે છે. પરંતુ ગ્રામ્ય વિસ્તારમાં જ્યાં સુખ–સુવિધાઓનો અભાવ છે, તેવા વિસ્તારમાં નિરીક્ષણ કરી ત્યાંની મુશ્કેલીઓને સમજીને તેના નિરાકરણ લાવવાના પ્રયત્નો ખૂબ ઓછા લોકો કરે છે. આથી વિદ્યાર્થીઓએ આ દિશામાં વધુ ધ્યાન આપવું જોઈએ.

વધુમાં જણાવ્યું કે, સ્ટાર્ટઅપથી જીવનમાં આવતા બદલાવ ૩ પ્રકારના હોય છે. એક વ્યકિતગત ફેરફાર, બીજું દેશના અર્થતંત્રમાં થતા ફેરફાર અને ત્રીજું સામાજિક ફેરફાર. વ્યકિતગત નાણાંકીય સ્વતંત્રતા દેશમાં સ્ટાર્ટઅપના લીધે રોજગારની તકોમાં વધારો થાય. આમ સ્ટાર્ટઅપ દ્વારા આપણા રોજિંદા જીવન અને દેશમાં અનેક ફેરફાર થાય છે. આ સેમિનાર દ્વારા સહભાગીઓને સ્ટાર્ટઅપ અંગે ઘણું પ્રોત્સાહન મળ્યું. આ સમગ્ર ઈવેન્ટ દરમ્યાન યુનિવર્સિટી સંલગ્ન ડી.આર.બી. કૉલેજ અને બીજી કોલેજોના વિદ્યાર્થીઓ તરફથી યુનિવર્સિટીની ટીમને ખૂબ જ સારો સાથ અને સહકાર મળ્યો હતો.

## એવોર્ડ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કેમેસ્ટ્રી વિભાગના પીએચ.ડી. વિદ્યાર્થીઓએ 41 Annual National Conference of India Council of Chemists માં ભાગ લીધો હતો. આ કોન્ફરન્સ તા. ૨૭ થી ૨૯ ડિસેમ્બર, ૨૦૨૨ દરમ્યાન ડૉ. ભીમરાવ આંબેડકર યુનિવર્સિટી, આગ્રા ખાતે યોજાઈ હતી. જેમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ લવીશ એચ. પટેલે 'Young Scientist Award' અને મેધા એ. પટેલે 'Dr. V. K. Sharma Award for the best Oral Presentation' ના એવોર્ડ પ્રાપ્ત કરી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યું હતું. જે બદલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તથા પીએચ.ડી. માર્ગદર્શક ડૉ. પરેશ પટેલે વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી ઉત્સાહ વધાર્યો હતો.

## નાટક

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ ફાઈન આર્ટસના વિદ્યાર્થીઓએ ૪૯મા યુવા મહોત્સવ નિમિત્તે, તા. ૦૬–૦૧–૨૦૨૩ના રોજ એક્સપેરીમેન્ટલ નાટકની ભજવણી કરી. જેનું શીર્ષક 'રાઈસ ઓફ રેવોલ્યુશન' એવુ હતું. નાટકની વિશેષતા એ હતી કે એ કોઈ સ્ક્રીપ્ટને આધારે નથી બન્યું, વિદ્યાર્થીઓને એમના અભ્યાસક્રમ રૂપે એક તાસ્ક આપવામાં આવ્યો હતો જેમાં એ લોકોએ રેનાઇસ્સાન્સથી લઈ નીઓ ક્લાસિકલ સુધીના સમયના સ્થાપત્યો, ચિત્રો અને શિલ્પોના આધારે એક અભિવ્યક્તિ તૈયાર કરવાની હતી. એક દૃશ્ય કળાના વિદ્યાર્થી તરીકે આ બાળકોએ ઘણાખરા દ્રશ્યોને જાતે કમ્પોસ કરી દરેક પાત્રો એ પોતપોતાના વિચારો જાતે લખી જાતે જ એનું વાચિકમ કર્યું હતું. આ નાટકનો મૂળ આઈડિયા એ એક ફિલસૂફના આધાર પર હતો કે કઈ રીતે સમાજમાં વિચારોનો ઉદભવ થાય અને એની ઉત્ક્રાંતિ થાય. જેમાં કલાકારો હિતાંશું બોરસે, રઘુવીર પ્રતાપ સિંઘ, શિખા વ્યાસ, દુર્ગેશ અગરવાલ, પૂનમ વ્યાસ, ખુશી દેસાઈ, દીપલ ટંડેલ, સ્નેહા નૌલા અને દર્શિલ ઠુમ્મર દ્વારા અભિનય કરવામાં હતો. અને નેહલી કયાડા, દિવ્યાંશી નાહર અને હર્ષ ટેલરએ પ્રકાશની ગોઠવણી કરી હતી. અને સંગીતની સંપૂર્ણ રચના એ રાજ મોદી એ કરી હતી. જેમને આ નાટક માટે એક કવિતા પણ લખી અને એને કમ્પોસ કરી છે. તેમજ કિતાવા વ્યાસ અને કૃપા શાહ એ આ આખા પ્રોડક્શનનું મેનેજમેન્ટ કર્યું હતું. અને આ નાટકને કન્સેપ્ચ્યુઅલાઈઝ અને ડાયરેક્ટ કર્યો હતો દીપક નાથ યોગી અને રઘુવીર પ્રતાપ સિંઘએ અને આસિસ્ટન્ટ પ્રોફેસર રાહુલ કંથારિયાએ માર્ગદર્શન કર્યું હતું.







## Tug-of-War Selection

તા. ૯–૧–૨૦૨૩ના રોજ યુનિવર્સિટી ઈન્ટર કૉલેજ ટગ–ઓફ–વોર સિલેકશન જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ ભરૂચ ખાતે યોજવામાં આવી હતી.







## BIS સર્વેવર્કશોપ

રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અને ભારતીય માનક બ્યૂરો દ્વારા સંયુકત ઉપક્રમે યુનિવર્સિટીના ડી.બી.આઈ.એમ. વિભાગના સેમિનાર હોલ ખાતે તા. ૭/૧/૨૦૨૩નાં રોજ બપોરે ૧:૦૦ કલાકે 'BIS સર્વે વર્કશોપ'નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, શ્રી એસ.કે.સિંધ, સીનીયર ડાયરેકટર, ભારતીય માનક બ્યૂરો, NSS વિભાગના પ્રોગ્રામ કો–ઓર્ડિનેટર શ્રી પ્રકાશચંદ્ર, ડી.બી.આઈ.એમ. વિભાગના વડાશ્રી ડૉ. મનિષ સિધ્ધપુરિયા અને પ્રાધ્યાપકશ્રીઓ તેમજ વિવિધ કોલેજોમાંથી સર્વે માટે રજિસ્ટ્રેશન કરાવેલ વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં. ટ્રેનિંગ લીધેલ સ્વયંસેવકો આજુબાજુના વિસ્તારમાં જઈ વસવાટ કરતા લોકોમાં ISI અને Hallmark વિષે જાગૃતતા ફેલાવશે તેમજ લોકો દ્વારા મેળવેલ અભિપ્રાયને BIS Quality Appમાં અપડેટ કરશે. કાર્યક્રમનું મંચ સંચાલન શ્રી વૈષ્ણવી પટેલ દ્વારા કરવામાં આવેલ હતું.







## વર્કશોપ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તેમજ કુલસચિવશ્રી રમેશદાન સી. ગઢવીની અધ્યક્ષતામાં 'Enterpreneurship Skills, Attitude, and Behavior Development' વિષય પર એક વર્કશોપનું આયોજન યુનિવર્સિટીમાં કાર્યરત ઇન્સ્ટીટયુશન ઇનોવેશન કાઉન્સિલ, આઈડિયા એન્ડ ઇનોવેશન સેલ અને SSIP દ્વારા તા. ૭ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ બપોરે ૨:૩૦ કલાકે યુનિવર્સિટીના નર્મદ સ્મૃતિ ભવન ખાતે કરવામાં આવ્યું હતું.

આ વર્કશોપનો ઉદ્દેશ ઉભરતા ઈનોવેટર્સમાં તેમના ઈનોવેટિવ આઈડિયાને કેવી રીતે રૂપાંતરિત કરવો અને સફળ ઉદ્યોગસાહસિકો તરીકે ઉભરી શકાય તે અંગે માર્ગદર્શન આપીને તેમનામાં ઉદ્યોગસાહસિક ભાવનાને વેગ આપવાનો હતો. સેશન દરમિયાન વકતા શ્રીમતી તૃષ્ણા યાજ્ઞિક દ્વારા વિદ્યાર્થીઓને જણાવવામાં આવ્યું હતું કે ઉદ્યોગસાહસિકતા કયાંથી આવે છે? મગજમાં આવેલ આઈડિયાને પોતાનામાં સમાવવા માટે આપણે પોતાને કેટલા તૈયાર કરવા જાઈએ ? તથા ઉદ્યોગસાહસિકતાના પાયાના લક્ષણો વિશે જણાવવામાં આવ્યું હતું. જેમાં સૌથી પહેલા Problem finding Ability વિશે વિસ્તૃતમાં માહિતી આપી જેમકે તમે કેટલી સરળતાથી નાની નાની વસ્તુના Problem શોધી શકો છો ? ઉદ્યોગસાહસિક એ વ્યકિત છે જે પ્રોબ્લેમ ને ભૂલતો નથી તેના ઉપર Solution શોધે છે. ઉદ્યોગસાહસિક એ વ્યકિત જે વ્યવસાય શરૂ કરે છે અને પૈસા કમાવવા માટે નુકસાનનું જોખમ ઉઠાવવા તૈયાર હોય છે. વધુમાં ઉદ્યોગસાહસિક માટેના વર્તનના લક્ષણ

વિષે માહિતી આપી જેમ કે સમજાવટ, સુગમતા, સર્જનાત્મક, સ્વયં પ્રોત્સાહન, મક્કમતા, જુસ્સો વગેરે. આ વિષયને વધુ સારી રીતે સમજાવવા સફળ સ્ટાર્ટઅપના ઘણા ઉદાહરણો આપ્યા હતા. વ્યવસાય સ્થાપવાની પ્રક્રિયાને ઉદ્યોગસાહસિકતા તરીકે ઓળખવામાં આવે છે, ઉદ્યોગસાહસિકતાને સામાન્ય રીતે ઇનોવેટર તરીકે જોવામાં આવે છે, ઉદ્યોગસાહસિકતાએ નવા વિચારો, માલસામાન, સેવાઓ અને વ્યવસાય/અથવા કાર્યવાહીનો સ્ત્રોત છે.

આ વિષય ઉપર કાર્યક્રમ કરવાનો હેતું વિદ્યાર્થીઓની આઉટ ઓફ બોકસ વિચારસરણી વિકસાવવા, વિદ્યાર્થીઓની સમસ્યા હલ કરવાની કુશળતા વિકસાવવા, ઉદ્યોગસાહસિક કૌશલ્યો વિકસાવવા તથા તેમને સફળ ભાવિ સાહસિકો બનાવવાનો હતો.

આ સમગ્ર ઈવેન્ટ દરમ્યાન યુનિવર્સિટી સંલગ્ન નવયુગ કોમર્સ કૉલેજ અને અન્ય કોલેજોના વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકો તરફથી યુનિવર્સિટીની ટીમને ખૂબજ સારો સાથ અને સહકાર મળ્યો હતો.

## વાલી સંમેલન કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ગ્રામ અભ્યાસ વિભાગ દ્વારા તા. ૭–૧–૨૦૨૩ શનિવારના રોજ વાલી મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતું. જે મિટિંગમાં અધ્યક્ષ સ્થાને યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી હાજર રહ્યા હતા.

કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ જણાવ્યું હતું કે, વાલીઓ તેમના સંતાનો પાછળ સતત ધ્યાન આપે તે જરૂરી ગણાવ્યું સાથે વિદ્યાર્થી વર્ગમાં ખેતી અને તેને આનુસાંગિક મેળવેલ જ્ઞાન થકી તેમના માતા–પિતા માહિતગાર થાય તે જરૂરી ગણાવ્યું. વાલી સંમેલનનું આયોજન દર છ મહિને થાય તેમ જણાવી, વાલી–વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેનો સબંધ સેતુ બની રહે તે માટે આયોજિત કાર્યક્રમની ખુબ જ સરાહના કરી હતી. કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી દ્વારા વિભાગ દ્વારા કરવામાં આવેલ વાલી સંમેલનની પ્રસંશા કરી માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમ અંગે એમ.આર.એસ.ના સિનિયર આસી. પ્રોફેસર અને (એસ.ડી.)ના કો–ઓર્ડિનેટર અને સેનેટ સભ્યશ્રી ડૉ. દિપક ભોયે દ્વારા વિદ્યાર્થીઓના વાલીઓને વિભાગમાં ચાલતા અભ્યાસક્રમ, અભ્યાસોત્તર પ્રવૃત્તિ, વિદ્યાર્થીઓની હાજરી અને પ્રગતિ વિષે માહિતગાર કર્યા હતા.

કાર્યક્રમ અંતર્ગત ભૂતપૂર્વ અને વર્તમાન વિદ્યાર્થીઓના ગ્રામ અભ્યાસ વિભાગ હેઠળ ચાલતા અભ્યાસક્રમ અને શૈક્ષણિક સુવિધાઓ અંગેનો પ્રતિભાવો રજૂ કર્યા હતા. સંમેલનમાં આવેલ વિદ્યાર્થીઓના વાલીઓએ પણ તેમના દિકરા દીકરી અને વિભાગ વિષે હકારાત્મક પ્રતિભાવો રજુ કર્યા હતા.

કાર્યક્રમના અંતે વિભાગના આસી. પ્રોફેસર ડૉ. શ્રીધર નિમાવત દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ભવિષ્યમાં વાલીઓના જરૂરી સાથ સહકાર મળી રહે તેવી લાગણી સાથે સંમેલનમાં ઉપસ્થિત તમામનો આભાર માન્યો હતો.










## Restore Future with Renewable Energy as a Part of Celebrating National Youth

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી કિશોરસિંહ એન. ચાવડા તેમજ કુલસચિવશ્રી રમેશદાન સી.ગઢવીની અધ્યક્ષતામાં "Restore Future with Renewable Energy" as a part of celebrationg National Youth dayનું આયોજન યુનિવર્સિટીમાં કાર્યરત ઇન્સ્ટીટ્યુશન ઇનોવેશન કાઉન્સિલ, આઈડિયા એન્ડ ઈનોવેશન સેલ અને SSIP દ્વારા તા. ૧૨ જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે બાયોટેકનોલોજી વિભાગના સેમિનાર હોલ ખાતે કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રીય યુવા દિવસ નિમિત્તે સ્વામી વિવેકાનંદજીની સ્મૃતિમાં Renewable Energy વિષય પર સેમિનાર કરવામાં આવ્યો હતો. સેમિનારની શરૂઆત વિદ્યાર્થીઓને સ્વામી વિવેકાનંદજીનો મજબુત ભારતના ઘડવૈયા બનવાના સંદેશ સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા પ્રસંગોપાત ઉદ્દબોધન આપવામાં આવ્યું હતું.પૃથ્વી પર પ્રાકૃતિક તત્વો તેમજ ખનીજ તત્વોનું મર્યાદિત જથ્થો રહેલ છે. જો તેનો જવાબદારી પૂર્વક વપરાશ કરવામાં નહી આવે તેમજ તેના સર્વધાન તેમજ જાળવણી માટેના વિવિધ વિકલ્પ શોધવામાં નહીં આવે તો આપણું ભવિષ્ય અંધકારમય બની જશે. આ સાથે જ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરિસર ખાતે મહત્તમ પ્રમાણમાં સોલાર એનર્જી તેમજ રિન્યુએબલ એનર્જી કરવાની અપીલ કરવામાં આવી હતી. સેમિનારના મુખ્ય વકતા એવા શ્રી કેપ્ટન ઈશ્વરભાઈ ધોળકિયા કે જેઓ ગોલ્ડી સોલારના ફાઉન્ડર છે તેમના દ્વારા વિદ્યાર્થીઓને જીવનલક્ષી શીખ આપતા જણાવવામાં આવ્યું હતું કે તમે કોઈ કાર્યમાં પોતાની જાતને સંપૂર્ણપણે સમર્પિત કરી દેશો ત્યારે તમને ધારેલી સફળતા મળશે આ સાથે જ વિચારોને એકશનમાં પરિવર્તિત કરી તેમને Implimentation ના લેવલ સુધી પહોંચાડવા માટે હાર્ડવર્કની સાથે સ્માર્ટવર્ક પણ આટલું જ મહત્વનું છે અને કોઈ એક કાર્યમાં સફળ થવા માટે Passion ને ફોલો કરી આગળ વધવું જરૂરી છે વિદ્યાર્થીઓને જીવન મૂલ્યોની શીખ આપવા તેણે ઉમેર્યુ હતું કે જીવનમાં દરેક તબ્બકે, દરેક દિવસે તમારા માતા પિતાના આર્શીવાદ તેમજ તમારા આધ્યાત્મિક તેમજ શિક્ષકગુરુઓના આર્શીવાદ અને ઈશ્વરમાં તમારી શ્રદ્ધા તમારા જીવનમાં પથદર્શક પરિબળો છે. તેમના વકતવ્ય દરમિયાન પોતાના SRK ગ્રુપ સાથે પાયાના કર્મચારી તરીકે જોડાયને કામ કરવાનો અનુભવ તેમના જીવનના ઘડવૈયા તેમનાં પિતાશ્રી તેમજ કાકાશ્રીને પણ યાદ કર્યા હતા. અંતમાં વિદ્યાર્થીઓને રિન્યુએબલ એનર્જી પ્રોજેકટ માટે હંમેશા સહાય કરવાનું વચન સાથે વકતવ્ય પૂર્ણ કર્યું હતું. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના અલગ અલગ વિભાગના ૨૨૦ જેટલા વિદ્યાર્થી તેમજ વિવિધ વિભાગીય વડા તેમજ પ્રાધ્યાપકોએ ભાગ લીધો હતો.














## ગોલ્ડ મેડલ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પબ્લીક એડમિનીસ્ટ્રેશન વિભાગની ભૂતપૂર્વ વિદ્યાથીર્ની 'વૈશાલી પટેલે' પેરુમાં યોજાયેલ ઈન્ટરનેશનલ બેડમિન્ટનમાં બે ગોલ્ડ મેડલ મેળવી યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યુ છે. આ ઉપરાંત તેમણે અગાઉ ઘણી બધી નેશનલ અને ઈન્ટરનેશનલ રમતોમાં ગોલ્ડ મેડલો મેળવ્યા છે જે બદલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, માસ્ટર ઓફ પબ્લિક એડમિનીસ્ટ્રેશનના કો–ઓર્ડિનેટર શ્રી ડૉ. મધુ થવાણીએ તેમને શુભેચ્છાઓ પાઠવી હતી.

## પરિસંવાદ

રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગ, નવી દિલ્હી પ્રેરિત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના એસ.ટી. સેલ દ્વારા તા. ૬–૧–૨૦૨૩ ના રોજ 'સ્વતંત્રતા સંગ્રામમાં જનજાતિ નાયકોનું યોગદાન' પર પરિસંવાદ બાયોટેકનોલોજી વિભાગના સેમિનાર હોલમાં યોજાયો હતો, જેમાં મુખ્ય અતિથિ તરીકે યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને આમંત્રિત વકતા તરીકે જનજાતિ હિત ચિંતક અને સામાજિક કાર્યકર્તા શ્રી વૈભવ સુરંગે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના ઉદ્ઘાટન પ્રસંગે કુલપતિશ્રીએ જણાવ્યું હતું કે, જનજાતિ સંસ્કૃતિ અને નાયકોનો ગૌરવંતો ઇતિહાસ ઉજાગર થાય તેના માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી પ્રોત્સાહન આપવા જણાવ્યું હતું સાથે જનજાતિ સમાજની પારંપરિક વાનગીઓને સ્ટાર્ટઅપ દ્વારા આગળ વધારે તેમજ પરંપરાગત સાહિત્ય, જ્ઞાન અને વનસ્પતિ આધારિત ઉપચાર અંગે પેટન્ટ કરવા પર ભાર મૂકયો હતો.

આમંત્રિત વકતાશ્રી વૈભવ સુરંગેએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, 'સ્વતંત્રતા સંગ્રામમાં જનજાતિ વીરો (નાયકો)નું યોગદાન અંગે નવી પેઢીના વિદ્યાર્થીઓ જાણકારી મેળવે તે અત્યંત જરૂરી છે, તેમણે જણાવ્યું હતું કે, જ્યારે જ્યારે દેશ પર સંકટ આવ્યો ત્યારે રાજા મહારાજાઓની લડાઈ જનજાતિ નાયકો વગર જંગ જીતી શકયા નથી, ગુરુ ગોવિંદ અને ભીલ સમાજે અંગ્રેજો વિરુદ્ધની લડત તેમની બહાદુરી, વીરતા, શૌર્ય અને બલિદાન દેશભકિતનું પ્રતિક ગણાવ્યું. જનજાતિ સમાજમાં પરંપરાગત જ્ઞાનનું દસ્તાવેજીકરણ થાય અને તેનું યોગ્ય રીતે અર્થઘટન થાય તે જરૂરી ગણાવ્યું. કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાતમાં જનજાતિ સમુદાયની વસ્તી વધુ હોવાથી યુનિવર્સિટી અને તેની સાથે સંલગ્ન કોલેજોમાં સૌથી વધુ જનજાતિ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતાં હોય યુનિવર્સિટી પરિસરમાં ભગવાન બિરસા મુંડાની ભવ્ય પ્રતિમા અને જનજાતિ મ્યુઝિયમ બનાવવા માટે લાગણી વ્યકત કરી હતી. પરિસંવાદના સંયોજકશ્રી ડૉ. દિપક ભોયે દ્વારા કાર્યક્રમની રૂપરેખા રજૂ થઈ હતી સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગુજરાતી વિભાગના પ્રાધ્યાપક ડૉ. ભરત ઠાકોરે કર્યું હતું.





## વ્યાખ્યાન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના ગુજરાતી વિભાગમાં તા. ૧૧–૧–૨૦૨૩ને બુધવારે સવારે ૧૧:૦૦ કલાકે સુરતના પોલિસ કમિશનર શ્રી અજયકુમાર તોમરનું 'વાચનનું મહત્વ' વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું. યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન.

ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, વિભાગનાં અધ્યક્ષ ડૉ. શરિફા વીજળીવાળા તથા ગુજરાતી વિભાગ, શિક્ષણ વિભાગ, તુલનાત્મક વિભાગના પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓની ઉપસ્થિતિથી ઊભરાઈ રહેલાં નર્મદ ઓડિટોરિયમમાં યોજાયેલાં આ વ્યાખ્યાનમાં પોલીસ કમિશનર અજયકુમારે દરેક મનુષ્યનાં જીવનમાં વાચનને લીધે વ્યકિતત્વનું થતું ઘડતર અને માહિતીની કક્ષાથી લઈ ડહાપણ સુધીની સફરમાં વાચનનું મહત્વ સમજાવ્યું હતું. ઉપસ્થિત વિદ્યાર્થીઓનાં મનમાં ઘૂંટાતા પ્રશ્નોની પણ એમણે નિખાલસપણે ચર્ચા કરી હતી.







## સ્વામી વિવેકાનંદની જન્મ જયંતી

સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતી નિમિત્તે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ દ્વારા સ્વામીજીના સ્મૃતિ મંદિર ખાતે તા. ૧૨/૧/૨૦૨૩ના રોજ બપોરે ૩:૦૦ કલાકે સ્વામી વિવેકાનંદ જન્મ જયંતીની ઉજવણી અંતર્ગત પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, નાયબ કુલસચિવશ્રી ડૉ. દીપેશ પી. પટેલ, ફાઈન આર્ટસ વિભાગના વડાશ્રી મેહુલભાઈ પટેલ, યુનિવર્સિટી એસ્ટેટ વિભાગના ઈજનેરશ્રી ધર્મેશભાઈ જુરેમલાની, એજ્યુકેશન વિભાગના વડાશ્રી ડૉ. રાજેન્દ્ર પટેલ, બાયોસાયન્સ વિભાગના વડાશ્રી ડૉ. કૈલાશબેન પટેલ, એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ કો–ઓર્ડિનેટરશ્રી પ્રકાશચંદ્ર તેમજ વિવિધ વિભાગના વડાશ્રીઓ, પ્રાધ્યાપકશ્રીઓ અને કર્મચારીશ્રીઓ અને વિદ્યાર્થીઓએ હાજર રહી પુષ્પાંજલિ અર્પણ કરી હતી.









## તાલીમ કાર્યક્રમ







માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા વર્ષ: ૨૦૧૦–૧૧થી શરૂ કરવામાં આવેલ ઉચ્ચ શિક્ષણ અંગે All India Survey on Higher Education (AISHE) અંતર્ગત ૨૦૨૧–૨૨ના સર્વે માટે યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોએ તેમની કૉલેજની માહિતી માટે DCF-II નિયત સમય મર્યાદામાં AISHE ની વેબ સાઈટ ઉપર અપલોડ કરવું અનિવાર્ય છે. સદર સર્વે અંતર્ગત એકત્રિત કરવામાં આવેલ માહિતીનો સરકારશ્રી દ્વારા વિવિધ નીતી–વિષયક નિર્ણયો/નીતી તૈયાર કરવા ઉપયોગમાં લેવામાં આવે છે. જેથી સર્વે અંતર્ગત DCF-II માં દર્શાવવામાં આવેલ માહિતી સંપૂર્ણ સાચી હોવી અત્યંત જરૂરી છે. જેથી યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના નોડલ ઓફિસરો માટે જિલ્લા પ્રમાણે તાલીમ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. જે સંદર્ભે તા. ૧૮/૧/૨૦૨૩ના રોજ ભરૂચ અને નર્મદા જિલ્લાનો તાલીમ કાર્યક્રમ સવારે ૧૦:૩૦ થી બપોરે ૧:૦૦ કલાકે તેમજ નવસારી, વલસાડ, ડાંગ જિલ્લાનો બપોરે ૩:૦૦ થી ૫:૦૦ કલાક સુધી તથા તા. ૧૯/૧/૨૦૨૩ ના રોજ સુરત અને તાપી જિલ્લાનો તાલીમ કાર્યક્રમ બપોરે ૩:૦૦ થી સાંજે ૫:૦૦ સુધી તાલીમ કરવામાં આવેલ હતું.

સુરત અને તાપી જિલ્લાનો તાલીમ કાર્યક્રમ યુનિવર્સિટી કેમ્પસ ખાતે તા. ૧૯/૧/૨૦૨૩ના રોજ એચ. આર.ડી. વિભાગના ચાણક્ય સેમિનાર હોલ ખાતે આયોજન કરવામાં આવેલ હતો. તાલીમ કાર્યક્રમમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી ઉપસ્થિત રહ્યા હતા. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા નોડલ ઓફિસરોને ટેકનોલોજીથી માહિતગાર થઈ કાર્યદક્ષતામાં વધારો કરવા તથા AISHE ની આંકડાકીય માહિતીની સરકારશ્રીને વિવિધ સ્તરે ઉપયોગીતા જણાવી હતી તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી દ્વારા યુનિવર્સિટી સંલગ્ન સુરત અને તાપી જિલ્લાનાં નોડલ ઓફિસરોને AISHE ની કામગીરીના મૂલ્યાંકન તથા તેની અગત્યતા જણાવી હતી તથા સૌના સાથ–સહકારથી ઓલ ઇન્ડિયા સર્વેની સૌથી સારી કામગીરી કરવાની આશા વ્યકત કરી હતી. રાજ્યના AISHE Cellના સ્ટેટ નોડલ ઓફિસરશ્રી હેમેન્દ્રભાઈ શાહ દ્વારા તાલીમ કાર્યક્રમમાં ઉપસ્થિત નોડલ ઓફિસરશ્રીઓને AISHE ના વિવિધ પાસાઓની ઝીણવટભરી માહિતી આપી હતી. યુનિવર્સિટી નોડલ ઓફિસર ડૉ.દિપેશભાઈ પટેલ દ્વારા તાલીમ કાર્યક્રમનું સંચાલન કરવામાં આવેલ હતું. તાલીમ કાર્યક્રમમાં ૧૧૦ જેટલી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના નોડલ ઓફિસરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## Alumni Startup Felicitation on National Startup Day





તા. ૧૬ જાન્યુઆરી ૨૦૨૩ ના રોજ બપોર ૩:૩૦ કલાકે નર્મદ સ્મૃતિ ભવન ખાતે યુનિવર્સિટીમાં કાર્યરત ઇન્સ્ટીટ્યુશન ઈનોવેશન કાઉન્સિલ, આઈડિયા એન્ડ

ઇનોવેશન સેલ અને SSIP દ્વારા યુનિવર્સિટીના કુલપતિશ્રી કિશોરસિંહ એન. ચાવડા તેમજ કુલસચિવશ્રી રમેશદાન સી. ગઢવીની અધ્યક્ષતામાં "Alumni Startup Felicitation on National Startup Day" નું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતને એક સ્ટાર્ટઅપ હબ તરીકે ઓળખવામાં આવે છે કારણકે, વર્તમાન સરકાર દ્વારા તમામ ક્ષેત્રોમાં નવીનતાને પ્રોત્સાહિત કરવા તેમજ ઉદ્યોગસાહસિકોને ટેકો આપવા, મજબૂત સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ બનાવવા અને નોકરી શોધનારાઓને બદલે ભારતને રોજગાર સર્જકોના દેશમાં પરિવર્તિત કરવા દર વર્ષે ૧૬ જાન્યુઆરીને રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ ઉદ્દેશયથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ દિવસ નિમિત્તે યુનિવર્સિટીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જેઓએ સ્ટાર્ટઅપ ક્ષેત્રે અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે તેઓનું સન્માન કરવાના કાર્યક્રમનું આયોજન કર્યું હતું. સન્માન સમારોહની શરૂઆતમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી કિશોરસિંહ એન. ચાવડા દ્વારા પ્રસંગોચિત ઉદ્દબોધન કરવામાં આવ્યું હતું જેમાં તેમણે જણાવ્યું કે, યુનિવર્સિટીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કે જે પોતે એક સફળ સ્ટાર્ટઅપ કર્તા છે તેઓને યુનિવર્સિટીના વર્તમાન વિદ્યાર્થીઓ સાથે સાંકળી વધુમાં વધુ નવા વિચારોનું સર્જન થઈ શકે તે હેતુથી યુનિવર્સિટી આ તમામ વિદ્યાર્થીઓને દરેક ક્ષેત્રમાં જરૂરી એવી મદદ કરવા કટીબદ્ધ છે. જેમ કે સ્ટાર્ટઅપને જરૂરી મદદ માટે ઈન્ટર્નશીપ દ્વારા શ્રમિકબળ પુરું પાડવું, માર્ગદર્શક દ્વારા વિશેષજ્ઞનું માર્ગદર્શન પૂરું પાડવું, સર્ટિફિકેટ કોર્સ દ્વારા તેમણે જરૂરી એવા કુશળ શ્રમનું ઘડતર કરવું, ઈન્કયુબેશન સેન્ટર દ્વારા કો–વર્કિંગ સ્પેસ તેમજ પ્રયોગશાળાની સહાય પૂરી પાડવી. ત્યારબાદ આમંત્રિત ૧૫ Alumni Startup નું સન્માન પુસ્તક તેમજ સર્ટિફિકેટ દ્વારા કરવામાં આવ્યું. જેમાં વિવિધ પ્રકારના સ્ટાર્ટઅપ જેવા કે કલર સાર્ટીંગ મશીન, ફોરેન્સિક વિભાગને લગતું સ્ટાર્ટઅપ, પ્રાણી મુક્ત દૂધ પ્રોટીન અને ડેરી ઉત્પાદન, ઇમ્પોર્ટ એક્સપોર્ટ તેમજ ફાર્મા ક્ષેત્રે, સોફટવેર અને ઓફશોર આઉટસોર્સિંગ, સોફટવેર ડેવલોપમેન્ટ અને આઈ ટી સોલ્યુશન વગેરે જેવા સફળ સ્ટાર્ટઅપ કર્તા ઉપસ્થિત હતા. તેમણે વિદ્યાર્થીઓને પોતાના ક્ષેત્રમાં જે પણ મદદની જરૂર હોય તે પૂરી પાડવાની વાત કરી હતી.

કાર્યક્રમનું આયોજન યુનિવર્સિટીના ઇન્સ્ટીટ્યુશન ઇનોવેશન કાઉન્સિલના પ્રેસિડેન્ટ ડૉ. જયદિપ ચૌધરી તેમજ SSIP ના કો–ઓર્ડિનેટર ડૉ. પરેશ પારેખના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં બાયોટેક વિભાગના વડાશ્રી ડૉ. ગૌરવ શાહ દ્વારા વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપની દિશામાં સચોટ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના અલગ અલગ વિભાગના ૬૦ જેટલા વિદ્યાર્થી તેમજ વિવિધ વિભાગીય વડા અને પ્રાધ્યાપકોએ ભાગ લીધો હતો.

## Fild Visit for KRIBHCO




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી આર. સી. ગઢવીની અધ્યક્ષતામાં Field Visit નું આયોજન યુનિવર્સિટીમાં કાર્યરત ઇન્સ્ટીટયુશન ઇનોવેશન કાઉન્સિલ, આઇડિયા એન્ડ ઈનોવેશન સેલ અને SSIP દ્વારા તા. ૨૭ જાન્યુઆરી ૨૦૨૩ ના રોજ ક્રિભકો હજીરા ખાતે કરવામાં આવ્યું હતું. આ Field visit માં કુલ ૬૧ વિદ્યાર્થીઓ અને ૭ અધ્યાપકો જોડાયા હતા.

આ Field visitનો મહત્વનો હેતુ વિદ્યાર્થીને તેના ભણતરને કામ સાથે કઈ રીતે જોડી શકાય અને વિદ્યાર્થી બહારની દુનિયા સાથે રૂબરૂ કરવાનો હતો. ક્રિભકો કંપનીના એચઆર અને પ્લાન્ટ ઇન્ચાર્જ શ્રી મનોજ તિવારીજીએ વિદ્યાર્થીઓને સૌ પ્રથમ ક્રિભકો કંપની વિષેની પાયાની માહિતી જેવી કે ક્રિભકો સ્થાપના April 1980ના રોજ પોલ પોથેન દ્વારા કરવામાં આવી હતી. ક્રિભકોનો મુખ્ય ઉદ્દેશ ખેડૂતોની આજીવિકા સુધારવા માટે આધુનિક ખેતી અને ટેકનોલોજીનું ટ્રાન્સફર ખેડૂતોને શિક્ષિત અને પ્રશિક્ષિત કરવા, જમીનના પોષક તત્વો અને સિંચાઈના પાણી માટે મફત પરીક્ષણ સુવિધાઓ પૂરી પાડવાનો છે. તેના વિષેની માહિતી આપી હતી. સાથે જણાવ્યું હતું કે, ક્રિભકોને 2 x 30 MTPD એમોનિયા પ્લાન્ટ્સ અને 4 x 1100 MTPD યુરિયા પ્લાન્ટ્સ ધરાવતાં પ્રથમ ગેસ આધારિત 'અત્યાધુનિક' ઉચ્ચ ક્ષમતાના ખાતર સંકુલને અમલમાં મૂકવા માટે રાષ્ટ્રીય સ્તરની મલ્ટી–સ્ટેટ કો–ઓપરેટિવ સોસાયટી તરીકે સામેલ કરવામાં આવી હતી. વાર્ષિક સ્થાપિત ક્ષમતા 8.91 લાખ MT એમોનિયા અને 14.52 લાખ MT યુરિયા કૃષક ભારતી કો–ઓપરેટિવ લિમિટેડ (ક્રિભકો)એ ભારતની એક અગ્રણી રાષ્ટ્રીય સ્તરની સહકારી મંડળી છે. જે ખાતર ઉત્પાદન અને વિતરણમાં રોકાયેલી છે અને તે મલ્ટી સ્ટેટ કો–ઓપરેટીવ સોસાયટીઝ (MSCS) એક્ટ, ૨૦૦૨ હેઠળ નોધાયેલ છે.

ક્રિભકોની પ્રોડક્ટ બાસ્કેટમાં યુરિયા, ડીએપી, એનપીકે, એમઓપી, એસએસપી, ઝિંક સલ્ફેટ, બાયો–ફર્ટિલાઈઝરર્સ, પ્રમાણિત બિયારણ, ખાતર, હાઈબ્રિડ બિયારણ, બીટી કોટન વગેરેનો સમાવેશ થાય છે. ક્રિભકો તેના ચેનલ ભાગીદારો દ્વારા સહકારી અને ખાનગી બંનેમાં આ ઉત્પાદનોનું વિતરણ કરે છે. રિટેલ તે તેના પોતાના

આઉટલેટસ દ્વારા ઉત્પાદનોનો સપ્લાય પણ કરે છે, જે સામાન્ય રીતે KBSK's તરીકે ઓળખાય છે. ક્રિભકો યુરિયા, જૈવ ખાતર, બીજ અને યુરિયા ખાતરનું ઉત્પાદન કરે છે. તેમની પાસે યુરિયા, બાયોફર્ટિલાઈઝર અને એમોનિયાના છોડ છે. તેમની પાસે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ ફેસિલિટિ અને જોખમી કચરાના વ્યવસ્થાપનની સુવિધા છે. ક્રિભકો પ્લાન્ટ અને ટાઉનશીપમાં વરસાદી પાણી એકત્ર કરવાની યોજના અમલમાં મૂકવાની પ્રક્રિયામાં હતું. પર્યાવરણની ગુણવત્તા સુધારવા માટે ક્રિભકોએ ગયા વર્ષે ક્રિભકો પરિસરમાં લગભગ ૩૬૦ વૃક્ષો અને નજીકના ગામોમાં ૨૫૦ વૃક્ષો વાવ્યા છે.

અન્ય સહભાગીઓ સાથે, બાયોસાયન્સ, કેમિસ્ટ્રી, બાયોટેકનોલોજી અને ગ્રામીણ અભ્યાસ વિભાગના વિદ્યાર્થીઓને સૌથી વધુ ફાયદો થયો કારણકે તેઓ રાસાયણિક ગુણધર્મો અને આવા છોડ કેવી રીતે કાર્ય કરે છે તે વિશે ઘણું શીખવા મળ્યું અને આ ક્ષેત્રની મુલાકાતથી તેમને ઘણી પ્રેરણા મળી. અને ક્રિભકોની કામગીરી અંગે વિગતવાર માહિતી એકત્ર કરી તેને અભ્યાસિક મુદ્દાઓ સાથે સાંકળી એક નવી ઔદ્યોગિક સમજ પ્રાપ્ત કરી હતી.

આ Field visit માં યુનિવર્સિટીના અલગ અલગ ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## ડિઝાઈન એજ્યુકેશન અંગે મિટિંગ





વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના NEP 2020 અંતર્ગત સમગ્ર દેશ જ્યારે શિક્ષણ વ્યવસ્થામાં આમૂલ પરિવર્તન આવી રહ્યું છે ત્યારે યુનિવર્સિટીની આર્કિટેક્ચર એન્ડ ડિઝાઈન ફેકલ્ટીમાં ઇન્ડસ્ટ્રીને સાથે રાખીને તેમની જરૂરિયાતને અનૂરૂપ અભ્યાસક્રમ તૈયાર કરી વિશ્વકક્ષાએ પોતાની ક્ષમતા પૂરવાર કરીને ડંકો વગાડી શકે તેવા કોર્સ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી શરૂ થાય તે માટે ક્રાન્તિકારી પગલા લેવાઈ રહ્યા છે. આ માટે 'જેમ્સ એન્ડ જ્વેલરી' વિષયમાં માસ્ટર ઓફ ડિઝાઈન અભ્યાસક્રમ વિદ્યાર્થીઓ ભણી શકે તે માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ તા. ૨૫–૦૧–૨૦૨૩ના રોજ ડાયમંડ એસોસિએશનની સાથે એક મિટિંગનું આયોજન થયું હતું. પૂર્વ મંત્રીશ્રી નાનુભાઈ વાનાણીની હાજરીમાં યોજાયેલી આ મિટિંગમાં આર્કિટેકચર વિભાગના વડાશ્રી રાજેશ મહેતા, ડાયમંડ એસોસિએશનના પ્રમુખશ્રી જયંતી સાવલીયા (એસ.જે.એમ.એ.), ઉપ્રમુખશ્રી અમિત કોર, ખજાનચીશ્રી રાજેશ લુંગારિયા, સંયુકત સચિવ શ્રી કિશોર વઘાસિયા, અધ્યક્ષ શ્રી શૈલેષ પાનસુરિયા (સ્પીરીટચ્યુલ એકટીવીટી), વરીષ્ઠ પ્રતિનિધિ શ્રી રોહન શાહ (એસ.જે.એમ.એ.) હાજર રહ્યા હતા. કોર્સ કેવો હોઈ શકે, તેમાં જેમ્સ એન્ડ જ્વેલરી વિષયમાં કન્ટેન્ટ, ભણાવવાની પધ્ધતી, પ્રેકટીકલ ટ્રેનિંગ, માર્કેટીગ, બ્રાન્ડીગ, આંતર રાષ્ટ્રીયકરણ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. અત્રે એ નોંધનીય છે કે આંતરરાષ્ટ્રીય બજારમાં કાચામાલ અંતર્ગત બિઝનેસમાં ભારતનો હિસ્સો ૯૦% જેટલો છે પરંતુ ડિઝાઇન–બ્રાન્ડમાં હજુ ઓળખ ઊભી થયેલ નથી. એટલું જ નહીં પરંતુ ઈન્ડસ્ટ્રીમાં જોઇએ તેવો સક્ષમ વર્ક ફોર્સ (કામ કરનારાઓ) પણ મળતો નથી. આથી જો યુનિવર્સિટી દ્વારા આ કોર્સ શરૂ થશે ત્યારે વૈશ્વિક ફલક પર પોતાની ડિઝાઈન ક્ષમતા દ્વારા પોતાની તથા રાષ્ટ્રની ડિઝાઈનીગ તથા બ્રાન્ડીગમાં આગવી ઓળખ ઊભી કરી શકશે. સુરતમાં ડાયમંડ ઈન્ડસ્ટ્રીનો વિકાસ જોતા આગામી ૫૦ વર્ષ સુધી આ પ્રકારનાં કોર્સથી ટ્રેનિંગ પામેલા ડિઝાઈનર માટે ઊંચાં પગારથી પ્લેસમેન્ટ મેળવવામાં પણ અનૂકુળતા રહેશે. અભ્યાસક્રમને પસંદ કરનાર વિદ્યાર્થીઓનું ૧૦૦% પ્લેસમેન્ટ માત્ર સુરતમાં થઈ જશે તેવો આશાવાદ, ખાત્રી પણ ડાયમંડ એસોસિયેશન દ્વારા વ્યકત કરેલ છે.

## એક દિવસીય એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ પ્રશિક્ષણ વર્ગ–૨૦૨૩

ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) પ્રફુલભાઈ પાનશેરીયાની વિશેષ ઉપસ્થિતિમાં ભારતીય શિક્ષણ મંડળના રાષ્ટ્રીય સંગઠન મંત્રીશ્રી મુકુલ કાનિટકર, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવીની હાજરીમાં રાષ્ટ્રીય સેવા યોજના, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા તા.૨૮/૦૧/૨૦૨૩નાં રોજ "એક દિવસીય એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ પ્રશિક્ષણ વર્ગ–૨૦૨૩"નું આયોજન સેમિનાર હોલ, કોમ્પ્યુટર સાયન્સ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રશિક્ષણ વર્ગમાં

અધ્યક્ષ તરીકે યુનિવર્સિટીનાં કુલપતિશ્રી ડૉ.કિશોરસિંહ ચાવડા, મુખ્ય મહેમાન તરીકે ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી (રાજ્યકક્ષા) શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા, ભારતીય શિક્ષણ મંડળના રાષ્ટ્રીય સંગઠન મંત્રીશ્રી મુકુલ કાનિટકર, NSS વિભાગના પ્રોગ્રામ કો–ઓર્ડિનેટરશ્રી પ્રકાશચંદ્ર હાજર રહ્યા હતા. આ વર્ગમાં યુવાઓને દુષણોથી દુર રાખવાના વિષય પર ડૉ. કિશોરસિંહ ચાવડા, ટીમ બિલ્ડીગ વિષય પર ડૉ. આર.સી.ગઢવી, ઉન્નત ભારત અભિયાન વિષય પર ડૉ. કૃપેશ ચૌહાણ, રાષ્ટ્રકાર્યમાં શિક્ષકની ભૂમિકા વિષય પર શ્રી પ્રકુલભાઈ પાનશેરિયા, રાષ્ટ્રકાર્યની આધ્યાત્મ સાધના વિષય પર શ્રી પ્રકાશ કપુરિયાનું, 'Reasearch in the Contest of Indian Knowledge System an Introduction' વિષય પર શ્રી મુકુલ કાનિટકર, અને.એસ.એસ.નું લક્ષ્ય અને કાર્ય વિષય પર શ્રી પ્રકાશચંદ્રનું માર્ગદર્શન પ્રાપ્ત થયું. આ સિવાય સેવા અનુભવ, શીઘ્ર, વકૃત્તવ અને પ્રતિભાવ જેવા વિવિધ સત્રો રહ્યા. અંતમાં કુલપતિશ્રી, કુલસચિવશ્રી, પ્રોગ્રામ કો–ઓર્ડિનેટરશ્રી પ્રકાશચંદ્રની ઉપસ્થિતીમાં શ્રી મુકુલ કાનિટકર હસ્તે આ વર્ગના સર્ટીફીકેટ એનાયત કરવામાં આવેલ હતા.





















## BHARAT@2047

BHARAT@2047 Programe Organised by Surat Literary Foundation on Dt. 20th to 22nd January 2023 at Convention Hall, Veer Narmad South Gujarat University, Surat.









## University Men & Women Cross Country Race

University Men & Women cross country race (10 kilometers race) held at R.P.Chouhan Arts & Commerce College, Vyara on 18.1.2023.
















## સન્માન કાર્યક્રમ







વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત યુનિવર્સિટી પરિસરમાં GSET માં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ, શૈક્ષણિક કર્મચારીઓ માટે તા. ૩૧–૦૧–૨૦૨૩ના રોજ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું. ગુજરાત રાજ્યમાં GSETની પરીક્ષાનું આયોજન થયેલ હતું. તેમાં પાસ થયેલ તમામનું પુસ્તક આપીને સન્માન કરવામાં આવ્યું. યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી દ્વારા તમામને અભિનંદન પાઠવવામાં આવ્યા. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ૭૦ થી વધુ લોકોએ પાસ કરેલ છે જે ખૂબ ગૌરવની વાત છે.

## વકતૃત્વ સ્પર્ધા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અને જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, સુરત દ્વારા વકતૃત્વ સ્પર્ધાનું આયોજન તા. ૩૦/૦૧/૨૦૨૩ સોમવાર, સવારે ૧૦ કલાકે અંગ્રેજી વિભાગ ખાતે રાખેલ. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સાથે સંલગ્ન ૩૦ કૉલેજના વિદ્યાર્થીએ આ વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લીધેલ હતો. સા સ્પર્ધામાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, સચિવશ્રી ડી.એલ.એસ.એ.અને સિનિયર સિવિલ જજ, સુરત શ્રી એચ.વી.જોટાણીયા, યુનિવર્સિટીનાં કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી ખાસ ઉપસ્થિત રહી સ્પર્ધકોનો ઉત્સાહ વધાર્યો હતો. વકતૃત્વ સ્પર્ધાના વિષયમાં (૧) ભારતના મૂળભૂત અધિકારો અને ફરજો (૨) લોક અદાલતનું મહત્ત્વ અને ફાયદાઓ (૩) લોકશાહી અને બંધારણીય અધિકારો (૪) સ્ત્રી સશક્તિકરણ અને કાયદો (૫) યૌન શૌષણ અને ગંભીર અપરાધ બાળકોની સુરક્ષા અધિનિયમ ૨૦૧૨ પોસ્કો એક્ટ. આમ કુલ પાંચ વિષયો સ્પર્ધકોને આપવામાં આવ્યા હતા. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અને જિલ્લા કાનુની સેવા સત્તામંડળ, સુરત દ્વારા સતત બીજા વર્ષ આ કાનૂની જાગૃતિ લાવવાના પ્રયાસ સાથે આ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી અંકિતા મુલાણી, શ્રી પુનમ મિશ્રા અને શ્રી રીલેશ લીબાચીયાએ સેવા આપી હતી. વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક પર નવયુગ આર્ટસ કૉલેજ સુરતના વિદ્યાર્થી જોશુઆ માર્ટિન, દ્વિતિય ક્રમાંક પર જે.ઝેડ.શાહ. આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના વિદ્યાર્થીની પાંડે સોનમ, તૃતિય ક્રમાંક પર એસ.પી.બી.ઇન્ગિલશ મીડિયમ કૉલેજ ઓફ કોમર્સના વિદ્યાર્થી સેજલ કુલકર્ણી પ્રાપ્ત કર્યા હતા. આ સિવાય બે આશ્વાસન ઈનામ આપવામાં આવ્યા હતા. જેમાં ઝેડ.એફ.વાડીયા વુમેન્સ કૉલેજની વિદ્યાર્થિની નીશા ચોટલીયા અને એસ.ડી.જૈન ઈન્ટરનેશનલ કોમર્સ કૉલેજ, વેસુની વિદ્યાર્થિની યશવી શાહને આપવામાં આવેલ હતું.







## પ્રોફેસર ઓફ પ્રેકટીસની નિયુક્તિ







વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ગુજરાત દ્વારા આજ તા. ૨૮/૧/૨૦૨૩ના રોજ બે પ્રોફેસર ઓફ પ્રેકટીસની નિયુક્તિ કરવામાં આવી. NEP 2020 માં વિદ્યાર્થીઓના સ્કીલ ડેવલપમેન્ટ, વેલ્યુ એજ્યુકેશન અને ઈન્ડિયન નોલેજ સિસ્ટમ પર વિશેષ ભાર મૂકવામાં આવેલ છે. જે સંદર્ભે UGC દ્વારા યુનિવર્સિટી અને કોલેજોમાં પ્રોફેસર ઓફ પ્રેકટીસની નિમણૂક માટે માર્ગદર્શિકા પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જેમાં શિક્ષણ જગતના તજજ્ઞો, સામાજિક કાર્યકરો, વ્યવસાયિકો, ઉદ્યોગ સાહસિકોની પ્રોફેસર ઓફ પ્રેકટીસ તરીકે વિદ્યાર્થીઓના હિત માટે નિયુક્તિ કરવાની જોગવાઈ કરવામાં આવી છે. જેનો અમલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ છે અને તે સંદર્ભે યુનિવર્સિટી દ્વારા SOP (Standard Operating Procedure) બનાવેલ છે જે SOP યુનિવર્સિટી એકેડમિક કાઉન્સિલ અને સિન્ડિકેટ દ્વારા મંજૂર કરવામાં આવેલ છે. તદઅનુસાર તા. ૨૮-૦૧-૨૦૨૩એ પ્રોફેસર ઓફ પ્રેકટીસ અંતર્ગત ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયાને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના વરદ હસ્તે નિયુક્તિ કરવામાં આવી. ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રીશ્રી પ્રફુલભાઈ ઘણા વર્ષોથી સામાજિક ક્ષેત્રે જોડાયેલા છે અને તેઓ સામાજિક ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવે છે તે ધ્યાને લઈ તેમની નિયુક્તિ કરવામાં આવી અને શ્રી મુકુલભાઈ કાનિટકર છેલ્લા ૩૫ વર્ષથી સામાજિક ક્ષેત્રે ભારતીય શિક્ષણ મંડળ સાથે જોડાયેલા છે. તેઓની ગણના ભારતમાં જાણીતા શિક્ષણવિદ તરીકે થાય છે, તે ધ્યાનમાં લઈ તેમને પણ આજરોજ પ્રોફેસર ઓફ પ્રેકટીસ તરીકે ઈન્ટર ડિસિપ્લિનરી અને મલ્ટી ડીસિપ્લીનરી વિષયો માટે તેમની પણ નિયુક્તિ કરવામાં આવી.

આમ સમાજનાં વિવિધ વિષયોમાં નિષ્ણાંતોની મદદ મેળવી યુનિવર્સિટી વિદ્યાર્થીઓના વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે અને આગામી સમયમાં આવી રીતે ઘણા ક્ષેત્રો જેવા કે ઔદ્યોગિક ક્ષેત્રે, કૃષિ ક્ષેત્રે, વ્યવસાય ક્ષેત્રે, શિક્ષણ ક્ષેત્રે, વિજ્ઞાન ક્ષેત્રે, સેવા ક્ષેત્ર જેવા ક્ષેત્રોનાં નિષ્ણાંતોને પ્રોફેસર ઈન પ્રેકટીસમાં નિયુક્તિ કરી વિદ્યાર્થીઓને તેનો લાભ મળી શકે અને તેઓ રસ ધરાવતા ક્ષેત્રોમાં કારકિર્દી બનાવી ભારત દેશને ઉપયોગી બની શકે તે માટે યુનિવર્સિટી કાર્યરત છે.

## ટેકસટાઈલ સંબંધિત કોર્સ અંગે મિટિંગ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીના જી.સી.પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ આર્કિટેકચર, ઈન્ટિરિયર ડિઝાઈન એન્ડ ફાઈન આર્ટ્સના પ્રિન્સિપાલ રાજેશ મહેતા અને એસોસિએટ પ્રોફેસર વિરવા ગાંધી સાથે ફોસ્ટાના અધિકારીઓએ ટેકસટાઈલ સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે તા. ૧/૨/૨૦૨૨ના રોજ જરૂરી બેઠક યોજી હતી. આચાર્ય રાજેશ મહેતા અને પ્રોફેસર વિરવા ગાંધી ફોસ્ટાના પ્રમુખ અને મહામંત્રીને મળ્યા હતા. સુરત કાપડ બજાર એ વિશ્વ પ્રસિદ્ધ બજાર છે. સુરતના કાપડ ઉદ્યોગમાં દરરોજ કરોડો મીટર કાપડનું ઉત્પાદન થાય છે અને કરોડો રૂપિયાનો કારોબાર થાય છે. કાપડ ઉદ્યોગના વધુ વિકાસ માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના જી.સી.પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ આર્કિટેકચર, ઈન્ટિરિયર ડિઝાઈન એન્ડ ફાઈન આર્ટ્સના પ્રિન્સિપાલ રાજેશ મહેતાએ જણાવ્યું હતું કે હાલમાં ગુજરાતમાં યુનિવર્સિટીએ નવી શિક્ષણ નીતિ લાગુ કરતી વખતે ઘણા ફેરફારો કર્યા છે, તેઓ યુનિવર્સિટી ફોસ્ટાના માર્ગદર્શન હેઠળ ટેકસટાઈલ સંબંધિત કોર્સ શરૂ કરવા માંગે છે. ફોસ્ટાના જનરલ સેક્રેટરી ચંપાલાલ બોથરાએ જણાવ્યું હતું કે, સુરત શહેર તેના ટેકસટાઈલ ઉદ્યોગ માટે વિશ્વ પ્રસિદ્ધ છે, ત્યાં ટેકસટાઈલ ઉદ્યોગોને આગળ લઈ જવાની જરૂર છે. ભૂતકાળમાં ફોસ્ટાએ ટેકસટાઈલ આધારિત કોર્સ તૈયાર કરીને આઈટીઆઈ અને સ્કીલ યુનિવર્સિટીમાં રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સાથે સમાવેશ

કર્યો છે. જેને ધ્યાનમાં રાખીને યુનિવર્સિટી તરફથી આ એક સકારાત્મક પહેલ છે. આ અંગે આગામી દિવસોમાં બેઠક કરીને વિગતવાર ચર્ચા કરવામાં આવશે. બેઠકમાં ફોસ્ટાના પ્રમુખ મનોજ અગ્રવાલ, મહામંત્રી ચંપાલાલ બોથરા, ખજાનચી રાજેશ અગ્રવાલ હાજર રહ્યા હતા.

## ગૌરવ



તા. ૨૦ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ યોજાયેલ ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી દ્વારા આયોજીત 'Bio Quiz Hunt 2023' ગાધીનગર ખાતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટના બાયોટેકનોલોજી વિભાગના ત્રણ તેજસ્વી વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં બી.એસસી. બાયોટેકનોલોજી સેમ–૬ના ક્ષત્રિય જાનકી, મોહન્તી આયુષી અને નારંગ જયે સુરતનું પ્રતિનિધિત્વ કરી બાયોટેક કવિઝમાં સુરતે દ્વિતીય ક્રમાંક મેળવી 1st Runner Up તરીકેનું રૂા. ૭૦૦૦/– નું ઈનામ પ્રાપ્ત કરી સમગ્ર ગુજરાત રાજ્ય, સુરત અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યુ છે. આ તેજસ્વી વિદ્યાર્થીને બાયોટેકનોલોજી વિભાગના અધ્યાપકશ્રી ડૉ. રેખા ગઢવી દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તથા બાયોટેકનોલોજી વિભાગના અધ્યાપકશ્રી ડૉ. રેખા ગઢવી તથા કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. ગૌરવ શાહે તમામ શિક્ષકો અને બિન–શૈક્ષણિક સ્ટાફના સભ્યોએ વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી તેમનો ઉત્સાહ વધારવામાં આવ્યો.

## રિઝ્યુમ લેખન અને ઈન્ટરવ્યુ માર્ગદર્શન કાર્યશાળા








ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય અંતર્ગત કાર્યરત નેશનલ કરિયર સર્વિસ સેન્ટર ફોર એસસી/એસટી, ગુજરાત પ્રાંત અને MSW પ્રોગ્રામ, સમાજશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે તા. ૨૪/૧/૨૦૨૩ના રોજ રિઝ્યુમ લેખન અને ઈન્ટરવ્યુ માર્ગદર્શન કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં MSW અને સમાજશાસ્ત્રના અંતિમ સેમેસ્ટરમાં અભ્યાસ કરતાં કુલ ૭૬ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રોફે. (ડૉ.) મધુભાઈ ગાયકવાડ, MSW પ્રોગ્રામના કો–ઓર્ડિનેટર, ડૉ. અરુણ પંડયા તથા વિભાગના અન્ય અધ્યાપકો હાજર રહ્યા હતા. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે નેશનલ કરિયર સર્વિસ સેન્ટર ફોર એસસી/એસટી, ગુજરાત પ્રાંતના વડા અને ગુજરાત પ્રાંતના રોજગાર અધિકારી ડૉ. અમનદીપ સિંઘ તથા નવજીવન ગ્રુપ ઓફ કંપનીઝના HR મેનેજર શ્રી મુકેશ બોરસે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પુષ્પગુચ્છ દ્વારા મહેમાનોનું સ્વાગત કરીને કરવામાં આવી હતી. સ્વાગત બાદ કાર્યક્રમના મુખ્ય વકતા અને HR મેનેજર તરીકે ફરજ બજાવતા શ્રી મુકેશ બોરસે દ્વારા રિઝ્યુંમ લેખન અંગે વિદ્યાર્થીઓને વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડયું હતું. તેઓએ રિઝ્યુમ લેખનની મુખ્ય બાબતો જેવી કે બાયોડેટા, રિઝ્યુમ અને CV ની વચ્ચેનો તફાવત વિદ્યાર્થીઓને સમજાવ્યો હતો. રિઝ્યુમ બનાવતા સમયે કઈ કઈ બાબતોનો સમાવેશ ન કરવો તે અંગે ખુબ જ ઉંડાણપૂર્વક માહિતી આપી હતી. આ સાથે તેઓએ HR મેનેજર તરીકે રિઝ્યુમ અને ઈન્ટરવ્યું બાબતે પોતાના અનુભવો વિદ્યાર્થીઓએ સાંજા કર્યા હતા. કાર્યશાળાના બીજા મુખ્ય વકતા ડૉ. અમનદીપ સિંઘ દ્વારા વિદ્યાર્થીઓને ઈન્ટરવ્યુની તૈયારી કેવી રીતે કરવી તે અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડયું હતું. તેઓ દ્વારા ઈન્ટરવ્યુંના

પૂર્વે અને ઇન્ટરવ્યુ સમયે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું તે અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. કાર્યક્રમ દરમ્યાન અમુક વિદ્યાર્થીઓના મોક ઈન્ટરવ્યુ લઈને તેઓ દ્વારા કરવામાં આવેલ ભૂલો અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. સાથે નેશનલ કરિયર સર્વિસ સેન્ટર ફોર એસસી/એસટી., ગુજરાત પ્રાંતના રોજગાર અધિકારી તરીકે તેઓએ પોતાના વિભાગની કામગીરી અંગે વિદ્યાર્થીઓને જાણકારી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ તથા MSW પ્રોગ્રામના કો–ઓર્ડિનેટરના માર્ગદર્શન દ્વારા સમાજશાસ્ત્ર વિભાગમાં યુ.જી.સી. સિનિયર રિસર્ચ ફેલો તરીકે પીએચ.ડીનો અભ્યાસ કરતાં શ્રી નવીનકુમાર રોહિત દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે આભારવિધિ શ્રી નવીનકુમાર દ્વારા કરવામાં આવી હતી. જેમાં તેઓએ સમગ્ર કાર્યક્રમ દરમ્યાન ઉપસ્થિત રહેલ નેશનલ કરિયર સર્વિસ સેન્ટર ફોર એસસી./એસ.ટી, ગુજરાત પ્રાંતના રોજગાર અધિકારી શ્રી અમનદીપ સિંઘ સર, નવજીવન ગ્રુપ ઓફ કંપનીઝના HR મેનેજર શ્રી મુકેશ બોરસે સર તથા યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાનો, વિભાગના અધ્યક્ષશ્રીનો, MSW પ્રોગ્રામના કો–ઓર્ડિનેટર તથા સાથે ઉપસ્થિત વિભાગના અધ્યાપકોનો અને વિદ્યાર્થીઓનો આભાર માન્યો હતો.

## Department of Mass Communication

### ત્રિદિવસીય 'મિડિયા બઝ ૨૦૨૩'




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના જર્નાલિઝમ અને માસ કમ્યુનિકેશન વિભાગ દ્વારા તા. ૧૮, ૧૯, ૨૦ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ ત્રિદિવસીય 'મીડિયા બઝ ૨૦૨૩' યોજવામાં આવેલ છે. મીડિયાથી સંબંધિત અલગ અલગ કુલ અગિયાર સ્પર્ધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સ્પર્ધાઓ દક્ષિણ ગુજરાતના વિવિધ ઉચ્ચ માધ્યમિક શાળાઓ, કોલેજો અને વિશ્વવિદ્યાલયોમાંથી વિદ્યાર્થીઓ તેમના ક્ષેત્રોમાં આગળ વધવા માટે અને તેમની કળા બતાવવા માટે ઉત્સાહભેર ભાગ લે છે. મીડિયા બઝનો ઉદ્દેશય વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસને ઉત્તેજન આપવું અને તેમની પ્રતિભાને બહાર લાવવાનો છે તથા જર્નાલિઝમ અને માસ કમ્યુનિકેશનના વિદ્યાર્થીઓમાં જનસંપર્ક અને જાહેરાતો ક્ષેત્રે કાર્ય કરવાની ક્ષમતા વિકસાવવી છે. આ કાર્યક્રમમાં ઘણી બધી સર્જનાત્મક સ્પર્ધાઓનું આયોજન કરેલ છે અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ દ્વારા ભાગ લેવામાં આવ્યો છે. જેમાં વકતૃત્વ, ફોટો ફીચર, સ્ટોરી ટેલીંગ, ક્રિએટીવ રાયટીંગ, આર.જે.હન્ટ, ટ્રેડીશનલ પેઇન્ટઆર્ટ, એડવર્ટાઈઝમેન્ટ મેકિંગ, મોનો એકિંટગ/નુક્કડ નાટક, ઓન ધ સ્પોટ રેપોર્ટીંગ, ટ્રેઝર હન્ટ, શોર્ટ ફિલ્મ જવે સ્પર્ધાઓનું આયોજન કરેલ છે. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. આર. સી. ગઢવીના સતત માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ વિશિષ્ટ કાર્યક્રમનું સંચાલન અને સુરક્ષા કાર્યાન્વયન વિભાગનાં વિદ્યાર્થીઓ તથા જર્નાલિઝમ અને માસ કમ્યુનિકેશન વિભાગના કો–ઓર્ડિનેટર શ્રી ડૉ. ભરત ઠાકોર અને અધ્યાપકશ્રી કિરણ મિત્તલ તથા અધ્યાપકશ્રી નિલય પુરણીકના નેતૃત્વ હેઠળ કરવામાં આવેલ છે.

### મીડિયા બઝ–૨૦૨૩






ભારત જી–૨૦ની અધ્યક્ષતા કરી રહ્યું છે. જે અંતર્ગત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આગામી સપ્ટેમ્બર મહિના સુધી જી–૨૦ને લગતા અનેક પ્રકારના કાર્યક્રમ કરનારી છે. જેનો પહેલો કાર્યક્રમ ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશનનો મીડિયા બઝ–૨૦૨૩ હતો. મીડિય બઝ–૨૦૨૩ માં મીડિયાને લગતી ૧૧ પ્રકારની સ્પર્ધા છે. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના જુદા જુદા વિભાગ તથા કોલેજોની સાથે ગુજરાત યુનિવર્સિટી, એમ.એસ.યુનિવર્સિટી અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મળી ૭૮૫ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. એટલું જ નહીં, ૧૧ સ્પર્ધામાં ચારેય યુનિવર્સિટીના બાંગ્લાદેશ, મોરેશિયસ, યુગાન્ડા, અફઘાનિસ્તાન, નાઈઝેરિયા, ઇન્ડોનેશિયા, તાનઝાનિયા, અંગોલા, અલઝેરિયા, મોઝેમ્બિક્યુ અને નેપાલ સહિતના વિદેશી વિદ્યાર્થીઓએ પણ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાં પહેલા દિવસે એટલે કે બુધવારે ચાર સ્પર્ધા યોજાય હતી. જેમાં ફોટો ફિચર, ઈલોક્યુશન, સ્ટોરી ટેલિંગ અને ક્રિએટિવ રાઈટિંગની સ્પર્ધા હતી. જેમાં ૧૪૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ચારેય સ્પર્ધામાં પહેલો, બીજો અને ત્રીજો નંબર મેળવનારન વિદ્યાર્થીઓને ટ્રોફિ અને અન્ય ભાગ લેનાર વિદ્યાર્થીઓને સર્ટીફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના પ્રારંભમાં કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડાએ ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રવચન આપતા જણાવ્યું હતું કે જી–૨૦ અંતર્ગત પહેલો કાર્યક્રમ મીડિયા બઝ–૨૦૨૩ છે. મીડિયા ફોર્થ પીલર છે અને વિશ્વકક્ષાએ મીડિયાનો રોલ ખૂબ જ મહત્વનો હોય છે. સરકાર અને સમાજ અનેક કાર્યો કરી રહ્યા છે.,જેમાં મીડિયાએ મહત્ત્વની ભૂમિકા ભજવવાની રહેતી હોય છે. ત્યારબાદ કુલસચિવશ્રી ડૉ.રમેશદાન ગઢવીએ જણાવ્યું હતું કે જી–૨૦ અંર્તગત યુનિવર્સિટી આગામી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ સુધી અનેક કાર્યક્રમો યોજાશે જેનો પહેલો કાર્યક્રમ મીડિયા બઝ–૨૦૨૩ છે. મીડિયા બઝ–૨૦૨૩ કાર્યક્રમ યોજવા બદલ જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન ડિપાર્ટમેન્ટના કો–ઓર્ડિનેટર શ્રી ડૉ. ભરત ઠાકોર સાથે ફેકલ્ટી અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

ઉપરાંત કાર્યક્રમમાં ડિપાર્ટમેન્ટના કો–ઓર્ડિનેટર શ્રી ડૉ. ભરત ઠાકોરે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી રમેશદાન સી. ગઢવી અને કોમર્સ ફેકલ્ટીના સેનેટ સભ્યશ્રી પ્રદ્યુમન જરીવાલાનું સ્વાગત સાથે આભાર વ્યકત કર્યો હતો. કાર્યક્રમમાં ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશનની ફેકલ્ટી શ્રી ડૉ. કિરણ મીત્તલ અને શ્રી નિલય પુરાણિક પણ હાજર રહ્યા હતા.

મીડિયા બઝ–૨૦૨૩ના પહેલા દિવસે યોજાયેલ ફોટો ફિચર સ્પર્ધામાં પહેલો નંબર એમ.એસ.યુનિવર્સિટીની વિદ્યાર્થીની હેત્વી શર્માનો, બીજો નંબર ગુજરાત યુનિવર્સિટી, આઈસીસીઆરની અને બાંગ્લાદેશની વિદ્યાર્થિની રીમ્મી રફીક તથા ત્રીજો નંબર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનો બાયોટેકના વિદ્યાર્થી જયનુલ ચૌધરી અને એમ.એસ. યુનિવર્સિટીની વિદ્યાર્થિની કૃપાલી ભટ્ટ આવી હતી. જેમને અનુક્રમે ટ્રોફિ સાથે સર્ટિફિકેટ એનાયત કરાયા હતા.જ્યારે ભાગ લેનાર અન્ય વિદ્યાર્થીનીઓ પણ સર્ટીફિકેટ એનાયત કરાયા હતા.

મીડિયા બઝ–૨૦૨૩ની બીજી સ્પર્ધા ઇલોક્યુશન હતી. જેમાં પહેલો નંબર ઓરો યુનિવર્સિટીના વિદ્યાર્થી સાગર સારદા, બીજા નંબર પર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સી.ડી.પચ્ચીગર કૉલેજના વિદ્યાર્થી વિરલ તંબોલી અને ત્રીજા નંબર પર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની વી.બી.શાહ કૉલેજના વિદ્યાર્થી લાખાણી હર્ષ આવ્યા હતા. જેમને પણ અનુક્રમે ટ્રોફિ સાથે સર્ટિફિકેટ એનાયત કરાયા હતા. ઉપરાંત ભાગ લેનાર વિદ્યાર્થીઓને સર્ટીફિકેટ એનાયત કરાયા હતા.

મીડિયા બઝ–૨૦૨૩ની ત્રીજી સ્પર્ધા સ્ટોરી ટેલિંગમાં પહેલો નંબર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની વી.બી.શાહ કૉલેજના વિદ્યાર્થી લાખાણી હર્ષનો આવ્યો હતો. જે પછી બીજો નંબર ઓરો યુનિવર્સિટીના વિદ્યાર્થી સાગર સારદા અને ત્રીજા નંબર પર એમ.એસ.યુનિવર્સિટી, આઈસીસીઆરની વિદ્યાર્થીની મોરોકોની એશિયા બૂકાબીન આવી હતી. જેમને પણ અનુક્રમે ટ્રોફિ સાથે સર્ટિફિકેટ એનાયત કરાયા હતા. ઉપરાંત ભાગ લેનાર વિદ્યાર્થીઓને સર્ટીફિકેટ એનાય કરાયા હતા. મીડિયા બઝ–૨૦૨૩ની ચોથી સ્પર્ધામાં ક્રિએટિવ રાઈટિંગ સ્પર્ધાનું પરિણામ આગામી દિવસોમાં જાહેર થશે.

## ત્રણ દિવસીય 'સક્ષમ નેતૃત્વ' કાર્યક્રમ




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન વિભાગના વિદ્યાર્થીઓ હિરેન ટેલર, શુભમ, સત્યમ, આત્મન, કૃતાર્થ, કિંજલ, તાહા, અંજલિ, વૃતિ અને વિશ્વા રાષ્ટ્રીય સ્તરે કાર્યરત દિશા ફાઉન્ડેશનના ત્રણ દિવસીય 'સક્ષમ નેતૃત્વ' કાર્યક્રમના સંપૂર્ણ મીડિયા કવરેજ માટે કાર્યરત છે. જેમાં તેમણે ગુજરાતના ગૃહમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, રાજ્યસભાના સભ્યશ્રી મહેશચંદ્ર શર્મા, ગુજરાતના ભૂતપૂર્વ કેબિનેટ મંત્રીશ્રી પૂર્ણેશભાઈ મોદી, સુરત પોલીસ કમિશનર અજય તોમર, ભાગવદ ગીતા નિષ્ણાંત શ્રી રાજેન્દ્ર શાસ્ત્રી, હાઈકોર્ટના એડવોકેટ શ્રી અશ્વિની ઉપાધ્યાય, ભાજપના રાષ્ટ્રીય જર્નલ સેક્રેટરી અને આર.એસ.એસ. કાર્યકર શ્રી

રામ માધવજી, મહારાષ્ટ્રના નિવૃત કલેકટર કમલ તાઓરી, એમ.એસ.યુ. બરોડા સેનેટ સભ્યશ્રી જીગર ઈનામદાર, પ્રશાસન અને આર્મી ટ્રેનર શ્રી વિક્રાંત તોમર, ભારત પ્રકાશનના સંસ્થાપકશ્રી પ્રફુલ્લ ખેતકર, ડી.ડી.ન્યુઝ એન્કરશ્રી અશોક શ્રીવાસ્તવ, ગીનીસ વર્લ્ડ રેકોર્ડ હોલ્ડરશ્રી મિલિંદ વર્લેકર, પી.પી.સવાણી યુનિવર્સિટીના અધ્યાપક શ્રી સુમિત વઘેર, અને પદ્મશ્રી ફૂલબસંત બાઈ યાદવ સાથે મુલાકાત કરી અને પત્રકાર પરિષદ યોજાયેલ હતી. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી અને માસ કોમ્યુનિકેશન વિભાગના ડૉ. કિરણ મિત્તલે વિદ્યાર્થીઓને પુસ્તકો આપીને પ્રોત્સાહિત કર્યા હતા અને તેઓના ભવિષ્યના માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

દિશા ફાઉન્ડેશનને વિદ્યાર્થીઓને તેમના પ્રશંસનીય પ્રયત્નો માટે બિરદાવ્યા હતા અને ભવિષ્યમાં પણ તેમની સાથે જોડાયેલા રહેવાની આશા વ્યકત કરી હતી અને સક્ષમ મીડિયા ટીમ મોકલવા બદલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનો આભાર માન્યો હતો.

## ફેલોશીપમાં પસંદગી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ડીપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમ એન્ડ માસકમ્યુનિકેશન વિભાગ દ્વારા તથા માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના સતત પ્રોત્સાહન અને માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓને રોજગારી આપવામાં આવી. પત્રકારત્વક્ષેત્રના વિદ્યાર્થીઓ માટે 'મીડિયા ફેલોશિપ યોજના' રાજયસરકાર દ્વારા ૨૦૧૯–૨૦ થી શરૂ કરવામાં આવેલ છે. આ ફેલોશિપ યોજના અંતર્ગત ડીપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમ એન્ડ માસકમ્યુનિકેશનના ૩ વિદ્યાર્થીઓ સાગર ઉમેદભાઈ સોલંકી, મનીષ હરગોવિંદ શુકલા, અનુપમ ચમનપ્રકાશ શર્માની પસંદગી મેરિટના ક્રમ અનુસાર 'ફેલો' તરીકે પસંદગી કરવામાં આવી છે. આ મીડિયા ફેલોશિપ યોજના અન્વયે 'ફેલો' તરીકે તા. ૨૩/૧/૨૦૨૩ થી તા. ૨૨/૧/૨૦૨૪ સુધી એક વર્ષ માટે પસંદગી કરવામાં આવે છે. આ યોજનામાં પસંદગી પામેલ તમામ ઉમેદવારોએ અનુસ્નાતકની ડિગ્રી મેળવેલ હોય, તેઓએ માસિક રૂા. ૨૦,૦૦૦/–ની રકમ 'ફેલોશિપ' તરીકે મળવાપાત્ર થશે.

## Department of Commerce

## સફાઈ અભિયાન

ગુજરાતના રાજયપાલ દ્વારા તમામ યુનિવર્સિટી અને કૉલેજોને સ્વચ્છતા અભિયાનમાં વિદ્યાર્થીઓને જોડાવવાની હાકલ કરી છે. જેના ભાગરૂપે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરિસરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની જાગૃતિ માટે ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ દ્વારા સફાઈ ઝુંબેશ તા. ૨૭/૧૨/૨૦૨૨ને મંગરવારના રોજ આદરવામાં આવી હતી. યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ પાસેના કેમ્પસ ખાતે વિભાગના કો–ઓર્ડિનેટર, અધ્યાપકો તેમજ વિભાગમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ દ્વારા પ્લાસ્ટિક અને અન્ય કચરો એકત્રીત કરી પરિસરની સફાઈ કરવા માટે સૌ કટીબધ્ધ થયા હતાં.



## મુલાકાત





તા. ૨૮ ડિસેમ્બર, ૨૦૨૨ને બુધવારના રોજ ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા વૃદ્ધાશ્રમની મુલાકાતનું આયોજન સવારે ૯ થી બપોરે ૧૨ દરમ્યાન કરવામાં આવ્યુ હતું. વૃદ્ધાશ્રમ શ્રી મોઢેશ્વરી હિતવર્ધક ચેરીટેબલ ટ્રસ્ટ, હનુમાનજી મંદિર પાસે, ભાઠા, સુરત ખાતે સ્થિત છે. ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સના કો–ઓર્ડિનેટર ડૉ. ફાલ્ગુની એમ. ઠક્કર, સ્ટાફ સભ્યો અને ૫૦ જેટલા વિદ્યાર્થીએ આ વૃદ્ધાશ્રમ ની મુલાકાત લઈ તેમને મળવા અને તેમની સાથે સમય વિતાવ્યો હતો. વૃદ્ધાશ્રમમાં દરેક વ્યકિતઓએ તેમની સાથે વાતો કરીને સમય વિતાવી તેમના પ્રિયજનો આસપાસ ન હોવાનું દુઃખ ભુલાવી દીધું હતું.

મુલાકાત દરમ્યાન વિવિધ રમતો અને અંતાક્ષરી રમવા અને સાથે નૃત્યનો આંનદ માળવા માટે બધાને પ્રોત્સાહીત કરી સૌના હૃદયને આંનદ અને સંતોષથી ભરી દીધાં હતાં. અંતાક્ષરીની એક સંગીતમય રમત દ્વારા દાદા–દાદીએ અમુલ્ય ગીતોનો ખજાનો ખોલી દીધો હતો. અને સાથે જ અમુક ગીતો સાથે જોડાયેલ તેમની યાદગીરી અને તેમના પ્રેરણાદાયી વિચારો પણ પ્રગટ કર્યા હતા. મુલાકાતના અંતે સૌ વિદ્યાર્થીઓને પોતાના વડિલોના આદર સમ્માન કરવા અને વર્તન કરવાના શપથ લેવડાવી ફરીવાર મુલાકાત લેવાના વચન સાથે સૌ છુટા પડયા હતાં.

## Depatment of Economics

### વર્કશોપ

તા. ૨–૧–૨૦૨૩ને સોમવારના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે આવેલા અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા '15 Day Workshop on Project/ Dissertation Preparation' વિષય પર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. જેની શુભ શરૂઆત તા. ૨/૧/૨૦૨૩નાં રોજ અર્થશાસ્ત્ર વિભાગનાં કમ્પ્યૂટર લેબમાં કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા અને ડૉ.આર.સી.ગઢવીની ઉપસ્થિતીમાં કરવામાં આવી હતી. પ્રસ્તુત વર્કશોપનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને સંશોધનની કામગીરી અંગે જરૂરી માહિતી પૂરી પાડવાનો અને SPSS સોફટવેરનો સંશોધનમાં કઈ રીતે ઉપયોગ કરી શકાય તેનું વ્યવહારિક જ્ઞાન આપવાનું છે. વર્કશોપની શરૂઆત કરતા ડૉ. યોગેશ એન. વાસિયા દ્વારા વર્કશોપની પૂરી માહિતી આપી હતી ત્યારબાદ કુલપતિશ્રી તથા કુલસચિવશ્રીનું શાબ્દિક સ્વાગત કરી પુસ્તક ભેટ સ્વરૂપે અર્પણ કરવામાં આવી હતી. વર્કશોપને આગળ વધારવા અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા વર્કશોપનું આયોજન કયાં હેતુસર કરવામાં આવ્યું તેમાં શું શું શીખવાડવામાં આવશે અને તેનો ઉપયોગ વિદ્યાર્થીઓને ભવિષ્યમાં કઈ રીતે થઈ શકશે તે અંગે ચર્ચા કરી હતી. તે ઉપરાંત કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી દ્વારા અર્થશાસ્ત્ર વિભાગમાં આવારનવાર કાર્યક્રમ, સેમિનાર અને વર્કશોપનું આયોજન કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે તે બદલ આભાર વ્યકત કર્યો હતો. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ પોતાના વકતવ્ય દ્વારા વર્કશોપનું આયોજન કરવા બદલ અને ભવિષ્યમાં પણ અનેક પ્રકારનાં વર્કશોપ, સેમિનાર અને અનેક કાર્યક્રમોનું આયોજન વિદ્યાર્થીઓનાં હિત અર્થે કરવામાં આવે તેની અપેક્ષા દાખવી હતી. પ્રસ્તુત વર્કશોપ ૧૫ દિવસ સુધી ચાલુ રેહશે. વર્કશોપમાં એમ.એ. સેમ–૨, સેમ–૪ અને M.L.I.Sc.નાં કુલ ૬૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે.











## રમતગમત ક્ષેત્રે સિદ્ધિ





વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં અર્થશાસ્ત્ર વિભાગનાં વિદ્યાર્થીઓ રમતગમત ક્ષેત્રે ઝળકયા. જેમાં એમ.એ. સેમ–૪ માં અભ્યાસ કરતા વિદ્યાર્થી સારંગ વ્રજ દિનેશચંદ્ર ઓલ ઇન્ડિયા ઇન્ટર યુનિવર્સિટી કરાટે (ભાઈઓ) ટુર્નામેન્ટમાં પસંદગી પામ્યા છે. આ ખેલાડી છત્તીસગઢમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરશે, ત્યારબાદ અર્થશાસ્ત્ર વિભાગમાં એમ.એ. સેમ–૨ માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની ગામીત મયુરી મહેન્દ્રસિંહ એથ્લેટ્સ તરીકે લોંગ જંપ રમતમાં પસંદગી પામેલ છે. આ ખેલાડી ચેન્નાઈ ખાતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરશે. આ બંને વિદ્યાર્થીઓએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું રમતગમત ક્ષેત્રે નામ રોશન કર્યુ છે અને ગૌરવ વધાર્યુ છે. યુનિવર્સિટીનાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તથા અર્થશાસ્ત્ર વિભાગના વડાશ્રી ડૉ. ગૌરાંગ રામી દ્વારા તેમને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

## માર્ગદર્શન કાર્યક્રમ




















તા. ૯–૧–૨૦૨૩ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે સ્થિત અર્થશાસ્ત્ર વિભાગનાં પ્રયાસથી વિદ્યાર્થીઓનાં હિત અને વિદ્યાર્થીઓનાં હિત અને સર્વાંગી વિકાસ માટે 'GSET and NET Preparation For General Paper-1' પર વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પેપર–૧નાં વિવિધ પાસાને આધારે વિદ્યાર્થીઓને નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. તા. ૯/૧/૨૦૨૩નાં રોજ પ્રસ્તુત કાર્યક્રમનું ઉદ્ઘાટન કુલપતિશ્રી કિશોરસિંહ ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી દ્વારા કાર્યક્રમમાં હાજરી આપવામાં આવી હતી. પ્રસ્તુત કાર્યક્રમની શરૂઆતમાં પરંપરાગત રીતે દીપપ્રાગટયા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ડૉ. મનિષ પટેલ દ્વારા કાર્યક્રમની શરૂઆત કરી કુલપતિશ્રી અને કુલસચિવશ્રીનું સ્વાગત અને સ્મૃતિભેટ સ્વરૂપે પુસ્તક આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા પ્રસ્તુત કાર્યક્રમની રૂપરેખા અંગે અને ભવિષ્યમાં વિદ્યાર્થીઓને GSET અને NETની પરીક્ષા આપતા સમયે પ્રસ્તુત વર્ગનું જ્ઞાન મદદરૂપ બનશે. ત્યારબાદ કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી દ્વારા

વિદ્યાર્થીઓને સંબોધન આપવામાં આવ્યું જેમાં કુલસચિવશ્રી દ્વારા પોતાના GSET અંગેના અનુભવો પણ વ્યક્ત કરવામાં આવ્યા. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું કે પ્રસ્તુત કાર્યક્રમ વિદ્યાર્થી હિત માટે છે તેમાં ભાગ લઈ તેનું જીવનમાં અનુસરણ કરવું માત્ર સ્પર્ધાત્મક પરીક્ષા અંગે જ ધ્યાનમાં ન લેતા જીવનમાં મદદરૂપ બને તેવી રીતે શીખવામાં કાળજી રાખવી. કાર્યક્રમનાં અંતે ડૉ. મનિષ પટેલ દ્વારા કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, યુનિવર્સિટીના સેનેટ, સિન્ડીકેટ સભ્યશ્રીઓ તથા વિષય નિષ્ણાતોનું પણ અભિવાદન કર્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમમાં ૮૦ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

## યુવા દિવસની ઉજવણી









તા. ૧૨–૧–૨૦૨૩નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે સ્થિત અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીના માર્ગદર્શન હેઠળ શ્રી વિવેકાનંદ જન્મ જયંતી નિમિત્તે યુવા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓ માટે વકૃત્વ સ્પર્ધા અને નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સ્પર્ધાનો વિષય શ્રી સ્વામી વિવેકાનંદનું જીવન ચારિત્ર હતો. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે દીપ પ્રાગટય અને શ્રી સ્વામી વિવેકાનંદને પુષ્પ અર્પણ કરીને કરવામાં આવી. ત્યારબાદ અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા પ્રસ્તુત અવસર સ્વામી વિવેકાનંદ વિષે વકતવ્ય પ્રગટ કરીને વિદ્યાર્થીઓને પ્રેરિત કરવામાં આવ્યા. કાર્યક્રમ આગળ વધારતા ડૉ. મનિષ આર. પટેલ દ્વારા વકૃત્વ સ્પર્ધાનાં નિયમો વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યા. વકૃત્વ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ શ્રી સ્વામી વિવેકાનંદ વિષે રસપ્રદ વકત્વય રજુ કર્યા. ત્યારબાદ વિદ્યાર્થીઓનાં વકૃત્વનાં આધારે પ્રથમ, અને દ્વિતીય અને તૃતિય ક્રમ આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. તેવી જ રીતે નિબંધ સ્પર્ધામાં પણ સ્વામી વિવેકાનંદ વિષય પર નિબંધ લખીને વિદ્યાર્થીઓ દ્વારા આપવામાં આવ્યા અને પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમ આપવામાં આવ્યા. કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓમાં વાંચન, લેખન અને જ્ઞાનમાં વધારો કરવાનો અને આધુનિક યુગમાં સમસ્યા અને પડકારોનો સામનો કરવા માટે સ્વામી વિવેકાનંદના વિચારો કઈ રીતે ઉપયોગી બને તે સમજવાનો હતો.

## Sports Day Celebration

તા. ૧૭/૧/૨૦૨૩નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે સ્થિત અર્થશાસ્ત્ર વિભાગ અને ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે રમત ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ રમતો જેવી કે ગોળાફેંક, ચક્રફેંક, દોડ, લાંબીકુદ, દોરડાકુદ, બેડમિન્ટન, ટેબલ ટેનિસ, ક્રિકેટ જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ તથા અધ્યાપક ગણ અને બિનશૈક્ષણિક કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. રમત દરમિયાન વિદ્યાર્થીઓનો ઉત્સાહ અને મનોબળ વધારવા માટે વિજેતા ખેલાડીને પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમ આપવામાં આવ્યા હતા. દરેક રમતમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને રમતનાં ડૉ. ગૌરાંગ ડી. રામી, ડૉ. યોગેશ એન. વાંસિયા, ડૉ. મનીષ આર. પટેલ, ડૉ. શૈલેષ પટેલ અને ડૉ. પ્રવીણ પટેલ દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગનાં વિદ્યાર્થીઓની સામે અર્થશાસ્ત્ર અને ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગનાં અધ્યાપકગણ અને બિનશૈક્ષણિક કર્મચારીની ટીમ ક્રિકેટ મેચ રમી હતી અને તેમાં વિજય મેળવ્યો હતો.







## Expert Lecture

તા. ૩૧/૧/૨૦૨૩ ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં સ્થિત અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા G20 Presidency અંતર્ગત Expert Lectureનું આયોજન કરવામાં આવ્યું હતું જેનો વિષય 'Fourth Industrial Revolition (Industry 4.0) and Indian Economy: Components, Issues and Concerns' હતો. આ કાર્યક્રમનાં મુખ્ય અતિથિ તરીકે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા ઓનલાઈન માધ્યમ દ્વારા અને કુલસચિવશ્રી ડૉ. આર.સી. ગઢવી પ્રત્યક્ષ હાજર રહ્યા હતા. પ્રસ્તુત કાર્યક્રમનું સંચાલન ડૉ. યોગેશ એન. વાસિયા અને ડૉ. ગૌરાંગ ડી. રામીએ કર્યું હતું. કાર્યક્રમની શરૂઆત ડૉ. યોગેશ એન. વાસિયા દ્વારા વિદ્યાર્થીઓનાં અને મુખ્ય અતિથિનાં શાબ્દિક સ્વાગત દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પરંપરાગત રીત દીપ પ્રાગટયથી કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમને આગળ વધારતા કાર્યક્રમ વિષે પ્રાથમિક માહિતી ડૉ. યોગેશ એન. વાસિયા દ્વારા આપવામાં આવી હતી. ત્યારબાદ ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવીનું પુસ્તક ભેટ સ્વરૂપે આપી સ્વાગત કરવામાં આવ્યું અને ડૉ. ગૌરાંગ ડી. રામીનું સ્વાગત ડૉ. મનિષ આર. પટેલ દ્વારા કરવામાં આવ્યું. પ્રસ્તુત કાર્યક્રમ વિષે કુલસચિવશ્રી આર.સી.ગઢવી અને કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા પ્રેરણાત્મક વકતવ્ય રજુ કરવામાં આવ્યું. મુખ્ય વકતા તરીકે ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા પોતાનું વકતવ્ય રજૂ કરવામાં આવ્યું. પ્રસ્તુત વિષય સંદર્ભે ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા વિસ્તારપૂર્વકની સમજ પૂરી પાડવામાં આવી જેમાં ઔદ્યોગિક ક્રાંતિના પ્રથમ ચરણથી ચોથા ચરણ વિષે ટૂંકમાં ચર્ચા કરી, ત્યારબાદ આવનારા સમય દરમ્યાન કયા પ્રકારની ઔદ્યોગિક ક્રાંતિ થઈ શકે તેમ છે તેની પણ ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ ડૉ. મનિષ આર. પટેલ દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અને કાર્યક્રમ કરવા માટે મંજુરી અને પ્રેરણા આપવા બદલ વિભાગ તરફથી કુલપતિશ્રી, કુલસચિવશ્રી, વિભાગીય અધ્યક્ષશ્રી, સેનેટ સભ્યશ્રી, વિભાગીય અધ્યાપકો તથા વિદ્યાર્થીઓનો આભાર વ્યકત કરી કાર્યક્રમની પુર્ણાહૂતી કરવામાં આવી હતી. પ્રસ્તુત કાર્યક્રમમાં અર્થશાસ્ત્ર વિભાગ અને અન્ય વિભાગનાં વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકો પણ જોડાયા હતા.






Veer Narmad South Gujarat University,
Surat
G20
Time for India's Presidency
DEPARTMENT OF
ECONOMICS
VNSGU


Time for
India's
Presidency


Veer Narmad South Gujarat University,
Surat
G20
Time for
India's
Presidency
DEPARTMENT OF
ECONOMICS
VNSGU



Veer Narmad South Gujarat University
Surat




DEPARTMENT OF ECONOMICS
VNSGU




VNSGU
G20


G20 India Presidency
G20 Working and Engagement Group Think20 (T20): Expert Lecture on
Fourth Industrial Revolution (Industry 4.0) and Indian Economy:
Components, Issues and Concerns
: Chief Guest :
Dr. Kishorsinh N. Chavda
: Guest of Honour :
Dr. R. C. Gadhvi
: Speaker :
Dr. Gaurang D. Rami
: Expert Lecture Coordinators :
Dr. Yogesh N. Vansiya
Dr. Manish R. Patel
आज़ादी का अमृत महोत्सव
Organized by
Department of Economics and

## કૉલેજ ન્યૂઝ

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી

### સ્કિટ સ્પર્ધામાં વિજેતા



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા આયોજિત ૪૯મો યુવા મહોત્સવ–૨૦૨૩ અંતર્ગત સ્કિટ સ્પર્ધામાં જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી પ્રથમ ક્રમે વિજેતા બન્યું. સ્પર્ધાના સૌ કલાકારોને જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી, ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા, શૈક્ષણિક તેમજ વહીવટી સ્ટાફ તથા કૉલેજના વિદ્યાર્થીઓ તરફથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

### ખાસ શિબિર





જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના NSS યુનિટ દ્વારા પરિયા ગામ ઓલપાડ ખાતે ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ તા. ૨૯/૧૨/૨૦૨૨ થી તા. ૪/૧/૨૦૨૩ને બુધવાર સુધી સાત દિવસીય વાર્ષિક ખાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ખાસ શિબિરમાં એન. એસ.એસ.ના સ્વયં સેવકોએ પરિયા ગામના મંદિરની પરિસરના, પાણીની ટાંકાની આજુબાજુમાં, પ્રાથમિક શાળામાં, રસ્તાઓ પર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, આંગણવાડી કેન્દ્ર, શેરીઓમાં, બેંક અને પોસ્ટ ઓફિસ સુધીના રસ્તાઓ, વડની આજુ બાજુ વગેરે જગ્યાઓ પર સાફ–સફાઈનું શ્રમ કાર્ય કર્યું હતું અને સમગ્ર ગામમાં વૃક્ષોના થડ પર તેમજ દિવાલો પર કલર કામ કરવામાં આવ્યું હતું. સાથે સાથે રક્તદાન શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

ઉપરોક્ત ખાસ શિબિર દરમ્યાન કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા, યુનિવર્સિટીના એન.એસ.એસ.ના કો–ઓર્ડિનેટર શ્રી પ્રકાશચંદ્ર, સિન્ડીકેટ મેમ્બર શ્રી કિરણભાઈ ઘોઘારી, ડૉ. મુકેશભાઈ જગીવાલા, સેગવા પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી નરસિંહભાઈ ઝીઝાલા, જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, ઉપપ્રમુખશ્રી ગિરધર ગોપાલજી, ઉપપ્રમુખશ્રી ભાનુભાઈ શાહ, મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, મંત્રીશ્રી અનુજભાઈ શાહ, પરિયા ગામના સરપંચશ્રી અનિરુધ્ધસિંહ ગોહિલ, ઉપસરપંચશ્રી ભાસ્કરભાઈ પટેલ તેમજ પ્રાથમિક શાળાના આચાર્યશ્રી હર્ષદભાઈ પંચાલ, અમરોલીની રા.વ.પટેલ હાઈસ્કુલના આચાર્યશ્રી દિલીપસિંહ મહીડા, ગ્રામ અગ્રણીશ્રીઓ શ્રી અજીતસિંહ, શ્રી અશોકભાઈ, શ્રી પ્રવીણસિંહ, ભાજપ યુવા મંત્રીશ્રી પ્રિન્સ મહીડા, રિટાર્યડ આચાર્યશ્રી ફતેહસિંહ મહીડા વગેરેએ શિબિરની મુલાકાત લઈ સ્વયંસેવકોનો સર્વાંગી વિકાસ માટે યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું.

આ ખાસ શિબિરમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માતૃશ્રી હીરાબા મોદીનું દેહાંત થવાથી તેઓના આત્માની શાંતી માટે મૌન ધારણ કરી શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી. આ ખાસ શિબિરમાં પર્યાવરણ બચાવો, જળ એ જ જીવન, સ્ત્રી સશકિતકરણ અને વ્યસન મુકિત વગેરે સ્લોગનો સાથે પરિયા ગામમાં રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

અંતિમ દિવસે પૂર્ણાહૂતી કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ મહેમાનો, ગ્રામ અગ્રણીશ્રીઓ તથા તમામ સ્વયંસેવકો પાસે ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા દ્વારા અંગદાનની જાગૃતિ માટે શપથ લેવડાવવામાં આવી હતી. અંતે રાષ્ટ્રગાન દ્વારા શિબિરની પૂર્ણાહૂતી કરવામાં આવી હતી. ઉપરોક્ત ખાસ શિબિર માટે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. વિજયભાઈ, પ્રા.

જીતેન્દ્રભાઈ, પ્રા. નિહારીકાબેન, પ્રા. ડૉ. મયંકભાઈ અને પ્રા. પંકજભાઈએ ખાસ શિબિરનું આયોજન કરવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.

## વિજેતા



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા આયોજિત ૪૯મો યુવા મહોત્સવ–૨૦૨૩ અંતર્ગત જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી દેસાઈ કોમર્સ કૉલેજ અમરોલીએ વિવિધ ૨૨ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જે પૈકી એકાંકી નાટકમાં પ્રથમ ક્રમે (Somewhere in INDIA), સ્કિટ સ્પર્ધામાં પ્રથમ ક્રમે (રાક્ષસ), ડિબેટ સ્પર્ધામાં પ્રથમ ક્રમે અને કાર્ટૂન મેકિંગ ઓન કરંટ ઈશ્યુ સ્પર્ધામાં તૃતિય ક્રમે વિજેતા બની. આ ઉપરાંત ચં.ચી.મહેતા એવોર્ડ સ્ત્રી પાત્ર માટે એસ.વાય. બી.કોમની વિદ્યાર્થિની કુ. સિરસઠ ઉન્નતિ નરેન્દ્રભાઈ (ઉષા મહેતાના પાત્ર માટે) અને પુરુષ પાત્ર માટે ટી.વાય. બી.કોમનો વિદ્યાર્થી મકવાણા સાહિલ સુરેશભાઈ (બાબુભાઈના પાત્ર માટે)ને આપવામાં આવ્યા હતા. વિજેતા ટ્રોફી શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયા, કુલપતિશ્રી પ્રિ.ડૉ.કિશોરસિંહ ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીના વરદહસ્તે એનાયત કરવામાં આવી હતી. જુદી જુદી સ્પર્ધાઓમાં ભાગ લીધેલ સૌ સ્પર્ધાક કલાકારોને જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી, ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા, શૈક્ષણિક તેમજ વહીવટી સ્ટાફ તથા કૉલેજના વિદ્યાર્થીઓ તરફથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

## કારકિર્દી માર્ગદર્શન સેમિનાર



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં તા. ૭–૧–૨૦૨૩ને શનિવારના રોજ કારકિર્દી માર્ગદર્શન કલબ કમિટી અંતર્ગત ઈ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ 'સ્પર્ધાત્મક પરીક્ષા માટે કારકિર્દી માર્ગદર્શન' સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વકતા તરીકે શ્રી હરેન્દ્રસિંહ તોમર હાજર રહી વિદ્યાર્થીઓને GPSC, UPSC, રેલ્વે, બેંકની વિવિધ પરીક્ષાઓની તૈયારી કરવા અંગે સચોટ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કૉલેજના ટી.વાય.બી.કોમના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. ચિરાગભાઈ સિધ્ધપુરિયા અને આભારવિધિ પ્રા. મયંકભાઈ સોઢા દ્વારા કરવામાં આવી હતી.

## સેમિનાર



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં તા. ૭/૧/૨૦૨૩ને શનિવારના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ 'કારકિર્દી માર્ગદર્શન અને વિદેશમાં શિક્ષણ'ના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વકતા તરીકે શ્રી વિરલભાઈ બરાડ હાજર રહી વિદ્યાર્થીઓને વિદેશમાં કારકિર્દીના આયોજન અને વિદેશમાં શિક્ષણ લેવા માટેની જરૂરી માહિતી આપવામાં આવી હતી. ઇ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણાએ પુસ્તકો દ્વારા અને પ્રા.ડૉ.સેજલબેન દેસાઈએ શબ્દો દ્વારા શાબ્દિક સ્વાગત કર્યું હતું.

કાર્યક્રમની શુભ શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. કૉલેજના ટી.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. સેજલબેન દેસાઈ અને આભારવિધિ પ્રા. તરુણાબેન મોદી દ્વારા કરવામાં આવી હતી.

## વકતૃત્વ સ્પર્ધા

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં તા. ૧૬ જાન્યુઆરી ૨૦૨૩ને સોમવારના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ 'માર્ગ સલામતી

સપ્તાહ ઉજવણી અંતર્ગત વકતૃત્વ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એ.એસ.આઈ. શ્રી લલ્લુભાઈ, શ્રી કંચનભાઈ, એલ.આર. શ્રી પંકજભાઈ, શ્રી વિશાલભાઈ, શ્રી અલીઅસગર, શ્રી અંકીતભાઈ, ટી.આર.બી. શ્રી અશ્વિનભાઈ હાજર રહી વિદ્યાર્થીઓને માર્ગ સલામતી અને ટ્રાફિકના નિયમો અંગે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઇ.ચા.પ્રિ. ડૉ. રાજેશકુમાર ડી. રાણાએ શબ્દો અને પુસ્તકો દ્વારા આમંત્રિતોનું સ્વાગત કર્યું હતું. જેમાં એન.સી.સી.ની ખૂબ મોટી સંખ્યામાં કેડેટ્સ હાજર રહ્યા હતા.

વકતૃત્વ સ્પર્ધામાં કુલ ૫૬ જેટલા એન.સી.સી. કેડેટ્સે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધામાં એસ.વાય.બી.કોમ.ની એન.સી.સી. કેડેટ્સ વરિયા અવંતિકા, ગોસ્વામી સ્નેહા અને હડિયા વિદ્યુતી અનુક્રમે પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમે વિજેતા બન્યા હતા.

સમગ્ર સ્પર્ધાનું સંચાલન એન.સી.સી.ના કેર ટેકર ઓફિસર પ્રા. ડૉ. સોનલબેન જરીવાલા અને આભારવિધિ પ્રા. પ્રિયંકાબેન વસાવા દ્વારા કરવામાં આવી હતી. અંતે રાષ્ટ્રગાન કરી સ્પર્ધાની પૂર્ણાહૂતી કરવામાં આવી હતી.



## ઈનોવિઝન–૨૦૨૩





જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં તા. ૧૭–૧–૨૦૨૩ થી તા. ૧૯–૧–૨૦૨૩ દરમ્યાન ઇ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ ત્રિદિવસીય કૉલેજ ફેસ્ટીવલ 'ઈનોવિઝન–૨૦૨૩'નું આયોજન કરવામાં આવ્યું. જેના ઉદઘાટન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા હાજર રહ્યા હતા. જેઓએ વિદ્યાર્થીઓને વિવિધ નવી ક્રીએટીવ રમતો દ્વારા વિદ્યાર્થીઓના શારીરિક અને માનસિક ઘડતર કેવી રીતે થાય તે સમજાવી પ્રોત્સાહન પૂરું પાડયું હતું. તેમજ અતિથિ વિશેષ તરીકે એસ્પાયર મલ્ટીમીડિયા એન્ડ ડીઝાઈનનીગ કંપનીના શ્રી ચિંતનભાઈ અને આઈડલ ઈમિગ્રેશન એન્ડ વિઝા કંપનીના મીતભાઈ પણ હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શુભ શરૂઆત પ્રાર્થના અને કૉલેજના ગીતથી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના વરદહસ્તે 'ઈનોવિઝન–૨૦૨૩'ની રીબીન કાપવામાં આવી. જેમાં કૉલેજના અધ્યાપકમિત્રો, વહીવટી સ્ટાફમિત્રો તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જે અંતર્ગત અલગ અલગ કુલ ૨૩ પ્રકારની સ્પર્ધાની શરૂઆત થઈ રહી છે. જેમ કે બોકસ ક્રિકેટ, રસ્સા ખેંચ, વોલીબોલ, ડાન્સ, ફેશન શો વગેરે વિવિધ રમતોમાં ૮૦૦ કરતા વધારે વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી ભાગ લીધો હતો. સમગ્ર વાતાવરણ આનંદ ઉલ્લાસ ભર્યું રહ્યું હતું.

## જન્મ જયંતીની ઉજવણી



એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં તા. ૨૩/૧/૨૦૨૩ને સોમવારના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ નેતાજી સુભાષચંદ્ર બોઝજીની ૧૨૬મી જન્મજયંતી નિમિત્તે નેતાજી સુભાષચંદ્રજીને પુષ્પાંજલિ અર્પણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ઇ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણા દ્વારા નેતાજીની રસપ્રદ કથા કહેવામાં આવી હતી. જેમાં NSS ના ૧૫૦ સ્વયં સેવકો/સેવિકા, ઇ.ચા.પ્રિ. ડૉ.રાજેશકુમાર ડી. રાણા તથા પ્રો.ઓફિસર વિજયભાઈ ચૌધરી, પ્રા. જિતેન્દ્રભાઈ ચૌધરી, પ્રા. હર્ષદભાઈ પટેલ, પ્રા. કનુભાઈ સુતરીયા દ્વારા નેતાજીને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

## વિજેતા



તા.૭/૧/૨૦૨૩ને શનિવારના રોજ SMC કોમ્યુનીટી હોલ, રૂસ્તમપુરા ખાતે પાવર લિફટીગ એસોસિએસન, ગુજરાત દ્વારા ગુજરાત રાજ્ય પાવર લીફટીગ ૨૦૨૨–૨૩ યોજાયેલ હતી. જેમાં જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ. શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં અભ્યાસ કરતી એફ.વાય.બી.કોમની. વિદ્યાર્થીનીઓ કુ. સોનલ શુકલા ૪૭ કિ.ગ્રા. વજન શ્રેણીમાં પ્રથમ, કુ.માનસી સિંઘ ૪૭ કિ.ગ્રા. વજન શ્રેણીમાં દ્વિતીય, ટી.વાય.બી.કોમની. વિદ્યાર્થીની કુ. ભાર્ગવી ચિત્રોડા ૫૨ (બાવન) કિ.ગ્રા. વજન શ્રેણીમાં પ્રથમ, એફ.વાય.બી. કોમની વિદ્યાર્થીની કુ.ઝીલ પટેલ ૫૨ (બાવન) કિ.ગ્રા. વજન શ્રેણીમાં દ્વિતીય ક્રમે તેમજ એફ.વાય.બી.કોમ.નો વિદ્યાર્થી આશિષકુમાર બડોડિયા ૯૩ કિ.ગ્રા. વજન શ્રેણીમાં પ્રથમ ક્રમે વિજેતા બન્યા હતા.

વિજેતાઓને જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી, ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી.રાણા, પ્રા.ડૉ.રૂસ્તમ એન. સદરી, શૈક્ષણિક તેમજ વહીવટી કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

## ધ્વજવંદન અને વસંતપંચમીની ઉજવણી



જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ. શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૩ ને ગુરૂવારના રોજ ૭૪ મો પ્રજાસત્તાક દિન નિમિત્તે સવારે ૭:૩૦ કલાકે અમરોલી કૉલેજના ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાના નેતૃત્વ હેઠળ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત શ્રી મનહરભાઈ એચ. પટેલ (USA) ના વરદ હસ્તે ધ્વજવંદન થયું હતું. શ્રી હેનિસભાઈ પટેલ, જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ અને શ્રી અનુજભાઈ શાહ, એસ.પી.બી સ્કુલના આચાર્ય શ્રીમતી સેજલબેન પટેલ તેમજ સમગ્ર સંકુલના શૈક્ષણિક, વહીવટી કર્મચારીઓ સાથે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે NCC CTO પ્રા. ડૉ. સોનલબેન જરીવાલા અને ટી.વાય.બી.કોમની. વિદ્યાર્થીનીઓ SUO કુ. અવની પરમાર, JUO કુ. ખુશ્બુ કેમાવત, JUO કુ. અંજના પ્રજાપતિની રાહબરી હેઠળ એન.સી.સી.ના વિદ્યાર્થીનીઓએ ભવ્ય પરેડ કરી હતી. જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલીના મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલે રાષ્ટ્રના વિકાસમાં યુવા શકિતની ભૂમિકા વિશે, દેશને આઝાદી અપાવનાર વીર સપૂતોને યાદ કર્યા હતા. મહેમાનોનો પરિચય મંત્રીશ્રી અનુજભાઈ શાહે આપ્યો હતો.

આ કાર્યક્રમમાં બી.એ., બી.કોમ., બી.સી.એ., એમ.એ., એમ.કોમ., બી.બી.એ. તેમજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અભ્યાસ કેન્દ્રના અને એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ, સમગ્ર સંકુલના શૈક્ષણિક, વહીવટી કર્મચારીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીઓ સહિત વિશાળ સમુદાયમાં વિદ્યાર્થીગણ હાજર રહ્યા હતા. કાર્યક્રમ દરમ્યાન વસંતપંચમીની ઉજવણીના ભાગરૂપે સરસ્વતી વંદના કરવામાં આવી હતી. અંતે એન.એસ.એસ.ના સ્વયંસેવક દ્વારા અંગદાન અંગેની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને અંતે આભારવિધિ પ્રા.ડૉ.રૂસ્તમ એન. સદરીએ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રા. વી.એમ.ચૌધરી, પ્રા.જે.બી.ચૌધરી, પ્રા. એન.એચ.જોષી, પ્રા.ડૉ.એમ.વી.સોઢા તથા શૈક્ષણિક અને વહીવટી કર્મચારીગણે સુંદર સહકાર આપ્યો હતો.

## પોઝિટીવ પ્રકાશ અભિયાન



તા. ૨૭મી જાન્યુઆરી ૨૦૨૩ ના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ અમરોલી, સુરત દ્વારા ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ પોઝીટીવ પ્રકાશ અભિયાન પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વકતા તરીકે શ્રી પ્રકાશભાઈ ડાભી ઉપસ્થિત રહ્યા હતા. પ્રકાશભાઈ ડાભી દ્વારા 'સ્વીકાર, સન્માન અને સર્વને અપનાવો, માનવતા વધારો' જેવું જીવન જરૂરી માર્ગદર્શન તેમજ વિકટ પરિસ્થિતિમાં પોઝિટિવ કઈ રીતે રહેવું? જેવી અનેક માહિતી આપવામાં આવી હતી. જેમાં એન.એસ.એસ.ના ૨૦૦ સ્વયં સેવકો/સેવિકા, પ્રિ.ઇ.ચા. ડૉ. રાજેશકુમાર ડી. રાણા, પ્રો. ઓફિસર વિજયભાઈ ચૌધરી, પ્રા. હર્ષદભાઈ પટેલ, પ્રા. કનુભાઈ સુતરીયા, પ્રા. નરેન્દ્રભાઈ બારિયા, પ્રા. પંકજભાઈ નાયકા અને પ્રા. ડૉ. મયંકભાઈ સોઢા ઉપસ્થિત રહ્યા હતાં.

## પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

### સિદ્ધિ





વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે તા. ૪/૧/૨૦૨૩ થી તા. ૮/૧/૨૦૨૩ દરમ્યાન યોજાનાર ૪૯મો યુવક મહોત્સવનાં પ્રથમ દિવસે તા. ૪/૧/૨૦૨૩ના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ. ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ. કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી કૉલેજે કળા યાત્રા (ક્લાઈમેટ ચેન્જ થીમ), સ્કીટ (વિષવૃક્ષ થીમ) અને શાસ્ત્રીય વાદ્ય સંગીતમાં બીજો ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. તેમની આ સિધ્ધી બદલ આચાર્યશ્રી ડૉ. મુકેશ આર. ગોયાણી, તેમજ શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા જીવન જ્યોત ટ્રસ્ટ પરિવાર તરફથી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવે છે.

### Zeal-2023

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ. ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ. કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલીમાં વિદ્યાર્થીના અભ્યાસક્રમને અનુલક્ષીને બી.બી.એ. કેમ્પસમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતની કૉલેજને આવરી લેતી "Zeal-2023" અંતર્ગત ટેગ લાઈન Explore your Limits નું આયોજન તા. ૩–૧–૨૦૨૩ના રોજ કરવામાં આવેલ હતું. જેમાં ૬ મેનેજમેન્ટ ગેઇમ્સ જેવી કે, Business Quiz, Ad-Paint Show, Short Film Making, Trashion Fashion Show and Reoprtage રાખવામાં આવી હતી. જેમાં કુલ ૩૪ થી વધુ કોલેજોમાંથી ૩૨૦ થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, ગોલ્ડી સોલારનાં સ્થાપક શ્રી ઈશ્વરભાઈ ધોળકીયા, યુનિવર્સિટીના સેનેટ સભ્યશ્રી દિશાંતભાઈ બાગરેયા, સિન્ડિકેટ સભ્યશ્રી વિશાલભાઈ શાહ, જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, ઉપપ્રમુખશ્રી ભાનુભાઈ શાહ, ઉપપ્રમુખશ્રી ગીરધરગોપાલ મુન્દ્રાજી, મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ અને અનુજભાઈ શાહ હાજર રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વર્ધાયો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણી અને બી.બી.એ કો–ઓર્ડિનેટર પ્રા. રાકેશ પટેલ અને સ્ટાફનાં સભ્યો દ્વારા સફળતા પૂર્વક કરવામાં આવ્યું હતું. વિજેતા વિદ્યાર્થીઓને ટ્રોફી અને સર્ટીફિકેટ તેમજ દરેક સ્પર્ધકોને ઇ–સર્ટીફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.















## Mind IT 9.0 Competition




જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ. ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ. કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલીમાં વિદ્યાર્થીના અભ્યાસક્રમને અનુલક્ષીને યુનિવર્સિટીની તમામ BCA & IT કૉલેજ તથા અન્ય યુનિવર્સિટીને આવરી લેતી IT Competitions 'Mind IT 9.0'નું આયોજન બી.સી.એ. વિભાગ દ્વારા તા. ૨/૧/૨૦૨૩ના રોજ કરવામાં આવેલ હતું. જેમાં કુલ ૨૦ થી વધુ કૉલેજ/યુનિવર્સિટીના ૧૬૦ થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. 'Mind IT 9.0' Competitionsનું ઉદ્ઘાટન શ્રી પ્રશાંતભાઈ પટેલ (President, FISME, New Delhi) દ્વારા કરવામાં આવેલ હતું. આ પ્રસંગે જીવન જ્યોત ટ્રસ્ટના ઉપપ્રમુખશ્રી ગીરધરગોપાલ મુન્દ્રાજી તેમજ મંત્રીશ્રી અનુજભાઈ શાહ તેમજ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા હાજર રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારી પ્રસંગોચિત શુભેચ્છાઓ પાઠવી હતી. 'Mind IT 9.0' Competitions અંતર્ગત મોબાઈલ એપ્લિકેશન ડેવલોપમેન્ટ (App IT), વેબ ડીઝાઈનીગ (Web IT), લોજીક ડેવલોપમેન્ટ (Logic IT, Scipr IT), પાવર પેઈન્ટ પ્રેઝન્ટેશન (Build IT), પોસ્ટર ડેવલોપમેન્ટ (Paste IT), જેવી વિવિધ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ પોતાની કુશળતા બતાવી હતી. વિજેતા વિદ્યાર્થીઓને ટ્રોફી અને સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કોમ્પિટીશનનું આયોજન, સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ આર ગોયાણીના માર્ગદર્શન હેઠળ અને બી.સી.એ. કો–ઓર્ડિનેટર પ્રા. ડૉ. જૈમિન શુકલાના સહકારથી 'Mind IT 9.0' ના કો–ઓર્ડિનેટર પ્રા. વિરલ પોલીશવાલા તથા સર્વ સ્ટાફ મિત્રોના સક્રિય સહયોગથી સફળતાપૂર્વક કરવામાં આવેલ હતું.

## ગૌરવ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં યોજાયેલ ૪૯મો યુવક મહોત્સવ તા. ૪/૧/૨૦૨૩ થી તા. ૮/૧/૨૦૨૩ દરમ્યાન યોજાય રહ્યો છે. યુવક મહોત્સવના બીજા દિવસે તા. ૫/૧/૨૦૨૩ના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ. ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી. પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ. શાહ. કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલીના વિદ્યાર્થીઓએ રજૂ કરેલ લોક ગીત અને સમૂહ ગીતમાં પ્રથમ સ્થાન અને સમૂહ નૃત્ય, નવલિકા લેખનમાં બીજું સ્થાન મેળવી કૉલેજને ગૌરવ અપાવ્યું છે. વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ કૉલેજના આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણી તેમજ યુવક મહોત્સવના કો–ઓર્ડિનેટર તેમજ શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા જીવન જ્યોત ટ્રસ્ટના ટ્રસ્ટી તરફથી અભિનંદન પાઠવ્યા હતા.









## સિદ્ધિ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં યોજાયેલ ૪૯મો યુવક મહોત્સવ તા. ૪/૧/૨૦૨૩ થી તા. ૮/૧/૨૦૨૩ દરમ્યાન યોજાયો હતો. યુનિવર્સિટીના યુવક મહોત્સવમાં ભાગ લેનાર તમામ કોલેજો પૈકી જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ. ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ. કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલીના વિદ્યાર્થીઓએ કુલ ૨૬ કૃતિઓમાં ૮૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જે પૈકી વિદ્યાર્થીઓએ રજુ કરેલ લોક ગીત 'કિષ્ના ભગવાન હાલીયા દ્વારીકાને મઈ મણીયાનો રૂપ લીધો...' અને સમૂહ ગીત 'પાળીયાની જેમ મારી એકલતા...' માં પ્રથમ ક્રમે વિજેતા બનેલ છે જ્યારે યુવક મહોત્સવ અંતર્ગત 'કલાઈમેટ ચેન્જ' થીમ કલાયાત્રા, એકાંકી (નાટક) 'પશુપતિ', ગરબો 'માડી તારો ગરબો ધુમે ધુમે ચારે કોર...', સમૂહ નૃત્ય, નવલીકા લેખન, રંગોળી, 'વિષવૃક્ષ' થીમ સ્કીટ અને શાસ્ત્રીય વાદ્ય સંગીતમાં બીજા ક્રમે વિજેતા બની કૉલેજને ગૌરવ અપાવ્યુ છે. પ્રથમ ક્રમ વિજેતાને કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાસરના હસ્તક સર્ટીફિકેટ તેમજ ટ્રોફી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓની આ સિધ્ધી બદલ ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓ ઉપરાંત કૃતિઓ તૈયાર કરાવનાર કમિટિ મેમ્બરને આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણી, બી.કોમ. કો–ઓર્ડિનેટરશ્રી ધરીતભાઈ નાયક, બી.બી.એ. કો–ઓર્ડિનેટર ડૉ. સ્વાતી મહેતા, બી.સી.એ. કો–ઓર્ડિનેટર ડૉ. જૈમીન શુકલા તેમજ શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા જીવન જ્યોત ટ્રસ્ટના ટ્રસ્ટી તરફથી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.














## આનંદ મેળો




જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ. ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ. કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ તેમજ બી.સી.એ. વિન્ટર સેશન, અમરોલી, દ્વારા તા. ૧૨/૧/૨૦૨૩ના રોજ વિદ્યાર્થીઓને સ્વાવલંબી બની શકે તે હેતુથી આનંદ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૭૦ જેટલી વાનગીઓ ફુડ સ્ટોલ સાથે વિદ્યાર્થીઓએ પોતાનું ટેલેન્ટ રજુ કર્યું હતું. વિદ્યાર્થીઓને આનંદની સાથે સાથે મનોરંજન પૂરું પાડવા માટે પતંગ ઉત્સવ અને મ્યુઝીકલ મોર્નિંગનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં કૉલેજના સમગ્ર વિદ્યાર્થીઓએ વાનગી, મ્યુઝીકલ અને પતંગ ઉત્સવ એમ ત્રણેને આનંદ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક સમિતિના સભ્યો ડૉ. સુધાધારા સામલ, ટવિન્કલ પંચાલ તેમજ ડૉ. છાયા પટેલ અને જાસ્મીની ગોહિલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## યુવા દિવસની ઉજવણી



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ. કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ તેમજ બી.સી.એ. વિન્ટર સેશન, અમરોલી, દ્વારા તા. ૧૨/૧/૨૦૨૩ના રોજ

સ્વામી વિવેકાનંદની જન્મ જયંતી નિમિત્તે ઉજવાતા રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણીનું આયોજન કરાયું હતું. આજના આધુનિક સમયની સમસ્યા અને પડકારોનો સામનો કરવા માટે સ્વામી વિવેકાનંદના જીવન પ્રસંગો કઈ રીતે ઉપયોગી સાબિત થઈ શકે તે અંગે કૉલેજના ૧૦ વિદ્યાર્થીઓએ વક્તવ્ય રજૂ કરી તેમના આદર્શ વિચારોને આત્મસાત કરવાના ઉમદા પ્રયાસો કરાયા હતા. કૉલેજના આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ કૉલેજ લાઈબ્રેરી કમિટીના સભ્યો ગ્રંથપાલશ્રી ડૉ. સોનલ ભારતી તેમજ પ્રા. ભાવેશ પચ્ચીગર દ્વારા કાર્યક્રમ સંચાલન કરાયેલ હતું.

## એન.એસ.એસ. કેમ્પ



'જીવનની સફળતા માટે માત્ર વર્ગખંડનુ શિક્ષણ પૂરતું નથી. જીવન સફળ બનાવવાની શરૂઆત સારા નાગરિક થી થશે. એન.એસ.એસ. સારા નાગરિક બનવાની દિશામાં પ્રથમ પગલું છે'.

તા. ૧૭ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ તેમજ બી.સી.એ. વિન્ટર સેશન, અમરોલી, દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.) અંતર્ગત ખાસ શિબિરનું આયોજન આશાપુરી મંદિર કોસાડ ગામ ખાતે કરવામાં આવ્યું હતું. ખાસ શિબિરના ઉદ્દઘાટક શ્રી કાનજીભાઈ ભાલાળા કે જેઓ સામાજિક પ્રવૃત્તિઓ સાથે જોડાયેલ છે જેમણે એન.એસ.એસ.ના સ્વયંસેવકોને સ્વ. થી લઈને દેશ સુધીની સેવા વિશે અવગત કર્યા. 'જીવનની સફળતા માટે માત્ર વર્ગખંડનુ શિક્ષણ પૂરતું નથી. જીવન સફળ બનાવવાની શરૂઆત સારા નાગરિક થી થશે એન.એસ.એસ.ના સારા નાગરિક બનવાની દિશામાં પ્રથમ પગલું છે' આવા સારા સંદેશ સાથે કાનજીભાઈ ભાલાળાએ એન.એસ.એસ. કો–ઓર્ડિનેટર શ્રી પ્રકાશચંદ્રજી તથા જીવન જ્યોત ટ્રસ્ટના મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ ઉપસ્થિતમાં વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ, સફળ સંચાલન NSS પ્રોગ્રામ ઓફિસર પ્રા. જ્યોતિકા ટેલર તથા ડૉ. પ્રદીપ કુમાર લેન્કા દ્વારા થયું હતું.

## ખાસ શિબિરનું સમાપન





પ્રો.વી.બી.શાહ. ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ. કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના (NSS) અંતર્ગત તા. ૧૬ જાન્યુઆરી, ૨૦૨૩ થી તા. ૨૨ જાન્યુઆરી, ૨૦૨૩ સાત દિવસીય ખાસ શિબિરનું આયોજન આશાપુરી મંદિર, કોસાડ ગામ ખાતે કરવામાં આવ્યું હતું. આ ખાસ શિબિરમાં 'વ્યસન મુક્તિ' અને 'પર્યાવરણ બચાવો' વિષય પર પ્રભાત ફેરી, કોસાડ ગામની આસપાસના વિસ્તારમાં ઉતરાયણ પર્વના લીધે દોરી અને પતંગના કચરાની સફાઈ, કોસાડ ગામમાં મ્યુનિસિપાલિટીની સેવાઓ વિશે તથા સામાજિક ડોર ટુ ડોર સર્વે, વાઈલ્ડ લાઈફ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વેલી ક્રોસિંગ અને લોન્ગ સ્લિંગ રેપ્લિંગ જેવી એડવેન્ચર્સ એકિટવિટી વિનામૂલ્યે કરાવવામાં આવી હતી. શિબિરના છેલ્લા દિવસે સમાપન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, ઉપપ્રમુખશ્રી ભાનુ કાકા, મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ તથા જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. રાજેશકુમાર રાણા મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કુલપતિશ્રીએ એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓને સામાજિક પ્રવૃત્તિઓ વિશે માર્ગદર્શન આપ્યું તથા સાત દિવસ દરમ્યાન ખૂબ સારી કામગીરી કરનાર સ્વયંસેવક ભાઈ–બહેનો અને પ્રોગ્રામ ઓફિસર્સ પ્રા. જ્યોતિકા ટેલર અને ડૉ. પ્રદીપ કુમાર લેનકા દ્વારા કરવામાં આવ્યું હતું.

## પ્રજાસત્તાક પર્વ અને વસંત પંચમીની ઉજવણી

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ. ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ. કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૨૬/૧/૨૦૨૩ના રોજ પ્રજાસત્તાક પર્વ અને વસંતપંચમીની ઉજવણી પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે પ્રેરણાસ્ત્રોત એવા શ્રી નંદુભાઈ પટેલ, શ્રી નરેન્દ્રભાઈ પટેલ, શ્રી મનહરભાઈ પટેલ તેમજ શ્રી હેમીશભાઈ નંદુભાઈ પટેલ (કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી) તેમજ જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, માનદ્મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, માનદ્મંત્રીશ્રી અનુજભાઈ શાહ, ટ્રસ્ટીશ્રી ગૌરાંગભાઈ દેસાઈ તેમજ શાળાના આચાર્ય હાજર રહ્યા હતા. સૌ પ્રથમ વસંતપંચમી નિમિત્તે કૉલેજ કેમ્પસમાં આવેલ સરસ્વતી માતાના મંદિરમાં મહાઆરતી કરી અંન્નકુટનો પ્રસાદ કરવામાં આવ્યો હતો. એન.સી.સી.ની વિદ્યાર્થીનીઓએ પરેડ કરી મહેમાનોને ધ્વજ વંદન માટે આમંત્રિત કર્યા હતા. પ્રજાસત્તાક પર્વ નિમિત્તે મહેમાનોએ પ્રસંગોચિત ઉદ્દબોધન આપ્યું હતું. શાળાના અને કૉલેજના વિદ્યાર્થીઓએ વિવિધ કૃતિઓ રજુ કરી દરેકના મન મોહી લઈ અંત સુધી વિદ્યાર્થી/શ્રોતાગણને પકડી રાખ્યા હતા. સમગ્ર કાર્યક્રમ કૉલેજના આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણીના માર્ગદર્શન હેઠળ એંકર તરીકે પ્રા. સુધાધારા સામલ, કૉલેજના સ્પોર્ટ ટીચર/કોચ ડૉ. પ્રદીપકુમાર લેનકા તેમજ સમગ્ર સ્ટાફગણના સહકારથી સફળતા પૂર્વ યોજી શકાયો હતો. અંતે મહેમાનોનો તેમજ હાજર તમામ વિદ્યાર્થીઓનો આભાર માની કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.





## શ્રી સુભાષચંદ્ર બોઝની જન્મ જયંતીની ઉજવણી





જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ. ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ. કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલી દ્વારા તા. ૨૩/૧/૨૦૨૩ના રોજ નેતાજી શ્રી સુભાષચંદ્ર બોઝની જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે વર્તમાન સમયમાં યુવાનોમા નેતાગીરી, જૂથભાવના, ત્યાગ જેવી આદર્શ વૃત્તિઓનો વિકાસ થાય તેવાં આશયથી નેતાજીનું જીવન પરિચય તેમજ પુષ્પાંજલી કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં કૉલેજના વિવિધ વર્ગના વિદ્યાર્થીઓએ તેમજ કર્મચારીગણ નેતાજીને પુષ્પાંજલિ અર્પિત કરી હતી. આચાર્યશ્રી ડૉ. મુકેશભાઈ ગોયાણીના માર્ગદર્શન હેઠળ કૉલેજના લાઈબ્રેરી કમિટીના સભ્યો ગ્રંથપાલશ્રી ડૉ. સોનલભારતી તેમજ પ્રા. ભાવેશ પચ્ચીગર દ્વારા સરસ રીતે સંચાલન કરવામાં આવ્યું હતું.

## આંતર કૉલેજ પુસ્તક પરિચય સ્પર્ધા



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેનન્ટ, આર. વી. પટેલ તેમજ વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ સુટેક્ષ બેંક કૉલેજ ઓફ

કોમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલી સેલ્ફ ફાઈનાન્સ કૉલેજ દ્વારા આંતર કૉલેજ પુસ્તક પરિચય સ્પર્ધાનું આયોજન તા.૧/૨/૨૦૨૩ના રોજ કરાયું હતું. જેમાં ૨૫ કૉલેજના સ્પર્ધકોએ, સ્પર્ધા માટે સૂચવેલ વિષયો અંગે વાંચેલ પુસ્તકોના વિચારો રજૂ કરી શ્રોતાઓને જ્ઞાનનો રસથાળ પીરસ્યો હતો. આ સ્પર્ધામાં ઉમરાઉ કૉલેજ, કીમના કાર્યકારી આચાર્ય ડૉ. જગદીશ કંથારીયાજી દ્વારા નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવવામાં આવી હતી. જેમાં પ્રથમ ક્રમે શ્રી જે.બી.ધારુકા કૉલેજની વિદ્યાર્થીની મોરડીયા નેન્સી, દ્વિતીય ક્રમે એસપીબી કોમર્સ કૉલેજની વિદ્યાર્થિની કાપડિયા ઈશા અને તૃતીય ક્રમે વાડીયા વિમેન્સ કૉલેજની વિદ્યાર્થીની દેરકર કૃસાંગી વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધાને અંતે દરેક વિદ્યાર્થીઓને પારિતોષિક અને પ્રમાણપત્ર એનાયત કરાયા હતા. કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ લાઈબ્રેરી કમિટિના સભ્યો ડૉ. સોનલ ભારતી, ડૉ. સંદીપભાઈ પટેલ, પ્રા. ભાવેશભાઈ પચ્ચીગર, પ્રા. ડૉ. વિશ્વનાથ બોરસે, પ્રા. માનસી શાહ તેમજ પ્રા. પ્રિયંકા પટેલ દ્વારા સરસ રીતે સંચાલન કરાયેલ હતું.

## એ. વી. પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા

### ઈન્ડસ્ટ્રીયલ વિઝીટ



બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કૉલેજના અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ માટે એક દિવસીય ઈન્ડસ્ટ્રીયલ વિઝીટનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત બાલાજી વેફર્સ પ્રાઈવેટ લિમિટેડ, ડુંગરી અને સિયારામ સિલ્ક મિલ્સ લિમિટેડ કંપની, સિલવાસાની વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી. બંને કંપનીમાં વિદ્યાર્થીઓને ઉત્પાદનની પદ્ધતિ, ઉત્પાદનના પ્રકારો, ગુણવત્તા સંચાલન, કાચો માલ અને તેની સંગ્રહ કરવાની પદ્ધતિ અને કાચો માલ તથા તૈયાર માલના ટેસ્ટિંગની પદ્ધતિઓ તથા તેને સાથે જોડાયેલ અન્ય ઉપયોગી માહિતીઓનું પ્રેકટીકલ નિદર્શન કરવામાં આવ્યું હતું. ઇ.ચા.પ્રિ.વર્ષાબેન રાણાના માર્ગદર્શન હેઠળ પ્રા. પાર્થ ઠક્કર, પ્રા. યોગિનીબેન પ્રજાપતિ, પ્રા.બ્રિજેશ ઢિમ્મર અને પ્રા. અંજલિ પટેલે ટ્રીપને સફળ બનાવવા માટે અથાગ પ્રયત્નો કર્યા હતા તથા બિનશૈક્ષણિક સભ્યોનો પણ ફાળો રહ્યો હતો.

### ગૌરવ




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત આંતર કૉલેજ રસ્સા ખેંચ ભાઈઓની સ્પર્ધા જયેન્દ્રપુરી આર્ટસ એન્ડ સાયન્સ કૉલેજ ભરૂચ મુકામે થયો હતો. જેમાં ૧૭ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં એ.વી. પટેલ કોમર્સ કૉલેજના ખેલાડીઓએ પણ ભાગ લીધો હતો. કૉલેજમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી પટેલ મયંક ડી. (ટી.વાય.બી.કોમ) જેમની રસ્સા ખેંચ ભાઈઓની યુનિવર્સિટી ટીમમાં પસંદગી થઈ છે, જેઓ હાલ રાજસ્થાન મુકામે યુનિવર્સિટી ટીમનું નેતૃત્વ કરશે. આ સિદ્ધિ બદલ કૉલેજના ઈન્ચાર્જ આચાર્ય પ્રા. વર્ષાબેન રાણા તથા શારીરિક શિક્ષણ વ્યાખ્યાતા ડૉ. સોનલબેન વસાવા તેમજ કૉલેજ પરિવાર ખેલાડીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા અને આવનારા સમયમાં વધારે સારો પ્રદર્શન કરી આગળ વધે તે માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

### સિદ્ધિ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતમાં ૪૯મા યુવા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સત્યમ મિશ્રાએ વકતૃત્વ સ્પર્ધામાં કુલ ૧૨૦ જેટલા સ્પર્ધકોમાંથી તૃતિય ક્રમે રહી કૉલેજની સિધ્ધીમાં મોરપિંછ ઉમેર્યુ હતું. તેમણે મેળવેલ સિધ્ધી બદલ કૉલેજના ઈન્ચાર્જ આચાર્ય પ્રા.વર્ષાબેન બી. રાણા તથા સમગ્ર કૉલેજ પરિવાર અને બીલીમોરા વિભાગ કેળવણી મંડળે અભિનંદન પાઠવ્યા હતા.



## સિદ્ધિ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતમાં ૪૯મા યુવા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાસ્ત્રીય વાદ્ય સંગીત સ્પર્ધામાં પ્રિયાંશુ હિતેશકુમાર સોનીએ પ્રથમ ક્રમે રહીને બારડોલી વિભાગ કેળવણી મંડળ વિજયપદ્મ પ્રાપ્ત કરી કૉલેજની સિદ્ધિમાં મોરપિંછ ઉમેર્યુ હતું તેમણે મેળવેલ સિદ્ધિ બદલ કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય પ્રા. વર્ષાબેન બી. રાણા તથા સમગ્ર કૉલેજ પરિવાર અને બીલીમોરા વિભાગ કેળવણી મંડળે અભિનંદન પાઠવ્યા હતા.

## 5 Day Knowledge Fest




એ.વી.પટેલ કોમર્સ કૉલેજ બીલીમોરામાં 5 Day Knowledge Festનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. રશ્મિબેન બી. મહેતાએ Income Tex Filling પર, CS મનિષભાઈ પટેલે Career As CS, ડૉ. જયમલ નાયકે Sport & Career, ડૉ. જય વશીએ Creativity અને એડવોકેટ વર્ષાબેન રાજપુતે GST Filing જેવા વિવિધ વિષયો પર વ્યાખ્યાનો આપ્યા હતા. જેનો લાભ કૉલેજમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને મળ્યો હતો. તમામ વકતાઓએ પોતાના વિષયની રજૂઆત સચોટ ઉદાહરણ દ્વારા તથા જરૂર જણાય ત્યાં Powerpoint Presntation આપીને કરી હતી. કાર્યક્રમના ઉદ્ઘાટન પ્રસંગે બી.વિ.કે. મંડળના પ્રમુખશ્રી ભૂપેન્દ્રભાઈ અમીન, ઇ.ચા.અધ્યક્ષ ભરતભાઈ પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી ભરતભાઈ અમીન, સનતભાઈ પટેલ તથા બી.એસ.પટેલ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજના ઇ.ચા.આચાર્ય ડૉ. એ.આર.બજાજ ઉપસ્થિત રહ્યા હતા તથા શુભેચ્છાઓ પાઠવી હતી. CS મનિષભાઈ પટેલે The Insititute of Company Secretaries of India ના સહયોગ દ્વારા વિદ્યાર્થીઓને CS અભ્યાસ માટેનું માર્ગદર્શન આપી CS Course માં જોડાવા માટે અભિપ્રેરિત કર્યા હતા. કૉલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રી વર્ષાબેન બી. રાણાનાં માર્ગદર્શન હેઠળ ઇવેન્ટ કો-ઓર્ડિનેટરી પ્રા. યોગીનીબેન પ્રજાપતીએ આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો તથા કૉલેજના તમામ ટીચિંગ તથા નોન ટીચિંગ સભ્યોનો ફાળો રહ્યો હતો.

## મનુ ગમતું પુસ્તક વાર્તાલાપ






એ.વી.પટેલ કોમર્સ કૉલેજ બીલીમોરામાં ગ્રંથાલય અને માહિતી વિભાગના ઉપક્રમે 'મને ગમતું પુસ્તક વાર્તાલાપ' યોજવામાં આવ્યો હતો. સારા પુસ્તકોનું વાંચન માનવીને સદ્કર્મ, સદભાવના અને સદવિચારથી સમૃધ્ધ બનાવે છે. રાષ્ટ્ર અને સમાજ પ્રત્યેની જવાબદારી અંગે વિદ્યાર્થીઓ વધુ સભાન બને તેવા આશયથી મને ગમતું પુસ્તક વાર્તાલાપ નિયમિત રીતે યોજવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિ અનુસાર પ્રાર્થનાથી શરૂ થયેલા, આ કાર્યક્રમમાં ૭ વિદ્યાર્થીઓ અને એક અધ્યાપિકાએ ગુજરાતી સાહિત્યના જુદા જુદા લેખકોના જુદા જુદા પુસ્તકો પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. કૉલેજના ઈન્ચાર્જ આચાર્ય શ્રીમતી વર્ષાબેન બી. રાણાએ પ્રસંગોચિત પ્રવચન કરી વિદ્યાર્થીઓમાં વાંચનની અભિરૂચિ કેળવાય તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. વર્ષ દરમિયાન પુસ્તક વાર્તાલાપમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને અને જનરલ નોલેજ બુધ્ધિ કસોટી-૨૦૨૨માં ઈનામ મેળવનાર વિદ્યાર્થીઓને પુસ્તક ભેટરૂપે આપી અભિવાદન કર્યુ હતું. વાર્તાલાપનું સંચાલન અને આભારવિધિ ગ્રંથપાલશ્રી આર. એમ.પટેલે કરી હતી.

## વિદ્યાદીપ હોમિયોપેથીક મેડીકલ કૉલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, અનીતા, કીમ

### સેમિનાર

વિદ્યાદીપ હોમિયોપેથીક મેડીકલ કૉલેજ એન્ડ રિસર્ચ સેન્ટર દ્વારા તા. ૨૨/૦૬/૨૦૨૨ના રોજ Simplifying Acutes વિષયનો ચોથો સેમિનારનું આયોજન થયું હતું. જેમાં મુંબઈના પ્રખ્યાત હોમીયોપેથી ડૉ. ક્ષીતીજ જોષી સ્પીકર તરીકે હતાં, તેઓએ વિવિધ કેસો દ્વારા રોગ વિષે તથા તેની હોમિયોપેથીક સારવાર વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. કાર્યક્રમનું ઉદઘાટન ટ્રસ્ટી શ્રી હિરેનભાઈ પટેલ દ્વારા કરવામાં આવેલ હતું. અતિથિ વિશેષ તરીકે એકેડેમિક ડાયરેકટર શ્રી અજય શાહ હાજર રહેલ હતા. સેમિનારને સફળ બનાવવા શૈક્ષણિક સ્ટાફે જહેમત ઉઠાવી હતી. સેમિનાર માટેનું માર્ગદર્શન ડૉ. વિપુલ શાસ્ત્રી દ્વારા આપવામાં આવેલ હતું.









## શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ.કૉલેજ, સુરત

### બોક્સ ક્રિકેટનું આયોજન




શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કૉલેજ, વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ. કૉલેજ અને કોમર્સ કૉલેજ, પાંડેસરા ખાતે તા. ૩૦–૩૧ ડિસેમ્બર,૨૦૨૨ના રોજ બોક્સ ક્રિકેટનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત ભારતમાતાના પૂજન અને આરતી સાથે કરવામાં આવી હતી. બોક્સ ક્રિકેટમાં ગર્લ્સની ૧૦ ટીમ અને બોયઝની ૪૪ મળી કુલ ૫૪ ટીમની ટુર્નામેન્ટનું આયોજન કર્યુ હતું. બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું ઉદઘાટન ઈ.ચા.આચાર્યશ્રી હેમાંગ દેસાઈ (બી.સી.એ) અને ઈ.ચા.આચાર્યશ્રી સુખિયાજી (કોમર્સ) દ્વારા કરવામાં આવ્યું હતું. બે દિવસ સુધી ચાલેલી ટુર્નામેન્ટમાં બીગ બુલ્સ (ટી.વાય.બી.કોમ) બોયઝની ટીમ વિજેતા થઈ હતી. ડેવિલ્સ ગ્રુપ (એફ.વાય.બી.કોમ) બોયઝની ટીમ ઉપવિજેતા થઈ હતી. ગર્લ્સમાં ઈલાઈટ સ્પાર્ટન (એસ.વાય.બી.કોમ) ની ટીમ વિજેતા થઈ હતી. ધમાલ ગ્રુપ (બી.એડ્.સ્ટાફ) ની ટીમ રનર્સ–અપ રહી હતી. વિજેતા અને રનર અપ ટીમને કેશ પ્રાઈઝ, ટ્રોફી અને સર્ટીફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સંસ્થાના એડમિનિસ્ટ્રેટર શ્રી ચંદ્રકાંતભાઈ શાહના હસ્તે વિજેતાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન અધ્યાપક અંકિત જાદવ અને અજય પાટીલે કર્યુ હતું.

## અંડર ૧૯ કબડ્ડી ટુનામેન્ટ



શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કૉલેજ, વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ. કૉલેજ અને કોમર્સ કૉલેજ, પાંડેસરા ખાતે અંડર ૧૯ કબડ્ડી ટુનામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું ઉદ્ઘાટન પ્રો. હેતલબેન મહુવાગરા દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી સુધાકરજી માસ્ટર અને નંદકિશોરજી શર્મા (રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ ગુજરાત પ્રાંતના માનનીય શારીરિક પ્રમુખ) ઊપસ્થિત રહ્યા હતા. અંડર–૧૯ કબડ્ડી ટુનામેન્ટમાં કુલ ૧૮ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં વી.ટી.પોદ્દાર કૉલેજની ટીમ વિજેતા અને ડિંડોલી વોરિયર્સની ટીમ ઉપવિજેતા બની હતી. ટુનાર્મેન્ટ ભાગ લીધેલ તમામ ટીમનો સંસ્થાના દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી. અંડર–૧૯ કબડ્ડી ટુર્નામેન્ટનું આયોજન શારીરિક શિક્ષણના અધ્યાપક અંકિત જાદવે કર્યુ હતું.

## ઈન્ટર કૉલેજ બોકસીગ ટુનામેન્ટ



શ્રી મહાવીર વિદ્યામંદીર ટ્રસ્ટ સંચાલિત વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ. અને કોમર્સ કૉલેજના વિદ્યાર્થીઓએ તા. ૪/૧/૨૦૨૩ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે આયોજીત ઈન્ટર કૉલેજ બોકસીગ ટુનામેન્ટ (ભાઈઓ)માં ભાગ લીધો હતો જેમાં સંસ્થાના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ત પ્રદર્શન કરી પાંડે સચિનએ ગોલ્ડ મેડલ, સિંગ શિવાંશે સિલ્વર મેડલ તથા શર્મા મિતેશ, તિવારી સમીર અને રાય શશિએ બ્રોન્ઝ મેડલ આમ કુલ ૫ (પાંચ) મેડલ મેળવી સંસ્થાનુ ગૌરવ વધાર્યુ છે. આ સિધ્ધી બદલ ટ્રસ્ટીશ્રી તથા સમસ્ત કૉલેજ પરિવાર ખૂબ જ અભિનંદન પાઠવે છે.

## નવયુગ કોમર્સ કૉલેજ, સુરત

### ગોલ્ડ મેડલ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત આંતર કૉલેજ કરાટે સ્પર્ધામાં નવયુગ કોમર્સ કૉલેજના ખેલાડી (૧) શ્રી દિવ્યાંસ કે. પેરિવાલ એ ૬૦ કિગ્રા. ગ્રુપમાં પ્રથમ ક્રમે આવી ગોલ્ડ મેડલ (૨) કું. પ્રાચિ જયેન્દ્રભાઈ પટેલે ૪૫ કિગ્રા. ગ્રુપમાં પ્રથમ ક્રમે આવી ગોલ્ડ મેડલ અને (૩) આશિષ એસ. રાજપુરોહિતે દ્વિતિય ક્રમે આવી સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યા હતા તેમજ (૪) શ્રી સુમિત અનિલભાઈ રામીએ ભાગ લઈ કૉલેજનું ગૌરવ વધાર્યુ. આ ખેલાડીઓ સમગ્ર યુનિવર્સિટી તેમજ ગુજરાતમાં નામ રોશન કરે તે માટે આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ એન. પટેલ, પ્રા. ડૉ. બ્રિજેશભાઈ પટેલ તથા શારીરિક શિક્ષણના પ્રા.સી.કે.અસારિયા અને કૉલેજ પરિવારે ખેલાડીઓને અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી.

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના અભ્યાસ કેન્દ્રની માન્યતા

નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત નવયુગ કોમર્સ કૉલેજ, રાંદેર રોડ, સુરતને કૉલેજના જ સનિષ્ઠ, ખંતિલા અને દીર્ઘદ્રષ્ટા આચાર્ય ડૉ. વિનોદ પટેલના માર્ગદર્શન હેઠળ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા બે અભ્યાસ કેન્દ્રોની માન્યતા પ્રાપ્ત થઈ છે. જેમાં રેગ્યુલર કોર્સ (અભ્યાસ કેન્દ્ર નંબર – 1835), વોકેશનલ કોર્સ અને પ્રોફેસનલ કોર્સ (અભ્યાસ કેન્દ્ર નંબર – 0791823)નો સમાવેશ થાય છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ નેક દ્વારા A++ માન્યતા ધરાવતી યુનિવર્સિટી છે. નોકરી અને પોતાના વ્યવસાય સાથે જે વિદ્યાર્થીઓ ઉચ્ચતર અભ્યાસ કરવા માંગે છે તેઓ માટે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વિવિધ કોર્સ આર્શીવાદ રૂપ બની રહે છે. અત્રે ઉલ્લેખનીય છે કે જે વિદ્યાર્થીઓ એકસાથે બે ડીગ્રી કોર્સ કરવાની ઇચ્છા ધરાવે છે તેઓ પણ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વિવિધ કોર્સમાં એડમિશન લઈ પોતાની ઉજ્જવળ કારકિર્દી બનાવી શકે છે. નવયુગ કોમર્સ કૉલેજમાં

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના નીચે દર્શાવેલ વિવિધ કોર્સમાં વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવી શકશે.

બેચલર ઓફ આર્ટ્સ (B.A), બેચલર ઓફ કોમર્સ (B.Com), પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા ઈન સાઈબર લૉ (PGDCA), પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા ઈન સાઈબર સિક્યુરીટી (PGDCS), માસ્ટર ઓફ આર્ટ્સ (અંગ્રેજી) (MEG), માસ્ટર ઓફ આર્ટ્સ (હિન્દી) (MHD), માસ્ટર ઓફ આર્ટ્સ (સમાજશાસ્ત્ર) (MSO), માસ્ટર ઓફ આર્ટ્સ (ગુજરાતી) (MGT), માસ્ટર ઓફ કોમર્સ (M.Com), ડિપ્લોમાં ઈન ફાઈનાન્શિયલ મેનેજમેન્ટ (DFM), ડિપ્લોમાં ઈન એડવાન્સ કોસ્ટ એકાઉન્ટીંગ (DACA), ડિપ્લોમાં ઈન એડવાન્સ એકાઉન્ટીંગ (DAA), ડિપ્લોમાં ઈન ઈન્સ્યોરન્સ (DIN), ડિપ્લોમાં ઈન ઓપરેશન રીસર્ચ (DOR), ડિપ્લોમાં ઈન વિલેજ હેલ્થ વર્કર (DVHW), ડિપ્લોમાં ઈન જર્નાલિઝમ એન્ડ માસકોમ્યુનિકેશન (DJMC), ડિપ્લોમાં કોર્સ ઈન ફૂડ એન્ડ ન્યુટ્રીશન (DFN), સર્ટિફિકેટ ઈન ફૂડ એન્ડ ન્યુટ્રીશન (CFN), સર્ટિફિકેટ ઈન કોમ્પ્યુટર કન્સેપ્ટ–બીએઓયુ (CCC-BAOU), સર્ટિફિકેટ ઈન યોગવિજ્ઞાન (CYS), ડિપ્લોમા હેલ્થ સેનેટરી ઈન્સ્પેકટર (DHSI), બેચલર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (BBA), બેચલર ઈન કોમ્પ્યુટર એપ્લિકેશન (BCA), બેચલર ઓફ સોશિયલ વર્ક (BSW), માસ્ટર ઓફ સોશિયલ વર્ક (MSW) કૉલેજમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનું અભ્યાસ કેન્દ્ર પ્રાપ્ત થાય તે માટે કેન્દ્ર સંચાલક તરીકે ડૉ. મેહુલભાઈ શાહ, સહ સંચાલક તરીકે ડૉ. અનિલભાઈ મૈસુરીયા તેમજ તમામ શૈક્ષણિક અને વહવટી સ્ટાફ સભ્યોએ ભારે જહેમત ઉઠાવી છે. નવયુગ કોમર્સ કૉલેજ ખાતે ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના અભ્યાસ કેન્દ્રનો સમય સોમવારથી શનિવાર બપોરે ૩:૦૦ થી ૫:૦૦ અને રવિવારે સવારે ૧૦:૦૦ થી ૨:૦૦ સુધીનો રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે તા. ૨૩/૧૨/૨૦૨૨ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ દ્વારા નવયુગ કોમર્સ કૉલેજની અભ્યાસ કેન્દ્ર માટેની યોગ્યતા માટે રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી અને ત્યારબાદ નવયુગ કોમર્સ કૉલેજની અભ્યાસ કેન્દ્રની માન્યતા મળેલ છે. જે બદલ સમગ્ર નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે તેમજ આચાર્યશ્રી અને સમગ્ર સ્ટાફને અભિનંદન પાઠવે છે.

## નવયુગ સાયન્સ કૉલેજ, સુરત

### પસંદગી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની એથ્લેટીકસ ભાઈઓની પસંદગી યુનિવર્સિટી ખાતે યોજાઈ હતી. જેમાં નવયુગ સાયન્સ કૉલેજના એફ.વાય.બી.એસસી. સેમ.૧ નો વિદ્યાર્થી યાદવ રાજકુમાર એલ. યુનિવર્સિટીની એથ્લેટીકસ ભાઈઓની ટીમમાં પસંદગી પામ્યા હતા. ઓલ ઇન્ડિયા આંતર યુનિવર્સિટી એથ્લેટીકસ ભાઈઓની સ્પર્ધા તામિલનાડુ ફિઝીકલ એજ્યુકેશન એન્ડ સ્પોર્ટસ યુનિવર્સિટી ચેન્નાઈ મુકામે યોજાઈ. જેમાં તેઓ યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરી કૉલેજનું ગૌરવ વધારશે તેમની આ સિદ્ધિ બદલ કૉલેજના આચાર્યશ્રી ડૉ. અશ્વિનભાઈ એસ. પટેલ, શારીરિક શિક્ષણના પ્રાધ્યાપક ડૉ. ધર્મેશ પટેલ જીમખાના સમિતિ તેમજ કૉલેજના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ અભિનંદન પાઠવ્યા હતા.



## સત્યમ કૉલેજ ઓફ એજ્યુકેશન, ભરૂચ

### વૃક્ષારોપણ કાર્યક્રમ





તપોવન સંસ્કાર કેન્દ્ર સંચાલિત શૈક્ષણિક સંસ્થા સત્યમ કૉલેજ ઓફ એજ્યુકશન બી.એડ્. કૉલેજ ભરૂચના દ્વિશાબ્દી મહોત્સવ નિમિત્તે તપોવન સંકુલમાં તા. ૭/૧/૨૦૨૩ના રોજ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના સમગ્ર સ્ટાફ તથા બી.એડ્.ના વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. વૃક્ષારોપણ કાર્યક્રમનો મુખ્ય હેતું વિદ્યાર્થીઓમાં પ્રકૃતિ પ્રત્યે તેમજ

પર્યાવરણ જાળવણી અને વૃક્ષોનું મહત્વ સમજે અને વધુમાં વધુ વૃક્ષારોપણ કાર્યક્રમમાં ભાગ લે અને ઘરે પણ વૃક્ષારોપણ કરે જેથી વાતાવરણ હરિયાળી આવે અને પ્રકૃતિની જાળવણી કરી શકાય.

તપોવન સંકુલમાં કુલ ૧૫૦ જેટલા વૃક્ષો રોપવામાં આવ્યા. જેમાં લીમડો, વડ, કદમ, પીપળો, ગરમાળો, આમલી, વિવિધ ફૂલ છોડ, રોપવામાં આવ્યા સંસ્થાના સમગ્ર સ્ટાફ દ્વારા પર્યાવરણને નુકશાન ન પહોંચે તે માટે ઉત્સાહિત થઈ તમામ કર્મચારીઓને સાથે રહીને વૃક્ષારોપણ કર્યુ. વૃક્ષોનું જતન થાય તે માટે પ્રયત્નો કરતાં રહીશું તેવી બાંહેધરી આપવામાં આવી વિદ્યાર્થીઓ દ્વારા ખૂબ જ ઉત્સાહિત રીતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું અને સુત્રોચાર દ્વારા વૃક્ષોનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું અને વૃક્ષોનું આપણાથી હંમેશા જતન થાય તેવા પ્રયત્નો થાય તેવા શપથ સાથે કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી.

## પ્રકૃતિક શિક્ષણ શિબિર



તપોવન સંસ્કાર કેન્દ્ર સંચાલિત શૈક્ષણિક સંસ્થા દીપજયોતિ કૉલેજ ઓફ કોમર્સ ભરૂચના વિદ્યાર્થીઓએ સામાજિક વનીકરણ વિભાગ ભરૂચ દ્વારા નીલકંઠ નર્સરી ખાતે તા. ૭/૦૧/૨૦૨૩ના રોજ પ્રકૃતિક શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. સામાજિક વનીકરણ વિભાગના આધકારી કે.ડી.યાદવ. (આર.એફ.ડી.) અને તેમની ટીમ દ્વારા પ્રકૃતિની જાળવણી કેવી રીતે કરવી તેની માહિતી આપવામાં આવી અને વધુ માં વધુ વૃક્ષારોપણ કાર્યક્રમ થાય તેવું જણાવવામાં આવ્યું. તેમના દ્વારા વિવિધ પ્રકારના ફૂલ છોડ વિષે માહિતી આપવામાં આવી. તેમના દ્વારા વૃક્ષ માંથી જે આયુર્વેદિક દવા બને છે. તેની માહિતી આપવામાં આવી અને પ્રકૃતિને જાળવવા માટે આપણે સોએ પ્રયત્નો કરવો જોઈએ તેવું જણાવવામાં આવ્યું. તેમના દ્વારા એવું પણ જણાવવામાં આવ્યું કે, સામાજિક વનીકરણ વિભાગ દ્વારા જૂન, જુલાઈમાં નિશુલ્ક વૃક્ષોનું જતન થાય. નદી વૃક્ષો, પ્રકૃતિમાં હરિયાળી આવે અને વૃક્ષોનું જતન થાય. નદી વૃક્ષો, પ્રકૃતિ, માણસનો તણાવ ઓછો કરવામાં મદદરૂપ થાય છે. આમ દરેક વ્યકિતએ પ્રકૃતિનું જતન કરવાનો અને પ્રકૃતિની જાળવણી કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

## ૭૪મા પ્રજાસત્તાક દિનની ઉજવણી



તપોવન સંસ્કાર કેન્દ્ર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓના સંયુકત ઉપક્રમે તા. ૨૬/૧/૨૦૨૩ના રોજ તપોવન સંકુલમાં ૭૪મો પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મુખ્ય મહેમાન તરીકે પ્રમુખશ્રી દિનેશભાઈ પંડયા અતિથિ વિશેષ તરીકે શ્રીમતિ જ્યોતિબેન પંડયા ટ્રસ્ટીશ્રી તપોવન સંસ્કાર કેન્દ્ર ભરૂચ તથા સંસ્થાનો શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક ઉપસ્થિત રહ્યો હતો અને આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

આપણા સ્વતંત્રતા સંગ્રામના ઈતિહાસમાં ૨૬ મી જાન્યુઆરીનું પોતાનું જ એક વિશેષ મહત્વ છે. ૧૯૩૦ માં રાવી નદીના કિનારે કોગ્રેસના લાહોર અધિવેશનમાં પંડિત જવાહરલાલ નહેરુ દ્વારા આ દિવસે એક પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. કે 'જ્યાં સુધી ભારતના લોકોને આઝાદી નહી મળે ત્યાં સુધી આ સ્વતંત્રતા ચડવળ ચાલુ રહેશે.' આ બધા સંઘષો સાથે અનેક મહાન નાયકોએ સ્વતંત્રતા પ્રાપ્તિ માટેનું બલિદાન આપવું પડયું હતું. તેમનું બલિદાન આજે પણ ભારતના નાગરિકો ભૂલી શકયા નથી. સર્વભોમ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક, લોકતાંત્રિક અને પ્રજાસતાક ભારતનું બંધારણ ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ના દિવસે અમલમાં આવ્યું હતું. આ દિવસે તમામ જગ્યાએ ત્રિરંગો લહેરાવવામાં આવે છે અને આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરવામાં આવે છે.

સંસ્થાના પ્રમુખશ્રી દિનેશભાઈ પંડયા દ્વારા ધ્વજવંદન કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ શ્રી નર્મદા સંસ્કૃત વેદપાઠશાળાના ઋષિકુમાર દ્વારા યોગકલાની પ્રસ્તૃતિ કરવામાં આવી હતી. ત્યારબાદ એફ.વાય.બી.એડ.ની તાલીમાર્થીહો દ્વારા દેશભકિત ગીત રજૂ કરી વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવી. નૃત્ય, વકતવ્ય, દેશભકિતગીત તાલીમાર્થીબેન દ્વારા પ્રજાસત્તાક દિન તથા વસંત પંચમીનું વકતવ્ય રજૂ કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ શ્રી નર્મદા સંસ્કૃત વેદપાઠશાળાના ઋષિકુમારો દ્વારા સંસ્કૃતમાં દેશભકિત ગીતની રજૂઆત કરવામાં આવી હતી. અંતે કાર્યક્રમની આભારવિધિ પ્રા. ડૉ. નિલેશભાઈ ઉપાધ્યાય દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ધૃતરાષ્ટ હર્ષિત અને શેખ મદીના બી.એડ્.ની તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ગાંધી નિર્વાણ દિન

તપોવન સંસ્કાર કેન્દ્ર સંચાલિત શૈક્ષણિક સંસ્થા સત્યમ કૉલેજ ઓફ એજ્યુકશન મહિલા બી.એડ્. કૉલેજ ભરૂચ દ્વારા તપોવન સંકુલમાં તા. ૩૦/૧/૨૦૨૩ના રોજ ગાંધી નિર્વાણ દિન ઉજવણી નિમિત્તે પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે સંસ્થાના પ્રમુખશ્રી દિનેશભાઈ પંડયાએ ઉપસ્થિત રહી પ્રાસંગિક ઉદબોધન રજૂ કર્યું હતું. મહાત્મા ગાંધીજીનું નામ દુનિયાભરના મહાપુરુષોમાં મોખરે છે. ગાંધીજીએ હિન્દુ–મુસ્લિમની એકતા માટે ઘણા પ્રયત્નો કર્યા. તેમણે દેશની આઝાદી માટે પ્રતિજ્ઞા લીધી હતી કે 'સ્વરાજ લીધા વિના પાછો નહીં ફરું' દેશના ભલા માટે તેમણે મહાન કાર્યો કર્યા. ગાંધીજીએ અહિંસા, પ્રેમ અને સાદાઈ જેવા ગુણોને જીવનમાં ઉતાર્યા હતા અને આ ગુણો જ તેમનો જીવન સંદેશ હતો. તા. ૩૦/૧/૧૯૮૪ના રોજ ગાંધીજી સાંજની પ્રાર્થના સભામાં જઈ રહ્યા હતા ત્યારે નાથુરામ ગોડશેએ તેમને ગોરી મારીને હત્યા કરી હતી. ગોળી વાગતાં ગાંધીજીના મુખમાંથી 'હે રામ' શબ્દ નીકળ્યા હતા. તેમને શ્રદ્ધાંજલિ આપવા માટે ગાંધી નિર્વાણ દિનની ઉજવણી કરવામાં આવે છે. ત્યારબાદ વિવિધ કૃતિઓ જેવી કે પ્રેરણાદાયક વાર્તા, વકતવ્ય, ગાંધીજીના સુવિચારો, સમૂહગીત રજૂ કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રાધ્યાપક હેમંત પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## શ્રી જે. બી. ધારૂકાવાળા મહિલા આર્ટ્સ કૉલેજ, સુરત

### વ્યાખ્યાન



શ્રી જે.બી.ધારુકાવાળા મહિલા આર્ટ્સ કૉલેજમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષા ડૉ. શરિફાબેન વીજળીવાલાએ 'લોકસાહિત્ય' વિષય ઉપર પોતાનું વ્યાખ્યાન આપ્યું. જેમાં કૉલેજની એમ.એ. સેમ–૨ અને ૪ (ગુજરાતી) તેમજ ટી.વાય. બી.એ. સેમ–૬ની વિદ્યાર્થીનીઓએ આ આખું વ્યાખ્યાન જીવંત બનાવ્યું હતું. ગદ્ય અને પદ્યમાં લોકસાહિત્યનું મહત્વ સમજાવી લોકસાહિત્યના સ્વરૂપલક્ષી ચર્ચા કરી હતી. આ વ્યાખ્યાન સફળ બનાવવામાં કૉલેજના આચાર્યશ્રી ડૉ. ડી.એલ.વરસાણીએ માર્ગદર્શન અને પ્રોત્સાહિત કર્યા હતા.

## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara

### Celebration






C. N. Kothari Homoeopathic Medical College and Research Center, Vyara enthusiastically celebrated 74th Republic Day & Vasant Panchami together. All invitees gathered in college campus for flag unfurling. 4th year BHMS student Akash Hingu Escorted the Chief Guest & marched towards the Flag. Flag was unfurled by Honorable Mr. Dineshbhai Narendrabhai Bhatt, Trustee of the Institute. Then the Chief Guest of the day delivered a short patriotic speech. Then the 4th BHMS student Miss. Pinal chaudhari delivered an inspiring speech on the topic "Contribution of Tribal Heroes in the Freedom Struggle". After that Dr. Bhavin Modi on behalf of Principal Dr. Jyoti R. Rao addressed the doctors and students to make more and more progress for the betterment of the country and the name of the Institution.

On this auspicious occasion prize distribution of Live Anatomy Sketching Competition which was conducted on 19/12/2022. Prizes given to winners of the competition as Follows:

1st Prize : Sneha Pandidar & Charmi Mangukiya
2nd Prize : Aayushi Sanepara & Ankita Vadhel
3rd Prize - Unnati Tandel & Priya Shinde.

This competition was organized by HOD of Anatomy department Dr.Jayantilal J. Jain. The anchoring of this Programme was done by 4th BHMS student Dhankara Keval. After this all gathered for Vasant Panchami puja celebration. Trustees of the institute, College staff, Hospital Staff and Students worshipped maa saraswati with flowers. Then all dispersed after taking sweets. This program was conducted by the Activity Committee under the guidance of Principal.

## Agarwal Vidya Vihar English Medium College, Vesu, Surat.

### Debate Competitions



Agarwal Vidya Vihar English Medium College, Surat was organized Debate competition Dt. 2-8-2022 on various current affairs topics with a view to develop the communication skills of students and analytical skills.

### Poster Making Competitions



Agarwal Vidya Vihar English Medium College, Surat was organized Poster Making competition on Dt. 10/08/2022 on the theme of "Azadi ka Amrit Mahotsav" and Go Green.

### Selected in Inter College Cricket Team

T.Y.B.A. student Mohit Rana of Agarwal Vidya Vihar English Medium College has been selected in inter-college cricket tournament at Veer Narmad South Gujarat University cricket ground. This match is going to be held at Sikar, Rajasthan. Trustees, Director, I/c. Principal, and faculties of Agarwal Vidya Vihar English Medium College wish him best for the excellent performance in the match.

### Republic Day Celebration








The Republic day was celebrated with great enthusiasm and zeal in the campus of Agarwal Vidya Vihar. The flag was unfurled by the trust president Shree Subhash Bansal. Then the President Shree Subhash Bansal, Vice President Shree Sanjay Kumar Sarawagi, Secretary Shree Vinay L. Agarwal, Treasurer Shri Anilkumar P. Gupta, Joint Secretary Shri Narinderprakash G. Jindal, Joint Treasurer Shri Omprakash I. Jhunjhunwala, college advisor Dr. U.T.Desai and I/c Principal Dr. Gautam Dua saluted the National flag. The college students displayed the unity, discipline and Co-ordination in the National Cadet Corps (NCC). The students of college and school presented various cultural items. The programme was ended with the National song-Vande Mataram.

## Women Awareness Programme



Agarwal Vidya Vihar English Medium College conducted "Women Awareness Programme" to enable women and girls to make them aware of their legal rights, to help them understand the procedure and method of access to the legal systems. More than 120 students took part in this programme. Mrs. Mini Joseph (A.C.P. Mahila Cell Crime Branch, Surat) presented her talk on “Cyber Crime and safety.” Mr. B.J. Gamit (Women and Child officer, Surat) spoke on “Domestic violence Act.” Dr. Hetal Ramani (Professor at Law Collage, VNSGU) shared her views on “Sexual Harassment” Mrs. Smita Patel (Women Welfare Officer) threw some light on "Women’s scheme". Trustees, I/c. Principal, Director and faculties of Agarwal Vidya Vihar English Medium College congratulated them for such informative talks and enlighten the students.

## Udhna Citizen Commerce College & S.P.B. College of Business Administration & Smt. Diwaliben Harjibhai Gondalia College of BCA & I.T., Udhan, Surat.

### લોગો ડીઝાઈન સ્પર્ધા





ઉધના કૉલેજમાં ટેક આર્મી કલબ હેઠળ તા. ૧૧/૧/૨૦૨૩ના રોજ ડીઝાઈન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કૉલેજનાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં અંકુશ વિશ્વકર્માએ પ્રથમ, ભુષણ પાટિલએ દ્વિતિય અને ડાંગોડરા હાર્દિકએ તૃતિય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધાનું સફળ આયોજન પ્રાધ્યાપક સમીક્ષા ઝવેરી અને ડૉ. દિવ્યા જરીવાલાએ આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈ, ઉપાચાર્યશ્રી ડૉ. ડેઈઝી તેક્કનાલ, ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. તેજસ ઘડીયાળીનાં માર્ગદર્શન હેઠળ કર્યું હતું. સ્પર્ધાનાં નિર્ણાયક તરીકે પ્રા. રોનક શાહએ સેવા આપી હતી.

### ટ્રેઝર હન્ટ સ્પર્ધા





ઉધના કૉલેજમાં વુમન સેલ અંતર્ગત ટ્રેઝર હન્ટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કૉલેજની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરનાર ટીમનાં સભ્યો ભવ્યા મિશ્રા, દિયા રાણા અને હેતવી ત્રિવેદી, દ્વિતિય ક્રમ પ્રાપ્ત કરનાર ટીમનાં સભ્યો પ્રિયા ગૌડ, પ્રીતિ મોર્ય અને કૃતિકા પૂજારી અને તૃતીય ક્રમ પ્રાપ્ત કરનાર ટીમના સભ્યો રિયા તિવારી, લવલી સિંગ અને દીપા યાદવ રહ્યા હતા. સ્પર્ધાનું સંચાલન પ્રા. સમીક્ષા ઝવેરી અને પ્રા. જીનલ પુરોહિતએ આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈ, ઉપાચાર્યશ્રી ડૉ. ડેઇઝી તેક્કનાલ, ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. તેજસ ઘડીયાળીનાં માર્ગદર્શન હેઠળ કર્યુ હતું.

## ગાયન સ્પર્ધા






ઉધના કૉલેજ દ્વારા તા. ૪/૧/૨૦૨૩ના રોજ ગાયન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લઈ કર્ણ પ્રિય અવાજમાં ગીતો રજૂ કર્યા હતા. આ સ્પર્ધામાં તિવારી રોશની, મિશ્રા ટ્વિન્કલ અને ઠક્કર કેવલે અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધાનું સફળ આયોજન કરવા માર્ગદર્શન અને સહકાર આપવા બદલ કૉલેજની ગીત–સંગીત–નૃત્ય ધારાના સભ્યોએ કૉલેજના આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈ, ઉપાચાર્યશ્રી ડૉ. ડેઇઝી તેક્કનાલ, ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. તેજસ ઘડીયાળીનો આભાર વ્યકત કર્યો હતો. સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રા. ઉર્વશી મહિસુરી, પ્રા. ફૈસલ પટેલ અને ડૉ. બ્રિજેશ મહેતાએ સેવા આપી હતી.

## સમાપન કાર્યક્રમ







ઉધના એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ઉધના સિટીઝન કૉલેજમાં આચાર્ય ડૉ. મેહુલ દેસાઈના માર્ગદર્શન હેઠળ ઉધના કૉલેજ ક્રિકેટ પ્રીમિયર લીગ (UCCPL)નાં ભવ્ય સમાપન કાર્યક્રમનું આયોજન તા. ૩૦/૧૨/૨૦૨૨ના રોજ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર ટૂર્નામેન્ટનુંમાં કુલ ૪૯ મેચો કૉલેજનાં વિવિધ કલાસની ટીમ વચ્ચે યોજાઈ હતી. કૉલેજ સ્ટાફની ટીમ મેદાનમાં ઉતરી હતી. આ ટૂર્નામેન્ટમાં કુલ ૫૫૧૦ રન નોધાયા હતાં, ૩૪૪ વિકેટ પડી હતી તેમજ ૧૬૧ ચોગ્ગા અને ૪૮૮ સિકસર ફટકારવામાં આવ્યા હતા. સમાપન સમારોહમાં ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટનાં પ્રમુખશ્રી ભાણજીભાઈ પટેલ, ઉપપ્રમુખશ્રી નિરંજનભાઈ પટેલ, સહમંત્રીશ્રી નરેશભાઈ શાહ અને શ્રી પરિમલભાઈ ઉપસ્થિત રહ્યા હતા. કૉલેજ પ્રાધ્યાપક ડૉ. હોરમઝ પટેલ UCCPLનો અહેવાલ રજૂ કર્યો હતો. ટ્રસ્ટ પ્રમુખશ્રી ભાણજીભાઈ પટેલે મુખ્ય પ્રાયોજક NJ India Pvt. Ltd.નો તેમજ સમર્થન બદલ આભાર વ્યકત કર્યો હતો. આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈએ ગવર્નિંગ કાઉન્સિલ તથા જીમખાના સમિતિના સભ્યોનાં પ્રયાસોને બિરદાવ્યા હતા અને વિદ્યાર્થીઓને મેદાન પર અને બહાર રમત ગમતની ભાવના જાળવી રાખવા માટે પ્રેરિત કર્યા હતા.

કૉલેજ પ્રાધ્યાપક ડૉ. દર્શન મહેતાએ વિજેતા ખેલાડીઓનાં ઇન્ટરવ્યુ લીધા હતા. કૉલેજ પ્રાધ્યાપક ડૉ. પરીક્ષિત ઈચ્છાપોરિયાએ આભારવિધિ રજૂ કરી હતી. મેન ઓફ ધ મેચ રાજ કદમ (૬૩ રન અને ૧ વિકેટ ફાઈનલમાં) અને મેન ઓફ ધ સિરીઝ રામકુમાર (૨૫૪ રન અને ૯ વિકેટ ટૂર્નામેન્ટમાં)ને પુરસ્કારો સાથે ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. ટાઈટન્સે (SYBCOM-A) મેન્સ કેટેગરીમાં વિજેતા ટ્રોફી જીતી લીધી અને થાનોસ (SYBCA-F)ને રનર્સ અપ જાહેર કરવામાં આવ્યા.

કૉલેજમાં સૌ પ્રથમ વખત કૉલેજની વિદ્યાર્થીનીઓ માટે પણ ક્રિકેટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહેનોની કુલ ૪ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. મહિલા વર્ગ ફાઈનલમાં સુનામી (BCOM)એ જીત મેળવી હતી અને ફોનિક્સ-11 (Staff) રનર્સ અપ બની હતી. સમારોહ વિજેતા અને ઉપવિજેતા ટીમનાં ફોટોસેશન સાથે સમાપ્ત થયો હતો. કૉલેજ પરિવાર આ તબક્કે ટ્રસ્ટીશ્રીઓ, કૉલેજના ઉપાચાર્યો, તમામ સ્પર્ધકો, કૉલેજના વિદ્યાર્થીઓ તથા પ્રયોજકોનો આભાર વ્યકત કર્યા હતો.

## ફેશન શો






ઉધના કોલેનમાં ગીત સંગીત નૃત્ય અને નાટય ધારા અંતર્ગત તા. ૩૧/૧૨/૨૦૨૨ના રોજ ફેશન શો નું આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં મહિલા કેટેગરીમાં જરીવાલા ધ્રુવીએ પ્રથમ, રંગોળીયા પ્રિન્સીએ દ્વિતિય અને ઝા સૃષ્ટિએ તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. તેમજ પુરુષ કેટેગરીમાં હર્ષ બિસ્વાલ વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધાનાં સંચાલક કૉલેજ પ્રાધ્યાપક ડૉ. હેતલ શાહ અને પ્રા. ઉર્વશી મહીસુરી દ્વારા આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઇઝી તેક્કનાલ, ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર ડૉ. તેજસ ઘડીયાળીનો માર્ગદર્શન અને પ્રેરણા બદલ આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રાધ્યાપક ડૉ. હુરમઝ પટેલ, પ્રા. નિશા મેઘાત અને પ્રા. ફૈસલ પટેલે સેવા આપી હતી.

## Nail Art સ્પર્ધા



ઉધના કૉલેજમાં કળા કૌશલ્ય ધારા અંતર્ગત તા. ૧૦/૧/૨૦૨૩ના રોજ Nail Art સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં કૉલેજની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લઈ તેમની સર્જનાત્મકતા દર્શાવી હતી. સ્પર્ધામાં જરીવાલા ઈશિતાએ પ્રથમ, કુનાડીયા બંસરીએ દ્વિતિય અને પીપાલીયા ભૂમીએ તૃતિય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. સ્પર્ધાનાં આયોજક પ્રા. ડૉ. અમીન નાખુદા અને પ્રા. વિશ્વા મહેતાએ આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઈઝી ટેક્કનાલ, ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર ડૉ. તેજસ ઘડીયાળીનો માર્ગદર્શન અને સમર્થન બદલ આભાર વ્યકત કર્યો. નિર્ણાયક તરીકે પ્રા. રૂચી શાહ અને પ્રા. પારુલ બાબરીયાએ સેવા આપી હતી.

## કબડ્ડી ટુર્નામેન્ટ

ઉધના કૉલેજમાં ૧૦ મી જાન્યુઆરી ૨૦૨૩ના રોજ જીમખાના સમિતિ અંતર્ગત ઇન્ટર કલાસ કબડ્ડી ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં બી.કોમ, બી.બી.એ, અને બી.સી.એ.ની ૯ ટીમોએ ભાગ લીધો હતો. ઉદ્દઘાટન સમારોહમાં BBA ના ઉપાચાર્ય ડૉ. ડેઈઝી ટેક્કનાલ, જીમખાના સમિતિના સભ્યો અને વરિષ્ઠ ફેકલ્ટી સભ્યો હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. ટુનામેન્ટનો પ્રારંભ સવારે ૯:૦૦ કલાકે થયો હતો. આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ ફાઈનલ મેચમાં હાજર રહી તમામ સ્પર્ધાકોનુ મનોબળ વધાર્યુ હતુ. તેમણે મેચના અંતે વિજેતાઓને અભિનંદન પણ પાઠવ્યા હતા. ફાઈનલ મેચ SYBCOM અને FYBBA વચ્ચે રમાઈ હતી. ફાઈનલમાં ખૂબ જ રસપ્રદ અને રોમાંચક હતી જેમાં FYBBA ટીમે ૩૨ પોઈન્ટ મેળવ્યા હતા, જ્યારે SYBCOM ટીમ ૩૫ પોઈન્ટ મેળવી વિજેતા બની હતી. આ ટુર્નામેન્ટની સફળતા માટે સમિતિના તમામ સભ્યોએ સહયોગ આપ્યો હતો.






## રમત ગમત ક્ષેત્રે સિદ્ધિ

સુરત ડિસ્ટ્રિક્ટ વોલીબોલ એસોસિએશન દ્વારા આયોજિત સુરત ડિસ્ટ્રિક્ટ વોલીબોલ સિલેક્શન ટ્રાયલમાં ઉધના કૉલેજની ચાર વિદ્યાર્થીનીઓ રંગોળીયા પ્રિન્સી (SYBCA), પ્રજાપતિ સમીક્ષા (SYBCOM), અને પટેલ નિશા (SYBCOM) પસંદગી પામી મહેસાણા ખાતે ગુજરાત સ્ટેટ વોલીબોલ ચેમ્પિયનશીપમાં ભાગ લીધો હતો. આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈ તેમજ સમગ્ર સ્ટાફએ ખેલાડીઓને અભિનંદન આપી રાજ્યકક્ષાએ શ્રેષ્ઠ દેખાવ કરવા પ્રોત્સાહિત કર્યા હતા.





## સ્વામી વિવેકાનંદ જયંતીની ઉજવણી



ઉધના કૉલેજમાં સ્વામી વિવેકાનંદ જયંતિ નિમિત્તે તા. ૧૨/૧/૨૦૨૩ના રોજ સામુદાયિક સેવા ધારા અને યુનિવર્સિટી NSS વિભાગ દ્વારા તથા વિવેકાનંદ કેન્દ્રના ઉપક્રમે વિચાર ગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉધના કૉલેજને ડૉ. સંજયભાઈ પંડયાના વકતવ્યનો લાભ પ્રાપ્ત થયો હતો. આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈ તથા મહેમાનોએ દિપ પ્રગટાવી કાર્યક્રમની શરૂઆત કરી હતી. આચાર્યશ્રીએ ડૉ. સંજયભાઈ પંડયાને પુષ્પ અને ભેટ આપી આવકાર્યા હતા. આ કાર્યક્રમમાં કૉલેજના સ્ટાફમિત્રો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. NSS પ્રોગ્રામ ઓફીસર પ્રા. મહેશ પટેલે આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈ, મુખ્ય વકતાશ્રી ડૉ. સંજયભાઈ પંડયા તેમજ વિદ્યાર્થી મિત્રોનો આભાર વ્યકત કર્યો હતો.

## પોસ્ટર મેકિંગ સ્પર્ધા



ઉધના કૉલેજમાં ટેક આર્મી કલબ હેઠળ તા. ૧૧/૧/૨૦૨૩ના રોજ પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતુ. કૉલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈને ચિત્ર અને રંગમાં કૌશલ્ય બતાવ્યું હતું. આ સ્પર્ધામાં સાહિલ બુંદેલ, મિત ચંડેલ અને હર્ષ પટેલએ પ્રથમ, સમ્રાત જીકાદારાએ દ્વિતિય અને કુશ દેસાઈએ તૃતિય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધાનું સફળ આયોજન પ્રા. નિશા મેઘાત અને પ્રા. રોનક શાહએ આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈ, ઉપાચાર્યશ્રી ડૉ. ડેઝી તેક્કનાલ, ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર ડૉ. તેજસ ઘડીયાળીનાં માર્ગદર્શન હેઠળ કર્યુ હતું. સ્પર્ધાનાં નિર્ણાયક તરીકે કૉલેજ પ્રાધ્યાપક ડૉ. દિવ્યા જરીવાલાએ સેવા આપી હતી.

## ચિત્રકળા સ્પર્ધા



ઉધના કૉલેજમાં કલા કૌશલ્ય ધારા અંતર્ગત તા. ૯/૧/૨૦૨૩નાંરોજ ચિત્રકળા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કૉલેજનાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ તેમનું કૌશલ્ય દર્શાવયું હતું. આ સ્પર્ધામાં દીપ્તિમાઈ મોહંતી (SYBCOM)એ પ્રથમ, રાહુલ પટેલ (TYBCA)એ દ્વિતીય અને રાંદેરી યશ (SYBCA)એ તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધાનું આયોજન પ્રા. ડૉ. પ્રતિક્ષા દેસાઈ અને પ્રા. વિશ્વા મેહતાએ કર્યું હતુ. સમિતિનાં સભ્યોએ કૉલેજ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઈઝી તેક્કનાલ, ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર ડૉ. તેજસ ઘડીયાળીનો માર્ગદર્શન અને સમર્થન બદલ આભાર વ્યકત કર્યો હતો. સ્પર્ધાનાં નિર્ણાયક તરીકે એમ.જે.મહેતા પ્રાથમિક શાળાનાં શિક્ષક વિમલભાઈ ઉપાધ્યાય અને ભૂપેન્દ્રભાઈ પટેલએ સેવા આપી હતી.

## પ્રતિભા પર્વ – ૨૦૨૩

ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ઉધના કૉલેજમાં તા. ૧૭/૧/૨૦૨૩નાં રોજ પ્રતિભા પર્વ–૨૦૨૩ અંતર્ગત ૧૬ વિવિધ આંતર કૉલેજ સ્પર્ધા જેવી કે સ્વર, એક્ષટેમ્પર ઈલોકયુશન, બુક રીવ્યુ, લોકસભા ડિબેટ, ટ્રેઝર હન્ટ, સ્ટેન્ડ અપ કોમેડી, આઈ.ટી.કિવઝ , સ્કેવેન્જર હન્ટ, પ્રેઝેન્ટેશન સ્કીલ, એડ મેડ, ફેશન શો, ફિટનેશ ચેલેન્જ, માઈન્ડ સ્ટોમર્સ, બ્રાઈડલ મેક અપ, શાર્ક ટેંક, અને સ્ટોક માર્કેટનુંઆયોજન કરવામાં આવ્યું હતું જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગન ૩૫ કોલેજોમાંથી ૫૦૦ જેટલા વિદ્યાર્થી ભાઈ–બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ટ્રસ્ટ પ્રમુખશ્રી ભાણજીભાઈ પટેલે પ્રાસંગીક ઉદ્દબોધન કર્યું હતું. ઉપપ્રમુખશ્રી નિરંજનભાઈ પટેલ, મંત્રીશ્રી કાંતિલાલ પટેલ, ખજાનચીશ્રી અમૃતભાઈ પટેલ, સહમંત્રીશ્રી નરેશભાઈ શાહ અને ટ્રસ્ટીશ્રી કલ્પેશભાઈ ગાંધી સર્વે હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહન પૂરું પાડયું હતું. આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈએ શાબ્દિક આવકાર આપી સ્પર્ધકોને શુભેચ્છાઓ પાઠવી હતી. આ ભવ્ય કાર્યક્રમનું આયોજન આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈનાં માર્ગદર્શન હેઠળ થયું હતું. કાર્યક્રમની સફળતામાં પ્રતિભા પર્વ કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. ડેઈઝી ટેક્કનાલ, કો કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. ત્વિષા પરમાર, ઓર્ગેનાઈઝ સેક્રેટરી ડૉ. ધવલ પંડયા, કોર કમિટીનાં સભ્યો પ્રા. જીનલ પુરોહિત, પ્રા.ફૈસલ પટેલ અને પ્રા.રશ્મી પટેલ તેમજ કૉલેજનાં તમામ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓએ યોગદાન આપ્યું હતું.






## ટેટુ બનાવવાની સ્પર્ધા





ઉધના કૉલેજમાં કલા કૌશલ્ય ધારા અંતર્ગત તા. ૧૯/૧/૨૦૨૩ના રોજ ટેટુ બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કૉલેજનાં વિદ્યાથીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં કીર્તન જીસાબ અને પટેલ ગર્વ (FYBCA)એ પ્રથમ, નલિયાદ્રા બંસરી અને ભારતી ધિંગ (FYBCOM)એ દ્વિતિય અને મૌર્ય કાજલ અને

મૌર્ય આંચલ (FYBCOM)એ તૃતિય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધાનું આયોજન પ્રાધ્યાપક ડૉ. બ્રિજેશ મહેતા અને પ્રા. રોનક વાડીવાલાએ કર્યું હતું. સમિતિનાં સભ્યોએ આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્યશ્રી ડૉ. ડેઇઝી તેક્કનાલ, ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઑર્ડિનેટર ડૉ. તેજસ ઘડીયાળીનો માર્ગદર્શન અને સમર્થન બદલ આભાર વ્યક્ત કર્યો હતો. સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રા. ડૉ. રુદ્રી પુરોહિત અને પ્રા. બેનાઈફર ડુમસિયાએ સેવા આપી હતી.

## એડ મેડ સ્પર્ધા



ઉધના કૉલેજમાં સર્જનાત્મક અભિવ્યકિત ધારા અંતર્ગત એડ મેડ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કૉલેજનાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમ TYBBA [B] ની ટીમને પ્રાપ્ત થયો હતો જેનાં સભ્યો લીબાણી આયુષી, પાસ્તાકિયા માઝદાયસ, ઠુમ્મર હર્ષ અને બોથરા જૈનશ હતા. આ સ્પર્ધામાં દ્વિતીય ક્રમ SYBCOM [C] ની ટીમને પ્રાપ્ત થયો હતો જેના સભ્યો પ્રેક્ષા પાટીલ, કૃપા પટેલ, નિષાદ શેઠ અને અદિતિ પટેલ હતાં. આ સ્પર્ધાનું સફળ આયોજન પ્રાધ્યાપક ડૉ. હોરમઝ પટેલ અને ડૉ. મયુર જોશીએ આચાર્ય ડૉ. મેહુલ પી. દેસાઈ, ઉપાચાર્યશ્રી ડૉ. ડેઝી તેક્કનાલ, ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઑર્ડિનેટરશ્રી ડૉ. તેજસ ઘડીયાળીનાં માર્ગદર્શન હેઠળ કર્યું હતું. સ્પર્ધાનાં નિર્ણાયક તરીકે કૉલેજ પ્રાધ્યાપક ડૉ. ગૌતમ ડોંગા અને પ્રા. શિવમ શાહએ સેવા આપી હતી.

## આંતર કૉલેજ સ્પર્ધામાં સિદ્ધિ




ઉધના કૉલેજનાં વિદ્યાર્થીઓએ તા. ૧૮/૧/૨૦૨૩ના રોજ સી.બી.પટેલ નવનિર્માણ કૉલેજ, સુરત ખાતે યોજાયેલ વિવિધ આંતર કૉલેજ સ્પર્ધામાં ભાગ લીધો હતો જેમાં SYBBAમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ નિખિલ કુશવાહા અને મયુર શર્માએ ફોટોગ્રાફીમાં પ્રથમ, TYBBAમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ આયુષી લિંબાની અને હર્ષ ઠુમ્મરએ પોસ્ટર મેકિંગમાં પ્રથમ, SYBBAમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી દાણેજ દિશાંતએ સિંગિંગમાં દ્વિતિય અને TYBCOMમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ક્રીતેશ દીક્ષિતએ ટેકટોનિકસમાં તૃતિય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈ તથા સમગ્ર સ્ટાફનાં સભ્યોએ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતાં.

## સ્પોર્ટ્સ ડે ની ઉજવણી





ઉધના કૉલેજમાં તા. ૨૧/૧/૨૦૨૩નાં રોજ સ્પોર્ટ્સ ડે નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કૉલેજનાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ દિવસે ભાઈઓ અને બહેનો માટે કુલ ૮ વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બેડમિન્ટન, ચેસ, ૧૦૦ મીટર દોડ, રોપ સ્કીપીંગ, ટેબલ ટેનીસ, વોલીબોલ, ટગ ઓફ વોર અને શોટ પૂટનો સમાવેશ થાય છે. આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈએ સ્પોર્ટ્સ ડેનું ઉદ્ઘાટન કરી વિદ્યાર્થીઓને ખેલદિલી પૂર્વક રમત રમવા માટે પ્રોત્સાહિત કર્યા હતાં. સ્પોર્ટ્સ ડે નાં સફળ આયોજનમાં ઉપાચાર્યશ્રી ડૉ. ડેઈઝી તેક્કનાલ, ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઑર્ડિનેટર ડૉ. તેજસ ઘડીયાળીએ જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. કૉલેજનાં તમામ શૈક્ષણિક અને વહીવટી સ્ટાફએ સ્પોર્ટ્સ ડે ને સફળ બનાવવામાં યોગદાન આપ્યું હતું.

## આંતર કૉલેજ સ્પર્ધામાં સિદ્ધિ



ઉધના કૉલેજનાં વિદ્યાર્થીઓએ તા. ૩/૧/૨૦૨૩ના રોજ અમરોલી કૉલેજ ખાતે યોજાયેલ વિવિધ આંતર કૉલેજ સ્પર્ધા–ઝીલમાં ભાગ લીધો હતો. TYBBAમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ટીમ જૈનેશ બોથરા, મઝદાયસ પસ્તાકિયા, આયુષી લિમ્બાની અને હર્ષ ઠુમ્મરએ Ad Paint સ્પર્ધામાં તૃતિય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. કૉલેજ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ તથા સમગ્ર સ્ટાફનાં સભ્યોએ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

## ૪૯ યુવા મહોત્સવમાં સિદ્ધિ



ઉધના કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ક્રિતેશ દીક્ષિત (TYB.COM) એ યુનિવર્સિટી દ્વારા આયોજિત ૪૯માં યુવા મહોત્સવ અંતર્ગત એક પાત્રીય સ્પર્ધામાં ભાગ લઈ દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. ક્રિતેશએ એક પિતા અને પુત્રી વચ્ચેનાં પ્રેમ અને લાગણીનું વર્ણન કરતો સુંદર અભિનય કર્યો હતો. આ સિદ્ધિ બદલ આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈ તેમજ સમગ્ર કૉલેજ પરિવારે વિજેતા ક્રિતેશને અભિનંદન પાઠવ્યાં હતાં.

## ઈન્ટર કૉલેજ સાયકલિંગ ચેમ્પિયનશિપમાં સિદ્ધિ

ઉધના કૉલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, વ્યારા દ્વારા આયોજિત VNSGU ઈન્ટર કૉલેજ રોડ સાયકલિંગ ચેમ્પિયનશિપમાં ભાગ લીધો હતો. જેમાં FYBCOMમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી રોનિત પટેલે દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. FYBCOMમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી મુકેશ નાગપુરેએ પાંચમું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ બંને ખેલાડીઓને ઔરંગાબાદ ખાતે યોજાનારી ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી સાઈકલિંગ ચેમ્પિયનશિપ માટે પસંદગી કરવામાં આવી છે. આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈએ બંને વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા અને તેમને રાષ્ટ્રીય સ્તરે વધુ સારું પ્રદર્શન કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.



## સેમિનાર

ઉધના કૉલેજમાં તા. ૩૧/૧/૨૦૨૩ના રોજ સામુદાયિક સેવા ધારા અંતર્ગત નેતાજી સુભાષચંદ્ર બોસની ૧૨૬મી જન્મ જયંતી નિમિત્તે કર્તવ્ય બોધ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં કૉલેજનાં કર્મચારીઓ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. મુખ્ય વકતા બાલાજી રાજે, કો–ઓર્ડિનેટર સેન્ટર ફોર હિંદુ સ્ટડી અને IAS/IPS ટ્રેનીંગ સેન્ટર VNSGU દ્વારા વિદ્યાર્થીઓને નેતાજી સુભાષચંદ્ર બોસ વિશે કેટલીક રસપ્રદ માહિતી આપવામાં આવી હતી. આ સમારોહનું આયોજન પ્રા. ચિરાગ પટેલ અને ડૉ. બ્રિજેશ મહેતા દ્વારા આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્યશ્રી ડૉ. ડેઈઝી તેક્કનાલ, ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર ડૉ. તેજસ ઘડીયાળીનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.



## વિદાય સમારંભ

ઉધના કૉલેજમાં તા. ૩૧/૧/૨૦૨૩ ના રોજ, ડૉ. ત્વિષા જે. પરમાર, HOD, અર્થશાસ્ત્ર વિભાગ, અમેરિકા જઈ રહ્યા હોવાથી તેમના વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટના ઉપપ્રમુખશ્રી નિરંજનભાઈ પટેલ અને સહ મંત્રીશ્રી

નરેશભાઈ શાહ હાજર રહ્યા હતા. શ્રી નિરંજનભાઈ પટેલે ડૉ. ત્વિષા પરમારને પુષ્પગુચ્છ અને પ્રશિસ્તપત્ર અર્પણ કર્યું હતું. આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈએ તેમનાં ભવિષ્યમાં સફળતાની શુભેચ્છા પાઠવતા સ્મૃતિ ચિહ્ન અર્પણ કર્યું હતું. ડૉ. ડેઝી તેક્કનાલ, ડૉ. મનિષ કાયસ્થ અને ડૉ. તેજસ ઘડિયાળીએ તેમનું અભિવાદન કર્યું અને કેટલીક યાદગાર પળો શેર કરી. ડૉ. ધવલ પંડયાએ અર્થશાસ્ત્ર વિભાગ વતી તેમના યોગદાનની પ્રશંસા કરી. શ્રી દિવ્યેશ દવેએ વહીવટી કર્મચારીઓની લાગણી રજૂ કરી હતી. ડૉ. પર્લ ખરાસ અને ડૉ. ક્રિના શાહે પણ પોતાની લાગણી વ્યકત કરી હતી. અંતે ડૉ. ત્વિષા પરમારે કૉલેજમાં તેમના કાર્યકાળને યાદગાર બનાવવા બદલ ટ્રસ્ટ અને કૉલેજ પરિવારનો આભાર વ્યકત કર્યો હતો. વકતાઓ દ્વારા કેટલીક પ્રાસંગિક ટિપ્પણીઓએ વાતાવરણને હળવું અને જીવંત બનાવ્યું હતું.





## પ્રજાસત્તાક દિનની ઉજવણી

ઉધના કોલજ કેમ્પસમાં તા. ૨૬/૧/૨૦૨૩ના રોજ શાળા અને કૉલેજનાં કર્મચારીઓની હાજરીમાં ૭૪માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. કૉલેજની વિદ્યાર્થીની પ્રિન્સી રંગોળીયા અને શાળાનાં વિદ્યાર્થીઓ દ્વારા ડ્રીલ કરવામાં આવી હતી. મુખ્ય મહેમાન શ્રી હર્ષવર્ધન ચોખાવાલા (ચેરમેન, સુરત નેશનલ કો.ઓ.બેંક લી.)એ ધ્વજવંદન કર્યું હતું અને શ્રી કૃષ્ણકાંત મશરુવાલા (ઉપચેરમેન, સુરત નેશનલ કો.ઓ. બેંક લી.)એ શાળા કૉલેજનાં કર્મચારીઓને સંભાોધન કર્યું હતું. આ પ્રસંગે ઉધના એકેડેમી એજ્યુકેશન ટ્રસ્ટનાં પ્રમુખશ્રી ભાણજીભાઈ પટેલ, ઉપપ્રમુખશ્રી નિરંજનભાઈ પટેલ, મંત્રીશ્રી કાંતિલાલ પટેલ, સહમંત્રીશ્રી નરેશભાઈ શાહ હાજર રહ્યા હતા. આ પ્રસંગે તમામ ઉપસ્થિતોએ રાષ્ટ્રધ્વજને સલામી આપી રાષ્ટ્રગીત ગાયું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનાં અંતમાં શાળાનાં વિદ્યાર્થીએ દેશભકિત ગીત ગાયું હતું.





## ક્રિકેટ ટુર્નામેન્ટમાં વિજય



ઉધના કૉલેજનો VT ચોકસી લો કૉલેજ VNSGU સામે 'A' ઝોન ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રથમ રાઉન્ડ તાજેતરમાં યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે યોજાયો હતો. ઉધના કૉલેજની ટીમે વિપક્ષી ટીમને ૧૪૫ રનમાં ઓલઆઉટ કરી માત્ર ૫

વિકેટે 146 રન બનાવી મેચ જીતી હતી. કૉલેજ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈએ ક્રિકેટ ટીમનાં ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા અને બીજા રાઉન્ડમાં વધુ સારું પ્રદર્શન કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

## આંતર કૉલેજ સ્પર્ધામાં સિદ્ધિ

ઉધના કૉલેજનાં વિદ્યાર્થીઓએ તા. ૨૦/૧/૨૦૨૩ નાં રોજ સાસ્કમા કૉલેજ, સુરત અને તા. ૨૪/૦૧/૨૦૨૩નાં રોજ ડી.આર.બી. કૉલેજ, સુરત ખાતે યોજાયેલ વિવિધ આંતર કૉલેજ સ્પર્ધામાં ભાગ લીધો હતો જેમાં ડી.આર.બી કૉલેજમાં યોજાયેલ વકતૃત્વ સ્પર્ધામાં TYBCOMમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની દેરિયા કાજોલે પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો અને સાસ્કમા કૉલેજમાં યોજાયેલ વકૃતત્વ સ્પર્ધામાં TYBBA માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની આયુષી લિંબાનીએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ તથા સમગ્ર સ્ટાફનાં સભ્યોએ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.





## ઔદ્યોગિક મુલાકાતનું આયોજન

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે, ઉધના કૉલેજ દ્વારા SYBBA વિદ્યાર્થીઓ માટે અદાણી પોર્ટ, હજીરા સુરત ખાતે તા. ૨૫/૧/૨૦૨૩ અને તા. ૨૭/૧/૨૦૨૩ના રોજ ઔદ્યોગિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મુલાકાતનો હેતુ પ્રાયોગિક જ્ઞાન અને સૈદ્ધાંતિક શિક્ષણ વચ્ચેના વિશાળ અંતરને દૂર કરી વિદ્યાર્થીઓને વિવિધ બાબતો વિશે માહિતગાર કરવાનો હતો. કૉલેજના આશરે ૧૦૦ વિદ્યાર્થીઓએ કંપનીની મુલાકાત લીધી છે. આ મુલાકાતનું આયોજન પ્રા. ડૉ. હોરમઝ પટેલ, ડૉ. રુદ્રી પુરોહિત, પ્રા. પ્રીતિ પટેલ અને ડૉ. ગૌતમ ડોંગા દ્વારા આચાર્યશ્રી ડૉ. મેહલ દેસાઈ, ઉપાચાર્યશ્રી ડૉ. ડેઝી તેક્કનાલ, ડૉ. મનીષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર ડૉ. તેજસ ઘડિયાળીનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.






## Smart Banking Certificate કોર્ષની શરૂઆત

ઉધના કૉલેજમાં તા. ૩૧/૧/૨૦૨૩નાં રોજ Smart Banking Certificate કોર્ષનાં ઉદ્ઘાટન સમારોહનું આયોજન ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટનાં ઉપપ્રમુખશ્રી નિરંજનભાઈ પટેલ અને સહમંત્રી શ્રી નરેશભાઈ શાહની હાજરીમાં કરવામાં આવ્યું હતું. આ કોર્ષનો મુખ્ય હેતુ Industry અને Academic (વચ્ચે વધતા જતાં તફાવતને ઓછો કરી વિદ્યાર્થીઓને બેન્કિંગ ક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દી માટે તૈયાર કરવાનો છે.) સમારોહનાં મુખ્ય મહેમાનશ્રી હિતેશભાઈ શાહ, CEO સુરત નેશનલ કો.ઓ. બેંક દ્વારા વિદ્યાર્થીઓને આ કોર્ષનું મહત્વ સમજાવી તેમને કોર્ષમાં જોડાવવા પ્રોત્સાહિત કર્યા હતા. આ VNSGU Certified કોર્ષ Knowledge Partner Bankera નાં સહયોગથી શરૂ કરવામાં આવ્યો છે. આ કોર્ષનું સંચાલન કૉલેજનાં BBA વિભાગનાં ઉપાચાર્ય ડૉ. ડેઝી તેક્કનાલ અનેપ્રા. બિનાઈફર ડુમસિયા દ્વારા કૉલેજ આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.



## યુનિવર્સિટી ગ્રંથાલય

### Footfall : Dt. 01-01-2023 to 31-01-2023

| Detail | Description | Jan.-2023 | |
|---|---|---|---|
| User | Visitors | 3309 | |
| | Internet Lab User | 67 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 3 | |
| | UG/PG Students | 39 | |
| | Research Scholars | 18 | |
| | Non Teaching Staff | 0 | |
| | Online Users | 23 | |
| | Visitors | 13 | |
| | Total | | 3449 |

Soursce: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| January-2023 | 773 | 641 |

Soursce: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર : ખરાઈ પ્રમાણપત્ર (તા. ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | January-2023 | 10 |

Soursce : Ms. Mitali Patel, Jr. Cleark, Circulation Section.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | January-2023 | 11 |

Soursce: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | January-2023 | 10 |

Soursce: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University,Surat.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. R. C. Gadhvi**
Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayan@vnsgu.ac.in

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in